# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 40 ■ વિક્રમ સંવત ૨૦૮૨

માઘ વદ - 30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 February 2026, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



## વિશ્વના સૌથી અનોખા 2026 ના પ્રવાસ - હવે FORAM WORLDWIDE સાથે

PURE VEG JAIN

### CHINA - 14 DAYS



MAR : 19 | APR : 2,16,30 | MAY : 14,28

3 NIGHTS YANGTZE RIVER CRUISE (ONLY WITH FORAM WORLDWIDE)

BEIJING | GREAT WALL OF CHINA | XI'AN | CHENGDU | CHONGQING | YANGTZE RIVER CRUISE | ZHANGJIAJIE | SHANGHAI

- INTERNATIONAL AIRFARE, 3 BULLET TRAIN, 1 INTERNAL FLIGHT
- દરેક સ્થળે 5 સ્ટાર હોટેલ માં મુકામ
- Xi'an અને Terracotta Army સામેલ – ઘણી ટુરો આ મુખ્ય સ્થળ ચૂકી જાય છે
- GAINT PANDA BREEDING CENTER ની મુલાકાત
- 3 રાતનો લક્ઝરી Yangtze River Cruise
- The Great Wall – એક્સક્લૂઝિવ અને પ્રીમિયમ વ્યૂપોઈન્ટ
- સંપૂર્ણ Zhangjiajie અનુભવ: Avatar Mountains, Bailong Elevator, Glass Bridge
- Tianmen Mountain સાથે Heaven's Gate નો અદ્દભૂત અનુભવ
- Bullet Trains + Internal Flight સાથે સ્મૂથ અને આરામદાયક મુસાફરી
- રાજસ્થાની મહારાજ દ્વારા શુદ્ધ શાકાહારી અને જૈન ભોજનની સુવિધા
- સમગ્ર સફરમાં અનુભવી ભારતીય Tour Manager ની માર્ગદર્શન સેવા

### JAPAN



CHERRY BLOSSOM TOUR - 11 DAYS

ALPINE TOUR - 12 DAYS

MAR : 19,21,23,24,25,26,31

APR : 2,5,8,11,16,20,28 | MAY : 10,22

TOKYO | HAKONE | NAGOYA | KYOTO | KOBE | HIROSHIMA | OSAKA | NAGANO | TATEYAMA | TOYAMA

- 3D TEAM LAB
- શિંજુકુ ગાર્ડન
- Kimono Dressing
- Imperial Palace
- Tokyo Sky Tree (350m)
- આસાકુસા ટેમ્પલ
- સુમિદા રિવર ક્રુઝ
- Todaiji Temple અને Nara Deer Park
- Hakone રોપવે સાથે Lake આશી ક્રુઝ
- MT FUJI - લેવલ 5
- Umeda Sky Tower
- બામ્બુ Forest
- Osaka Castle (From inside)
- Osaka Aquarium
- બુલેટ ટ્રેન MUSEUM

- INTERNATIONAL AIRFARE
- ૨ થી ૩ બુલેટ ટ્રેન ની મુસાફરી
- ઓસાકા CASTLE
- દરેક સ્થળે 5 સ્ટાર હોટેલ માં મુકામ
- રાજસ્થાની મહારાજ દ્વારા શુદ્ધ શાકાહારી અને જૈન ભોજનની સુવિધા

FORAM® WORLDWIDE #ChaloForamKeSang

### EGYPT - 10 DAYS



5 STAR NILE RIVER CRUISE STAY (ONLY WITH FORAM WORLDWIDE)

MAR : 17 | APR 8

CAIRO | ALEXANDRIA | NILE RIVER CRUISE | LUXOR | ASWAN | HURGHADA





- 4-5 સ્ટાર હોટલો માં મુકામ
- મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન
- SAND BUGGY & CAMEL RIDE WITH QUAD BIKING
- NILE RIVER DINNER CRUISE સાથે BELLY DANCE SHOW
- DESERT SAFARI સાથે મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ડિનર
- HURGADA માં ALL INCLUSIVE હોટલ માં 2 રાત્રી
- CAIRO માં 4 રાત્રી
- 3 રાત્રી NILE RIVER CRUISE ની મુસાફરી
- GIZA PYRAMIDS ની મુલાકાત
- LUXOR TEMPLE
- VALLEY OF KINGS ની મુલાકાત
- GREAT SPHINX ની મુલાકાત
- INTERNAL FLIGHT ટુર કોસ્ટ માં સમાવેશ

### SOUTH AFRICA - 12 DAYS



APR : 24 | MAY : 1,8,15 | JUN : 1,12

CAPE TOWN | GEORGE | HERMANUS | SUNCITY | MABULA | JOHANNESBURG

- 2 જંગલ સફારી (Game Drive) સાથે મબુલા માં રાત્રી મુકામ
- સન સીટી પેલેસ હોટેલ માં મુકામ એ પણ રાજસ્થાની મહારાજ સુવિધાઓ સાથે
- ગાર્ડન રૂટ ના સુંદર શહેર જ્યોર્જ માં 4 રાત્રી નો યાદગાર મુકામ
- કેંગો કેવ્સ અને ઓસ્ટરીચ ફાર્મ
- કેપટાઉન સીટી સેન્ટર હોટેલ માં આવેલ 4 સ્ટાર હોટેલ માં ૩ રાત્રી નો મુકામ.
- હેલીકોપ્ટર રાઇડ
- કેપ પેનિનસુલા ટુર
- સીલ આઈલેન્ડ બોટ ટુર
- કેબલ કાર સાથે ટેબલ માઉન્ટેન ટુર
- પેંગ્વીન પાર્ક
- વોલ્ક WITH LION
- મોઝેલ બે માં સ્પીડ બોટ રાઈડ
- કેપ પોઈન્ટ પર Funicular Ride
- V & A વોટરફ્રંટ મોલ માં શોપિંગ
- 1 ઈન્ટરનલ ફ્લાઈટ
- દરેક સ્થળે 4/5 સ્ટાર હોટલો માં મુકામ

SCAN HERE

**DINESH 8591728602 | BHAKTI 9321236935 | TIRATH 8591069803 | DHRUV 8169369686 | FORAM 9324366095**

HEAD OFFICE: ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. MUMBAI. TEL: 022 61596900

BRANCH : SAI INFOTECH, 308, PATEL CHOWK. GHATKOPAR EAST. MUMBAI. TEL: 022 67295000

WWW.FORAMWORLDWIDE.COM | INFO@FORAMWORLDWIDE.COM | FOLLOW US ON | OTHER OFFICES AHMEDABAD | SURAT | PUNE | USA | UAE

# ગુજરાતની પચીસથી વધુ સ્કૂલને બૉમ્બથી ઉડાવી દેવાની ફરી ધમકી મળી, મોદી-શાહ નિશાના પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની ૨૫થી વધુ સ્કૂલોનો બૉમ્બથી ઉડાવી દેવાની ફરી ધમકી આપવામાં આવી હતી. ડીપીએસ, ડીએવી સહિતની સ્કૂલોને ખાલિસ્તાની સંગઠન દ્વારા ધમકી આપવામાં આવી હતી. સ્કૂલોને મોકલવામાં આવેલા ઈમેલમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહને ટાર્ગેટ કરાયા હતા. ઈમેલમાં ગુજરાત ખાલિસ્તાન બનશે, હિન્દુસ્તાનના બે ટુકડા થશે તેમ લખવામાં આવ્યું હતું. અમદાવાદ અને વડોદરાની સ્કૂલોને મોકલવામાં આવેલા ધમકીભર્યા ઈમેલ બાદ વાલીઓ તેમના સંતાનોને લેવા સ્કૂલ પર પહોંચી ગયા હતા. ઉપરાંત જે સ્કૂલોને ધમકી મળી ત્યાં પોલીસ, ફાયરબ્રિગેડ, બોમ્બ સ્કવોડ, ડોગ સ્કવોડની ટીમે પહોંચીને તપાસ શરૂ કરી હતી.

અમદાવાદની ડીએવી ઇન્ટરનેશનલ સ્કૂલ - મકરબા, એશિયા સ્કૂલ - વસ્ત્રાપુર, એ વન સ્કૂલ - સેટેલાઇટ, અંકુર ઇન્ટરનેશનલ સ્કૂલ - કૃષ્ણનગર, સંત કબીર - નવરંગપુરા, સિલ્વર બેલ સ્કૂલ - બાપુનગર, તુલીપ ઇન્ટરનેશનલ સ્કૂલ - બોપલ, એસજીવીપી ગુરુકુળ, એ.જી. હાઈસ્કુલ - નવરંગપુરા, જે.જી. ઇન્ટરનેશનલ સ્કૂલ, દિવાન બલ્લુભાઈ, સી.એન વિદ્યાલય, વિજયનગર સ્કૂલ, ખાલસા લિટલ સ્કૂલ - બાપુનગર, જીવીબા સ્કૂલ - ઘોડાસરને ધમકી ભર્યો ઈમેલ મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વડોદરાની ડી. આર. અમીન - વાસણા રોડ, ઉર્મી - સમાસાવલી, નાલંદા - વાઘોડિયા રોડ, બરોડા હાઈસ્કૂલ - બગીખાના, નવયુગ - સમા, જીવન સાધના - નાઘરવાડા, એડબલ્યુએસ - ડભોઇ, શાનેન - ખોડિયારનગર, જીપીએસસ્કૂલ - વાઘોડિયા, બ્રાઈટ ડે સ્કૂલ - વાસણા, આત્મીય વિદ્યાલય, ડોન બોસ્કો - મકરપુરા રોડ, અમેરિકન સ્કૂલ - કપુરાઇ, ગ્રીન વેલી સ્કૂલ ભીમપુરાને ધમકી મળી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર તમામ શાળામાં ચેકિંગ હાથ ધરાયું હતું અને દર વખતની જેમ શાળામાં કંઇ વાંધાજનક મળ્યું નથી. જોકે આ પ્રકારના ઈમેલને લીધે સ્કૂલ સંચાલકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ ચિંતામાં મુકાઈ ગયા હતા. અગાઉ પણ આ રીતે અમદાવાદ અને વડોદરાની સ્કૂલોને ધમકી મળી હતી.

# આજે ગાંધીનગરમાં અમિત શાહના અધ્યક્ષ સ્થાને સહકાર પ્રધાનોની ‘મંથન બેઠક’નું આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ‘સહકારથી સમૃદ્ધિ’ના સંકલ્પને વધુ વેગ આપવા માટે ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર મંત્રીઓની ઉચ્ચસ્તરીય ‘મંથન બેઠક’ યોજાશે. બેઠકનું અધ્યક્ષસ્થાન કેન્દ્રીય ગૃહ અને સહકારિતા પ્રધાન અમિત શાહ સંભાળશે.

સહકાર ક્ષેત્રની મંથન બેઠક અંગે વધુ વિગતો આપતા સહકાર પ્રધાન જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, આ પરિષદના ઉદ્‌ઘાટન સત્રમાં ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી તેમજ સમગ્ર પરિષદ દરમિયાન કેન્દ્રીય સહકાર રાજ્ય પ્રધાન કૃષ્ણ પાલ, કેન્દ્રીય સહકાર રાજ્ય પ્રધાન મુરલીધર મોહોલ, દેશના વિવિધ રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોના સહકાર પ્રધાનઓ અને સચિવ કક્ષાના ઉચ્ચ સનદી અધિકારીઓ ઉપસ્થિત રહેશે. સહકાર ક્ષેત્રની રાષ્ટ્રીય કક્ષાની મંથન બેઠકની પ્રથમ આવૃત્તિ દિલ્હી ખાતે યોજાઈ હતી અને બીજી આવૃત્તિ ગાંધીનગર ખાતે યોજાઈ રહી છે, જે ગુજરાત માટે ગર્વની ક્ષણ છે.

તેમણે જણાવ્યું હતું કે, મંથન બેઠકમાં મુખ્યત્વે દેશભરમાં ૨ લાખ નવી એમપીએસીએસ ડેરી અને મત્સ્ય મંડળીઓની સ્થાપનાની સમીક્ષા, વિશ્વની સૌથી મોટી અનાજ સંગ્રહ યોજના અંતર્ગત આધુનિક ગોદામોનું નિર્માણ, સહકારી ખાંડ મિલોની આર્થિક સક્ષમતા અને સહકારી બેંકોના પડકારોનું નિવારણ તેમજ નેશનલ કોઓપરેટિવ ડેટાબેઝ અને સંસ્થાઓનું કોમ્પ્યુટરાઈઝેશન જેવા મહત્ત્વપૂર્ણ વિષયો અંગે સામૂહિક મંથન કરવામાં આવશે.

આ પરિષદ દરમિયાન કેન્દ્રીય સહકારિતા પ્રધાનના હસ્તે સહકારી સંસ્થાઓ અને એપીએમસીના રૂ. ૨૫૦ કરોડથી વધુના વિવિધ પ્રોજેક્ટસનું લોકાર્પણ તેમજ વિવિધ રાજ્યોની શ્રેષ્ઠ પદ્ધતિઓ અને ‘આંતરરાષ્ટ્રીય સહકારિતા વર્ષ ૨૦૨૫’ પરના એક વિશેષ અહેવાલનું વિમોચન કરવામાં આવશે. આ ઉપરાંત દિવસ દરમિયાન સહકાર મંત્રાલયની મુખ્ય પહેલો અને ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન અને છત્તીસગઢ રાજ્યની પરિવર્તનકારી પહેલોને પણ આ પરિષદમાં રજૂ કરવામાં આવશે.

જીતુ વાઘાણીએ ગુજરાતની સહભાગિતા અંગે જણાવ્યું હતું કે, મંથન બેઠકના બીજા સત્રમાં ગુજરાતમાં કો-ઓપરેશન અમોંગ ધ કો-ઓપરેટીવ પહેલની સફળતા અંગે એક વિશેષ પ્રસ્તુતિ રજૂ કરવામાં આવશે. કો-ઓપરેશન અમોંગ ધ કો-ઓપરેટીવના માધ્યમથી ગુજરાતમાં નવા ૩૩ લાખ બેંક એકાઉન્ટ ખોલવામાં આવ્યા છે, ૧૯ લાખ પશુપાલકોને આરયુપીએવાય છીડ્ડુ ડેબિટ કાર્ડ અને ૨૨ લાખ ખેડૂતોને કેસીસીથી જોડવામાં આવ્યા છે તથા ૧૨,૬૨૪ માઇક્રો એટીએમ દ્વારા દર મહિને ૨૨ લાખ ડિજિટલ ટ્રાન્ઝેક્શન થાય છે.

આ પરિષદ અંતર્ગત મહાત્મા મંદિર ખાતે યોજાનારી પ્રદર્શની અંગે સહકાર પ્રધાને હતું કે, મંથન બેઠક પૂર્વે કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રી મહાત્મા મંદિર ખાતે આયોજિત એક વિશેષ સહકારિતા પ્રદર્શનીનો શુભારંભ કરાવશે. જેમાં એનડીડીબી, એનએફડીબી, એનસીડીસી, આઇએફએફસીઓ, એનસીઇએલ, એનસીઓએલ, બીબીએસએસએલ, જેવી રાષ્ટ્રીય સ્તરની તેમજ અમૂલ (જીસીએમએમએફ), બનાસ ડેરી, ગુજકોમાસોલ અને ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંક જેવી ગુજરાતની અગ્રણી સહકારી સંસ્થાઓ મળી કુલ ૨૦ સંસ્થાઓ પોતાના સ્ટોલ પ્રદર્શિત કરશે.

# ગુજરાતમાં ફરી ડબલ ઋતુઃ બે-ત્રણ દિવસ બાદ ગરમીમાં વધારાના સંકેતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં શિયાળાની અસર છેલ્લા એકાદ અઠવાડિયાથી ઓછી થતી જાય છે. જોકે વહેલી સવારે અને મોડી સાંજે ઠંડા પવનો હોય છે, પરંતુ દિવસ દરમિયાન ભારે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં હજુ ઠંડીનું જોર વર્તાઈ છે જ્યારે અમદાવાદ, વડોદરા, સુરત જેવા શહેરોમાં મહત્તમ તાપમાન વધી રહ્યું છે. હવામાન વિભાગે આપેલી માહિતી અનુસાર બે-ત્રણ દિવસ બાદ હજુ તાપમાનનો પારો ઊંચે જવાની સંભાવના છે. કચ્છના નલિયામાં લઘુતમ તાપમાન સૌથી નીચું ૧૧ ડિગ્રી નોંધાયું હતું. અમરેલીનું ૧૪.૫ ડિગ્રી, પોરબંદર ૧૪.૭ ડિગ્રી, ડીસા ૧૫.૮ ડિગ્રી, ભુજનું ૧૬.૮ ડિગ્રી, ગાંધીનગર ૧૫ ડિગ્રી, અમદાવાદ ૧૬. ડિગ્રી જ્યારે વડોદરામાં ૧૭.૩ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

જ્યારે મહત્તમ તાપમાનની વાત કરીએ તો મોટાભાગના શહેરોમાં લગભગ ૩૪થી ૩૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. દિવસ દરમિયાન સખત ગરમીનો અનુભવ થાય છે. દિવસ-રાતના તાપમાનમાં મોટું અંતર હોવાથી બેવડી ઋતુ અનુભવાઈ રહી છે.

ગુજરાતમાં શિયાળાની વિદાય અને ઉનાળાના આગમન વચ્ચે અંબાલાલ પટેલે પણ મોટી આગાહી કરી છે. જે મુજબ, ૨૨ ફેબ્રુઆરી બાદ રાજ્યના વાતાવરણમાં મોટો ફેરફાર થશે. ઉત્તર ભારતમાં સક્રિય થનારા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ગુજરાત પર માવઠાનું જોખમ તોળાઈ રહ્યું છે. જેની અસર સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં જોવા મળશે. વલસાડ અને નવસારી જેવા દરિયાકાંઠાના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ રહેશે અને છૂટાછવાયા વરસાદી ઝાપટાં પણ પડી શકે છે. જોકે આ મામલે હવામાન વિભાગે હાલમાં કોઈ આગાહી કરી નથી.

# અમદાવાદ એરપોર્ટ બન્યું સ્મગલિંગ હબ, ત્રણ વર્ષમાં ₹ ૧૯૯ કરોડનું સોનું ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરનું સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી છેલ્લા ત્રણ વર્ષમાં કસ્ટમ વિભાગે રૂ. ૧૯૯ કરોડનું ગોલ્ડ સીઝ કર્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે કસ્ટમ વિભાગ દ્વારા હાલ એક નવી ટ્રીક અજમાવવામાં આવી રહી છે. જે અંતર્ગત વારંવાર દુબઈ કે બીજા દેશોમાંથી આવતા-જતા લોકો અને અમદાવાદ એરપોર્ટ પર ઊતરતાં મુસાફરો પર નજર રાખવામાં આવી છે. જેના કારણે સોનાની તસ્કરી કરતાં લોકો પકડાઈ રહ્યા છે. વર્ષ ૨૦૨૫ના આંકડા મુજબ, પાછલા બે વર્ષની સરખામણીમાં ગત વર્ષે પકડાયેલા સોનાનું પ્રમાણ થોડું ઓછું રહ્યું છે. કસ્ટમ્સ વિભાગના ડેટા મુજબ, વર્ષ ૨૦૨૪માં વિભાગે ૧૨૬.૫ કિલો સોનું જપ્ત કર્યું હતું, જેની સરખામણીમાં ૨૦૨૫માં ૫૩.૬ કિલો સોનું પકડાયું હતું. છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૧૯૯ કરોડ રૂપિયાનું સોનું જપ્ત કરવામાં આવ્યું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે ભલે કુલ જથ્થો ઘટ્યો હોય, પરંતુ ટ્રેન્ડ મુજબ ૨૦૨૩માં પ્રતિ કેસ સરેરાશ ૪૭૭ ગ્રામ સોનું પકડાતું હતું, તેની સામે ૨૦૨૫માં પ્રતિ કેસ સરેરાશ જપ્તી વધીને ૮૨૫ ગ્રામ થઈ ગઈ છે. છેલ્લા ત્રણ વર્ષમાં જપ્ત કરાયેલા સોનાના પ્રતિ કિલોગ્રામ ભાવમાં પણ વધારો થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સોનાની દાણચોરીનો સીધો સંબંધ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવમાં થતી વધઘટ સાથે છે. કસ્ટમ્સ વિભાગે ગત વર્ષ અને ૨૦૨૬ની શરૂઆતમાં કેટલાક મોટા કેસો નોંધ્યા હતા. એક કિસ્સામાં, ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ) એ ૨૦૨૫માં એક સ્મગલિંગ રેકેટનો પર્દાફાશ કર્યો હતો, જેમાં એરલાઈન સ્ટાફની સંડોવણી પણ જોવા મળી હતી. આ સિન્ડિકેટ દ્વારા બે મહિનામાં ૧૬ કરોડ રૂપિયાના સોનાની દાણચોરી કરવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું.અમદાવાદ એરપોર્ટ પરથી અઠવાડિયા પહેલા અન્ડરવેરમાં છુપાવેલું ૯૬ લાખનું સોનું પકડાયું હતું. વિદેશથી સોનાની દાણચોરી કરીને દાણચોરો કેટલો નફો કમાય છે, તેની સૂત્રો પાસેથી મળેલી માહિતીના આધારે એક સામાન્ય ગણતરી મુજબ અંદાજે રૂ. ૧૪.૬ લાખ પ્રતિ કિલો જેટલો નફો થાય છે.

# કચ્છના ધ્રગ-લોડાઈ રોડ પર બે મોટરસાઈકલ વચ્ચે ટક્કર,

## એક બાળક સહિત ત્રણનાં કમકમાટીભર્યાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના ધ્રગ-લોડાઈ રોડ પર અત્યંત કરુણ અને ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. ધ્રગ ખાતે આયોજિત પરંપરાગત મેળાના દિવસે જ સર્જાયેલી આ દુર્ઘટનામાં બે બાઈક સામસામે ભટકાતા કુલ ૩ લોકોનાં કમકમાટીભર્યા મોત નીપજ્યાં હતાં, જ્યારે એક મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ હતી.

આ ગમખ્વાર અકસ્માત અંગે વિગતો અનુસાર, ભુજ તાલુકાના ધ્રગ ગામે લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના કારણે આ માર્ગ પર સવારથી જ મુલાકાતીઓની ભારે અવરજવર હતી. આ દરમિયાન ધ્રગ-લોડાઈ રોડ પર બે મોટરસાઇકલ પૂરઝડપે સામસામે અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બંને બાઈકનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને સવાર લોકો રોડ પર ફંગોળાયા હતા.

આ ભયાનક અકસ્માતમાં બે બાઈકચાલકો અને એક નિર્દોષ બાળકનું મોત નીપજ્યું હતું. એક જ અકસ્માતમાં ત્રણ જિંદગીઓ હોમાઈ જતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. આ ઉપરાંત, બાઈક પર સવાર એક મહિલાને પણ ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માતનો અવાજ સાંભળતા જ આસપાસના સ્થાનિક લોકો અને મેળામાં જઈ રહેલા અન્ય વાહનચાલકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. લોકોએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી ઈજાગ્રસ્તોને મદદ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ગુજરાત વિધાનસભાના બજેટ સત્રનો તોફાની પ્રારંભઃ પૂર્ણેશ મોદી નવા ઉપાધ્યક્ષ બન્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત વિધાનસભાના બજેટ સત્રનો ધમાકેદાર પ્રારંભ થયો હતો. સત્રના પ્રથમ દિવસે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આશરે ૨૧ મિનિટ સુધી ગૃહને સંબોધન કરતા રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓ, કૃષિ વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે થયેલી પ્રગતિની વિગતો રજૂ કરી હતી. જોકે, સત્ર શરૂ થાય તે પહેલા જ આમ આદમી પાર્ટીના ધારાસભ્યો ગોપાલ ઈટાલિયા અને ચૈતર વસાવા ‘ટ્રેડ ડિલ હટાવો, કિસાન બચાવો’ના પોસ્ટરો સાથે વિધાનસભા પહોંચતા રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો, જ્યારે ભાજપે પણ વ્યૂહરચના ઘડવા મહત્ત્વની બેઠક યોજી હતી.

રાજ્યપાલના સંબોધન દરમિયાન વિપક્ષ કોંગ્રેસના ધારાસભ્યોએ ‘ખેડૂતોનું દેવું માફ કરો’ના સૂત્રોચ્ચાર કરીને ગૃહમાં જોરદાર વિરોધ નોંધાવ્યો હતો. કોંગ્રેસના સૂત્રોચ્ચાર સામે ભાજપના સભ્યોએ પાટલીઓ ખખડાવી વળતો જવાબ આપતા ગૃહમાં થોડો સમય તણાવપૂર્ણ માહોલ સર્જાયો હતો. આ હોબાળા અને વિરોધ વચ્ચે પણ રાજ્યપાલે પોતાનું સંબોધન પૂર્ણ કરી સંસદીય પરંપરા મુજબ વિરોધ પક્ષના સભ્યોનો બે વાર આભાર માન્યો હતો. બજેટ સત્રના પ્રથમ દિવસે પૂર્ણેશ મોદીને બહુમતીથી ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવ્યા હતાં. દિનેશ ઠાકોરે શૈલેષ પરમારના નામે પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જ્યારે જીતુ વાઘાણીએ પૂર્ણેશ મોદીના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો. મતવિચારણા દરમિયાન શૈલેષ પરમારના પ્રસ્તાવને બહુમતી ધારાસભ્યોએ અસ્વીકાર કર્યો હતો અને પૂર્ણેશ મોદીના સમર્થનમાં બહુમતી મળી હતી. ઉલ્લેખનીય છે કે આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ કોઈ ઉમેદવારને ટેકો આપ્યો નહીં અને નોટાનો વિકલ્પ પસંદ કર્યો હતો.

# સુરતના વરાછામાં આતંક મચાવનાર કુખ્યાત ચિરાગ ગોટીનો પોલીસે વરઘોડો કાઢ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના ચર્ચિત ડ્રગ્સ પ્લાન્ટિંગ કેસના મુખ્ય સૂત્રધાર કુખ્યાત ચિરાગ ગોટીને આજે વરાછા પોલીસે કાયદાનું ભાન કરાવ્યું હતું. અપહરણ, ખંડણી અને મારપીટ જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા આ આરોપીને જ્યારે પોલીસ રિકન્સ્ટ્રક્શન માટે વરાછા વિસ્તારમાં ઘટનાસ્થળે લઈ ગઈ, ત્યારે લોકોનો પ્રચંડ આક્રોશ ફાટી નીકળ્યો હતો. વરાછામાં આતંક મચાવનાર ચિરાગ ગોટી પોલીસના વરઘોડામાં બે હાથ જોડીને ચાલવા મજબૂર બન્યો હતો.

જોકે, હજારોની સંખ્યામાં ઊમટેલા રોષે ભરાયેલા લોકોએ ચિરાગ પર હુમલો કરી તેના કપડાં ફાડી નાખ્યા હતા. ધક્કા-મુક્કી અને ભારે અફરાતફરી વચ્ચે પોલીસે માંડ માંડ આરોપીનો જીવ બચાવી તેને સુરક્ષિત રીતે ગાડીમાં બેસાડ્યો હતો. આ રિકન્સ્ટ્રક્શન દરમિયાન ભોગ બનનાર પરિવાર અને સ્થાનિક રહીશોમાં એટલો રોષ હતો કે લોકો ‘ચિરાગ ગોટીને ફાંસી આપો’ તેવાં બેનરો સાથે રસ્તા પર ઊતરી આવ્યા હતા.

# વિવાદિત કીર્તિ પટેલ જૂનાગઢમાં ભગવો પહેરી શાહી સ્નાનમાં ઘૂસી જતાં હોબાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢમાં મહાશિવરાત્રીના મેળાના અંતિમ દિવસે વિવાદોમાં રહેલી સોશ્યલ મીડિયા ઇન્ફ્લુએન્સર કીર્તિ પટેલે મૃગીકુંડમાં સાધુઓના શાહી સ્નાન દરમિયાન ભગવો ધારણ કરી કુંડમાં ઘૂસી જઈને મોટો વિવાદ છેડ્યો હતો. સાધુ-સંતો માટેના અત્યંત પવિત્ર અને મર્યાદિત ગણાતા શાહી સ્નાન સમયે કીર્તિ પટેલ ‘હર હર મહાદેવ’ના નાદ સાથે કુંડમાં સ્નાન કરતી જોવા મળી હતી. આ ઘટનાની જાણ થતાં જ તંત્ર દ્વારા તેને તાત્કાલિક સ્થળ પરથી દૂર કરવામાં આવી હતી. પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, જો આ કૃત્ય દ્વારા ધાર્મિક લાગણી દુભાઈ હશે અથવા નીતિ-નિયમોનો ભંગ થયો હશે, તો કીર્તિ પટેલ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

શાહી સ્નાનમાં ઘૂસી ગયા બાદ કીર્તિ પટેલનો વધુ એક વિવાદિત વીડિયો સોશ્યલ મીડિયામાં વાઇરલ થયો છે, જેમાં તે સુરક્ષા વ્યવસ્થામાં તૈનાત બે મહિલા પોલીસ ઇન્સ્પેક્ટર સાથે દાદાગીરી કરતી અને અપશબ્દો બોલતી નજરે પડી હતી. આ સમગ્ર મામલે જૂનાગઢ એસપી સુબોધ ઓડેદરાએ તપાસના આદેશ આપ્યા હતા.

આ ઘટના માટે જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયાએ જણાવ્યું હતું કે, સાધુ-સંતોની સનાતન પરંપરા તૂટી હોય તો તે સ્વીકાર્ય નથી. મૃગી કુંડમાં મોટી સંખ્યામાં સાધુ-સંતોની ભીડ હોય છે. વ્યવસ્થા જાળવવી જરૂરી છે. જો કોઈએ પરંપરા ભંગ કરી હશે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# આણંદમાં સ્પાની આડમાં ચાલતા ગોરખધંધાનો પર્દાફાશઃ થાઈલેન્ડની ૧૧ યુવતીઓ સહિત ૧૪ની અટકાયત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આણંદમાં સ્પાની આડમાં ચાલતા દેહવ્યાપારના કાળા કારોબારનો પોલીસે પર્દાફાશ કર્યો હતો. આણંદ એસ.ઓ.જી. પોલીસે બાતમીના આધારે શહેરના પોશ વિસ્તારમાં આવેલા સ્પા અને એપાર્ટમેન્ટ પર દરોડા પાડીને વિદેશી યુવતીઓ સહિત કુલ ૧૪ યુવતીઓની અટકાયત કરી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આણંદની એસ.ઓ.જી. ટીમને બાતમી મળી હતી કે શહેરમાં સ્પાના નામે ગેરકાયદેસર દેહવ્યાપારની પ્રવૃત્તિઓ ચાલી રહી છે. જેના પગલે પોલીસે સૌપ્રથમ ‘નાના થાઈ સ્પા’ પર દરોડો પાડ્યો હતો. અહીંથી મળેલી કડીઓના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરતા ગોવર્ધન એપાર્ટમેન્ટના ત્રણ ફ્લેટમાં આકસ્મિક સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું.

આ સર્ચ ઓપરેશન દરમિયાન પોલીસને ચોંકાવનારી સફળતા મળી હતી. પોલીસે એપાર્ટમેન્ટના ફ્લેટમાંથી કુલ ૧૪ યુવતીઓની અટકાયત કરી હતી. જેમાં સૌથી વધુ ૧૧ યુવતીઓ થાઈલેન્ડની હોવાનું બહાર આવ્યું છે, જ્યારે અન્ય ૩ યુવતીઓ ભારતના અલગ-અલગ રાજ્યોની વતની છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ તમામ યુવતીઓને આણંદ અને પેટલાદ વિસ્તારમાં આવેલા કુલ ચાર સ્પામાં કામ કરવા માટે લાવવામાં આવી હતી.

આ સમગ્ર રેકેટના મામલે પોલીસે કાયદેસરની કાર્યવાહી તેજ કરી છે. મેનેજર સુરજ આચાર્ય સહિત સંચાલકો સામે આણંદ ટાઉન પોલીસ મથકે ગુનો નોંધાયો છે. જ્યારે ફરાર સંચાલક જય અને મોહસીન નરસિહદાનીને ઝડપી પાડવા પોલીસે શોધખોળ તેજ કરી છે.

આણંદ ટાઉન પોલીસ આ ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. આ યુવતીઓ વિઝાના કયા નિયમો હેઠળ અહીં આવી હતી અને આ નેટવર્ક કેટલા સમયથી કાર્યરત હતું તે દિશામાં પણ તપાસ કરવામાં આવી રહી છે. સ્પા સેન્ટરોમાં થતી આવી અનૈતિક પ્રવૃત્તિઓ સામે પોલીસની આ કામગીરીથી શહેરના અન્ય સ્પા સંચાલકોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે.

# અમદાવાદમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક ઉત્પાદકો પર તવાઈ, ફેક્ટરી ઝડપાશે તો ૧૫ દિવસ સીલ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઇ કોર્ટ દ્વારા પણ શાકભાજી અને ફ્રૂટ બજાર સહિતની જગ્યા ઉપર પ્લાસ્ટિકની થેલીઓ પર અસરકારક પ્રતિબંધ લાવવા માટે આદેશ કર્યો છે. જેના પગલે મ્યુનિસિપલ કોર્પોરેશનની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીએ શહેરમાં હવે પ્રતિબંધિત પ્લાસ્ટિકની થેલીઓ રાખનાર ફેરિયાઓ-વેપારીઓની સામે દંડની કાર્યવાહી કરવામાં આવશે.

અમદાવાદમાં પ્લાસ્ટિકનું ઉત્પાદન કરનાર ફેક્ટરીમાં જો પ્રતિબંધિત પ્લાસ્ટિકનું ઉત્પાદન થતું હશે તો ૧૫ દિવસ માટે સીલ કરવામાં આવશે. જો ૧૦૦ કિલોથી વધુ પ્રતિબંધિત પ્લાસ્ટિક ઝડપાશે તો ૧૦ દિવસ માટે સીલ કરી દેવામાં આવશે.

હેલ્થ એન્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીના ચેરમેન જશુભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે અમદાવાદને પ્રતિબંધિત પ્લાસ્ટીક ફ્રી સિટી કરવા શહેરમાં વિવિધ સ્થળોએ આવેલા શાકભાજી માર્કેટ તથા ફ્રૂટ માર્કેટમાં તથા અન્યત્ર ધંધો-વેપાર કરતા તમામ ફેરિયાઓ અને ધંધાર્થીઓને પ્લાસ્ટિક વેસ્ટ રૂલ્સ - ૨૦૧૬ અંતર્ગત ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈની પ્લાસ્ટિકની થેલીઓ કે ૬૦ ગ્રામ પર સ્કવેર મીટર(જીએસએમ)થી ઓછી જાડાઈની નોન-વુવન કેરી બેગનો વપરાશ ઉપર સંપૂર્ણપણે પ્રતિબંધ છે.

સોમવારે મળેલી કમિટીમાં અમદાવાદમાં પ્લાસ્ટિકનું ઉત્પાદન કરનારા ઉત્પાદકો દ્વારા જો પ્રતિબંધિત પ્લાસ્ટિકનું ઉત્પાદન કરવામાં આવતું હશે અને આવી કોઈ ફેક્ટરી શહેરમાંથી ઝડપાય તો તેને ૧૫ દિવસ સુધી સીલ કરવાની રહેશે. તેમ જ જો કોઈ દુકાનદાર અથવા મોટા હોલસેલ વેપારી પાસેથી ૧૦૦ કિલોથી વધુ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો ઝડપાય તો દસ દિવસ સુધી દુકાન અથવા ગોડાઉન સીલ કરવાનું રહેશે અને તેમની પેનલ્ટી જે નિયમ મુજબ થતી હોય તે પ્રમાણે લેવાની રહેશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ હોવાના પગલે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દરેક નાગરિકો કોઈપણ ચીજવસ્તુ લેવા જાય ત્યારે ઘરેથી કાપડની થેલી સાથે લઈને જાય તેના માટે ૧૬ લાખથી વધુ કાપડની થેલીઓનું વિતરણ શહેરીજનોને કરવામાં આવ્યું છે. બે વર્ષ પહેલાં પણ કાપડની થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.કોર્પોરેશન દ્વારા નાગરિકોને ઘરે બે કાપડની થેલીઓ આપવામાં આવી છે અને લોકો પ્લાસ્ટિકની થેલીઓનો ઉપયોગ બંધ કરે તેના માટે જાગૃતિ લાવવામાં આવે છે. જોકે કેટલાક વ્યાપારીઓ દ્વારા હજી પણ સિંગલ યુઝ પ્લાસ્ટિકનું વેચાણ કરવામાં આવતું હોય છે ત્યારે આવા વેપારીઓ અને ધંધાર્થીઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.

# અમદાવાદની સેવન્થ ડે સ્કૂલે ૨૦૧૭-૧૮થી ૮૦૦૦ વિદ્યાર્થીઓને આરટીઈમાં પ્રવેશ ના આપીને ૧૯ કરોડની ફી મેળવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલની એક વિદ્યાર્થીની હત્યા બાદ સતત વિવાદોમાં રહી છે. હવે ફરી એક વખત સ્કૂલનો મોટો છબરડો બહાર આવ્યો હતો. મળતી વિગત મુજબ, સ્કૂલના પ્રાથમિક વિભાગમાં વર્ષ ૨૦૧૭-૧૮થી આરટીઇમાં એક પણ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવ્યો નથી. સ્કૂલે આરટીઇની બેઠકોમાં સામાન્ય વિદ્યાર્થીઓની જેમ ફી વસૂલી છે. જેમાં ૨૦૧૭-૧૮થી ૮૦૦૦ વિદ્યાર્થીઓને આરટીઇમાં પ્રવેશ ના આપીને ૧૯ કરોડની ફી વસૂલી છે. હાલ આ મામલો કોર્ટમાં ચાલી રહ્યો છે જેનો ચુકાદો પણ આવશે.

સેવન્થ ડે સ્કૂલ એક માઈનોરિટી શાળા છે. પરંતુ પ્રાથમિક વિભાગનું માઈનોરીટીનું સર્ટિફિકેટ સ્કૂલ પાસે નથી. સ્કૂલ દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮થી રાઇટ ટુ એજ્યુકેશન હેઠળ પ્રાથમિકમાં એક પણ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવ્યો નથી.

સ્કૂલ દ્વારા ૨૦૧૭-૧૮થી આરટીઇમાં સામાન્ય વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપીને ફી પણ વસૂલવામાં આવી છે.


# ગુજરાતમાં હવે વિધવા સહાયના લાભાર્થીઓને પોસ્ટ પેમેન્ટ્સ બેંક દ્વારા ઘર બેઠાં સહાય મળશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા વિધવા મહિલાઓને આત્મનિર્ભર બનાવવા હેતુ અમલી ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ હવે સહાયની રકમ સીધી ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (આઇપીપીબી)ના ખાતામાં જમા કરવામાં આવશે. આ નવી વ્યવસ્થાથી લાભાર્થીઓને આધાર આધારિત ડી.બી.ટી (ડીબટી)દ્વારા નાણાં સીધા ખાતામાં જમા થશે. પોસ્ટમેન દ્વારા ઘરબેઠાં જ આ રોકડ ઉપાડવાની સુવિધા પણ પ્રાપ્ત થશે. આ સુવિધાથી ગંગા સ્વરૂપા બહેનોને આર્થિક વ્યવહારોમાં વધુ સરળતા અને સુરક્ષા પ્રાપ્ત થશે. પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે વધુ વિગતો આપતા કહ્યું હતું કે, ઉત્તર ગુજરાતમાં આશરે ૧.૪૭ લાખથી વધુ લાભાર્થીઓ હાલ પોસ્ટ ઓફિસના ખાતાઓ દ્વારા આર્થિક સહાય મેળવી રહ્યા છે.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 40 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માઘ વદ - 30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 February 2026, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

**નિસાન્કાની કમાલ**



લંકા જીત્યું: ઑસ્ટ્રેલિયા વર્લ્ડકપમાંથી ઑલમોસ્ટ આઉટ

૮

# લગ્ન પહેલા સેક્સ શું કામ?: સુપ્રીમ કોર્ટ

## છોકરો અને છોકરી એકમેકથી અજાણ હોય ત્યારે શારીરિક સંબંધ ન બાંધવો જોઈએ અને કોઈના પર વિશ્વાસ ન રાખવો જોઈએ એવી અદાલતની સલાહ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું હતું કે લગ્ન પહેલાં છોકરો અને છોકરી બંને એકમેકથી અજાણ હોય છે અને એટલે જ તેમણે લગ્ન પહેલાં શારીરિક સંબંધ બાંધતા અગાઉ સાવધાની રાખવી જોઈએ.

લગ્ન પહેલાં શારીરિક સંબધ બાંધો છો શું કામ? લગ્ન અગાઉ કોઈ પર પણ વિશ્વાસ ન રાખવો જોઈએ, એમ અદાલતે કહ્યું હતું.

લગ્નનું ખોટું વચન આપીને મહિલા પર બળાત્કાર કરનાર આરોપીની જામીનની અરજીની સુનાવણી કરતાં ન્યાયાધીશ બી. વી. નાગરત્ન અને ઉજ્જલ ભુયાનની બનેલી ખંડપીઠે મહિલાને સવાલ કર્યો હતો કે શા માટે તે આરોપી સાથે દુબઈ ગઈ હતી અને શારીરિક સંબંધ બાંધ્યો હતો.

આ સહમતીથી સધાયેલો સંબંધ હતો. અમે ભલે જુનવાણી હોઈશું, પરંતુ લગ્ન પહેલાં છોકરો અને છોકરી બંને એકમેકથી અજાણ હોય છે. લગ્ન પહેલાં શારીરિક સંબંધ બાંધતાં અગાઉ તેમણે સાવધ રહેવું જોઈએ, એમ ખંડપીઠે કહ્યું હતું.

બંને વચ્ચેનો સંબંધ કોઈપણ પ્રકારનો હોય, પરંતુ લગ્ન પહેલાં તેઓ શારિરીક સંબંધ કઈ રીતે બાંધી શકે? એમ જણાવતાં ન્યાયાધીશ નાગરત્નએ કહ્યું હતું કે અમે જુનવાણી છીએ, પરંતુ તમારે સાવધ રહેવું જોઈએ, લગ્ન પહેલાં આ મામલે છોકરા કે છોકરીએ એકમેક પર ભરોસો ન કરવો જોઈએ. (એજન્સી) ■

125 વર્ષથી સ્વાદ અને સુગંધની અનેરી સોડમ
SINCE 1900 લક્ષ્મી® સંયુક્ત હિંગ
આર. એમ. કાનાણી એન્ડ કં. - વડોદરા.
Mob.: 9167662203 | rmkfoods.com
@hinglaxmi | laxmi hing
સર્વત્ર ઉપલબ્ધ

ANTARA GOLD & DIAMONDS DADAR | BORIVALI
TODAY'S GOLD RATE ₹ 14,292/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


અજય મોદી સમર ધમાકા
MAY & JUNE
Ex. લેહ
લેહ-લદાખ
લેહ - મેગ્નેટીક હીલ - ઝન્સ્કાર
અલચી - ખારડુંગલા પાસ
નુબ્રા વેલી - પેન્ગોંગ લેક
₹23900* વ્યક્તિ દીઠ થી શરૂ ૭ દિવસ
ગુજરાતી-પંજાબી કાઠીયાવાડી ભોજન - ટુર મેનેજર
કાંદીવલી-63596 19321

# મોદીએ કર્યું એઆઈ મહાકુંભનું ઉદ્ઘાટન

## ફ્રાન્સના પ્રમુખ સહિતના દિગ્ગજો હાજર રહેશે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ એક્સ્પોનું ઉદ્ઘાટન કર્યું હતું. પાંચ દિવસ ચાલનારાં આ એક્સ્પોમાં એઆઈ સુરક્ષા, ગવર્નન્સ, ડૅટા સિક્યોરિટી સહિતના વિકાસનાં તમામ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. આ દરમિયાન યુવા એઆઈ પ્રોગ્રામનું પણ આયોજન કરવામાં આવશે. ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ એક્સ્પોનો સોમવારે પ્રારંભ થયો હતો. ગ્લોબલ સાઉથમાં પહેલીવાર યોજાયેલા આ એક્સ્પોનું મોદીએ સોમવારે સાંજે ઉદ્ઘાટન કર્યું હતું.

ભારત મંડપમમાં આ એક્સ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૬થી ૨૦ ફેબ્રુઆરી એમ પાંચ દિવસ આ એક્સ્પો ચાલશે. આ એક્સ્પોમાં ૧૫થી ૨૦ દેશના પ્રમુખ, ૫૦થી વધુ પ્રધાન અને ૪૦થી વધુ ભારતીય અને વિદેશી સીઈઓ ભાગ લેશે જેમાં માઈક્રોસોફ્ટના સહસ્થાપક, ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ, બાયોકોન ગ્રૂપના અધ્યક્ષ કિરણ મજૂમદાર શૉ અને ઑપન એઆઈના સીઈઓ સૅમ ઑલ્ટમૅન સહિતના લોકોનો સમાવેશ થાય છે. ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મૅક્રોન પણ આ એક્સ્પોમાં હાજર રહેશે. (એજન્સી)■




**એઆઈમાં વિશ્વગુરુ બનવાનું મિશનઃ** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીના ભારત મંડપમ્ ખાતે યોજાયેલા ઈન્ડિયા એઆઈ ઈમ્પેક્ટ એક્સ્પોનું સોમવારે ઉદ્ઘાટન કર્યું હતું. (એજન્સી)

# ભારત સહિત વિશ્વભરમાં 'એક્સ' ડાઉન થતા નેટિઝન્સ બેહાલ

નવી દિલ્હીઃ ઈલોન મસ્કના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર સોમવારે સાંજથી જ ડાઉન થઈ ગયું હતું અને અમેરિકા અને ભારત સહિત વિશ્વભરના હજારો યુઝર્સ દ્વારા એમાં જ લોગ-ઈન જ નહોતું થઈ શક્યું.

વેબસાઈટ પરફોર્મન્સ ટ્રેકર ડાઉનડિટેક્ટર અનુસાર, સોમવારે (૧૬ ફેબ્રુઆરી) સાંજે લગભગ ૭:૧૦ વાગ્યે આ આઉટેજ (સેવા ખોરવાઈ હોવા) ના અહેવાલો મળવાનું શરૂ થયું હતું.

સોમવારે વિશ્વભરના હજારો યુઝર્સ માટે એક્સ પ્લેટફોર્મ ડાઉન થઈ ગયું હતું, જેમાં અમેરિકા, યુકે અને ભારતમાંથી વ્યાપક વિક્ષેપની ફરિયાદો નોંધાઈ હતી. ભારતીય સમય અનુસાર સાંજે ૧૮:૩૦ વાગ્યાની આસપાસ ફરિયાદોની સંખ્યા વધીને ૨૫,૦૦૦ થી વધુ થઈ ગઈ હતી.

મોટાભાગના યુઝર્સે વેબસાઈટમાં સમસ્યા હોવાનું જણાવ્યું હતું, જ્યારે અન્ય કેટલાક લોકોએ એપ વિશે ફરિયાદો કરી હતી. ■

સમીર શાહ ના સથવારે...
અમેરિકા ૨૦૨૬
૧૦/૧૧/૧૭/૨૧ રાત
May 8 (6 seats), May 29 (15 seats left)


૨૧ રાત: Adult (2 in 1 room) = $ 7100 = ₹6,53,000*
Adult (4 in 1 room) = $ 6500 = ₹5,98,000*
૧૭ રાત: Adult (2 in 1 room) = $ 5800 = ₹5,33,000*
Adult (4 in 1 room) = $ 5200 = ₹4,78,000*
ABOVE OFFER VALID TILL 28 FEB. 2026 ONLY
*EXCLUDES : Main Flight, 5% GST, 5% TCS, Visa
9769000799 9820026046 | Dolphin Tours

# નક્વીની નોકરી જોખમમાં

## પાકિસ્તાનની ભારત સામેની હારથી અસીમ મુનીર ભડક્યા

ઈસ્લામાબાદઃ વર્લ્ડકપમાં ભારત સામે હારથી પાકિસ્તાનના લશ્કરી ચીફ અસીમ મુનીર ગુસ્સે થયા છે. પાકિસ્તાન ક્રિકેટ ટીમના ખરાબ પ્રદર્શન પર મુનીરે પીસીબીના ચેરમેન મોહસીન નક્વી પર પોતાનો ગુસ્સો ઠાલવ્યો છે. નક્વી પાકિસ્તાનની શાહબાઝ શરીફ સરકારમાં ગૃહ પ્રધાન પણ છે. આર્મી ચીફના ગુસ્સાથી સરકાર અને સેના વચ્ચે તણાવ વધી ગયો છે અને નક્વીને સરકાર અને પીસીબી બંનેમાંથી હટાવવાની તૈયારી શરૂ થઈ છે. મેચ શરૂ થતાં બધી ચર્ચા એ હતી કે પાકિસ્તાન પાસે ભારતને હરાવવાની શ્રેષ્ઠ તક કેવી રીતે છે. જોકે આ મેચે ફરી સાબિત કરી દીધું કે ભારત પાકિસ્તાનથી ઘણી મજબૂત ટીમ છે. વધુમાં રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે મુનીરે પાકિસ્તાની વડાપ્રધાનના લશ્કરી સચિવ મારફતે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફને પોતાની ચિંતાઓ જણાવી હતી. ■

# ન્યૂઝક્લિકના સ્થાપકને ૧૮૪ કરોડની નોટિસ

નવી દિલ્હીઃ ન્યૂઝક્લિક અને તેનાં એડિટર-ઈન-ચીફ પ્રબિર પુરકાયસ્થને ઈડીએ ફૉરેન એક્સચેન્જ મેનેજમેન્ટ ઍક્ટ 'ફેમા' અંતર્ગત રૂ. ૧૮૪ કરોડના દંડની નૉટિસ પાઠવી હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. વિદેશમાંથી મેળવેલી કથિત રકમ સંબંધિત,કેસને મામલે દિલ્હી પોલીસની આર્થિક ગુના શાખાએ વર્ષ ૨૦૨૦માં ન્યૂઝક્લિક અને તેનાં સ્થાપક વિરુદ્ધ દાખલ કરેલા કેસને મામલે ઈડીએ તપાસ આરંભી હતી. એફઆઈઆરને આધારે ઈડીએ કેસને મામલે ન્યૂઝક્લિકના પરિસર સહિત અન્ય જગ્યાઓ પર દરોડા પણ પાડ્યા હતા. મનીલૉન્ડરિંગ સંબંધિત કેસને મામલે ઈડીએ સપ્ટેમ્બર ૨૦૨૧માં પુરકાયસ્થનાં ઘર તેમ જ કાર્યાલય પર પણ દરોડા પાડ્યા હતા. (એજન્સી) ■

# ફુગાવો વધીને ૧.૮૧ ટકા થયો

નવી દિલ્હીઃ સરકારી આંકડાઓ સોમવારે દર્શાવે છે કે હોલસેલ પ્રાઇસ ઈન્ડેક્સ જાન્યુઆરીમાં સતત ત્રીજા મહિને ૧.૮૧ ટકાના દરે વધ્યો છે, જે મહિના-દર-મહિનાના ધોરણે ખાદ્ય પદાર્થો, બિન-ખાદ્ય વસ્તુઓ અને ઉત્પાદિત વસ્તુઓના ભાવમાં વધારાને કારણે છે. જથ્થાબંધ ભાવાંક (ડબલ્યુપીઆઈ) આધારિત ફુગાવો ગયા વર્ષે જાન્યુઆરીમાં ૨.૫૧ ટકા હતો, જ્યારે અગાઉના મહિનામાં (ડિસેમ્બર ૨૦૨૫) તે ૦.૮૩ ટકા હતો. જાન્યુઆરી ૨૦૨૬માં ફુગાવાનો હકારાત્મક દર મુખ્યત્વે મૂળભૂત ધાતુઓ, અન્ય ઉત્પાદન, બિન-ખાદ્ય વસ્તુઓ, ખાદ્ય વસ્તુઓ અને કાપડ વગેરેના ભાવમાં વધારાને કારણે છે, તેવું ઉદ્યોગ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું.

ડબલ્યુપીઆઈ ડેટા અનુસાર, ડિસેમ્બરમાં ૦.૪૩ ટકાના ડિફ્લેશનની સામે જાન્યુઆરીમાં ખાદ્ય પદાર્થોમાં ફુગાવો ૧.૫૫ ટકા હતો. ■

ડી-ડાયબિટીસ તમારા બ્લડ-શુગરને કુદરતી રીતે નિયંત્રિત કરવામાં મદદ કરે છે
ભારંગી, ગુરમાર, બેલફલ અને જામૂન વગેરે જેવી ઔષધિઓ માંથી બનાવવામા આવે છે.
MARUTI'S ડી-ડાયબિટીસ™* સિરપ
ડી-ડાયબિટીસ સિરપ
- બગડતી બ્લડ સુગરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.
- પાચન ક્રિયા ને સુધારે છે
- ગેસ, એસિડિટી, ઓડકારમાં ફાયદાકારક
- તમારા પેટને સારી રીતે સાફ કરે
નોંધઃ ૨૦ મિલી. દિવસમાં બે બાર, સવારે અને રાત્રે ભોજન પછી!
બધા મેડીકલ સ્ટોર્સ પર ઉપલબ્ધ 9702106165




# પહલગામ હુમલાને પગલે બંધ ૧૪ પર્યટન સ્થળ ફરી ખુલ્લાં મુકાયાં

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ જમ્મુ-કાશ્મીરમાં ટૂરિઝમ ફરી શરૂ કરવા અને લોકોનો વિશ્વાસ વધુ મજબૂત કરવા લેવામાં આવેલાં પગલાંઓ અંતર્ગત પ્રશાસને સોમવારે સુરક્ષાની સંપૂર્ણ સમીક્ષા કર્યા બાદ જમ્મુ-કાશ્મીરના ૧૪ પર્યટન સ્થળને પર્યટકો માટે ફરીથી ખુલ્લા મૂકવાની જાહેરાત કરી હતી.

જોકે ગયા વરસે બાવીસ એપ્રિલમાં થયેલા પહલગામ આતંકવાદી હુમલા બાદ કુલ ૪૮ પર્યટક સ્થળ બંધ કરી દેવામાં આવ્યાં હતાં. જોકે હજુ પણ ૧૧ પર્યટક સ્થળ અંગે કોઈ નિર્ણય લેવામાં નથી આવ્યો.

ગયા વરસે ૧૪મી જૂને ૧૬ અને ૨૯ સપ્ટેમ્બરે વધુ સાત પર્યટક સ્થળ પર્યટકો માટે ખુલ્લાં મુકવામાં આવ્યાં હતાં.

લે. ગવર્નર મનોજ સિંહાએ કહ્યું હતું કે જે પર્યટન સ્થળો થોડાક સમય માટે બંધ કરવામાં આવ્યા હતા તેને તાત્કાલિક ફરી ખુલ્લાં મૂકવામાં આવશે. ■

# સજા પૂરી થઈઃ આવા દાવા સાથેની અબુ સાલેમની અરજી સાંભળવાની સુપ્રીમની ના

નવી દિલ્હીઃ દેશની વડી અદાલતે સોમવારે ગેંગસ્ટર અબુ સાલેમની અરજી પર સુનાવણી કરવાનો ઇનકાર કર્યો હતો. સાલેમે દાવો કર્યો છે કે તે ૧૯૯૩ના મુંબઇ બૉમ્બ વિસ્ફોટ કેસમાં મળેલી પચીસ વર્ષની સજા પૂર્ણ કરી ચૂક્યો છે અને છેલ્લા ૧૦ મહિનાથી તેને ગેરકાયદે કસ્ટડીમાં રાખવામાં આવ્યો છે.

૧૯૯૩ના મુંબઇ શ્રેણીબદ્ધ વિસ્ફોટોમાં દોષિત સાલેમને લાંબી કાનૂની લડાઇ બાદ ૧૧ નવેમ્બર, ૨૦૦૫ના રોજ પોર્ટુગલથી પ્રત્યર્પણ કરવામાં આવ્યો હતો. ભારત અને પોર્ટુગલ વચ્ચે થયેલી પ્રત્યાર્પણની શરતો અનુસાર સાલેમને મૃત્યુદંડની સજા આપી શકાય નહીં અને તેની જેલની સજા પચીસ વર્ષથી વધુ ન હોઇ શકે.

ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની ખંડપીઠ બોમ્બે હાઇકોર્ટના જુલાઇ ૨૦૨૫ના આદેશને પડકારતી સાલેમની અરજી પર સુનાવણી કરી રહી હતી. જેમાં કહેવામાં આવ્યું હતું કે પ્રથમ દૃષ્ટિએ એવું લાગે છે કે પચીસ વર્ષની સજા હજુ પૂર્ણ થઇ નથી. ■

# ભારત માટે ચિંતાનો વિષયઃ ચીન મોટા પાયે અણુશસ્ત્રો બનાવી રહ્યું છે

બેઇજિંગઃ વૈશ્વિક સ્તરે રાજકીય અશાંતિ દિવસેને દિવસે વધી રહી છે, એવામાં ચીન અંગે ચિંતાજનક અહેવાલો મળી રહ્યા છે, ચીન તેનો પરમાણુ કાર્યક્રમ ઝડપથી આગળ વધારી રહ્યું છે. અહેવાલ મુજબ દક્ષિણપશ્ચિમ ચીનના સિચુઆન પ્રાંતમાં ગુપ્ત ન્યુક્લિયર ફેસિલિટીનું વિસ્તરણ કરવામાં આવ્યું છે, સેટેલાઇટ ઈમેજીસ દ્વારા તેના પુરાવા મળ્યા છે.

એક જિયો-સ્પેશ્યલ ઈન્ટલિજન્સ એક્સપર્ટે વર્ષ ૨૦૨૨થી ૨૦૨૬ સુધી લેવામાં આવેલી સેટેલાઇટ ઈમેજીસનું વિશ્લેષણ કરીને તારણો રજુ કર્યાં છે.

સિચુઆનમાં ઝીટોંગ નામના સ્થળની ઈમેજીસમાં જોવા મળે છે કે ખીણમાં નવાં બંકરો બનાવવામાં આવ્યા છે. સ્થાળ પર પાઇપિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં આવ્યું છે, જે રેડિયોએક્ટીવ મટીરીયલ હેન્ડલ કરતી ફેસિલિટી પરના ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેવું જ છે.

નિષ્ણાતોના જણાવ્યા મુજબ બંકરોનો ઉપયોગ હાઈ-એક્સપ્લોઝીવ પરીક્ષણ કરવા કરવામાં આવી રહ્યો છે. છે. સેટેલાઇટ ઈમેજીસમાં સિચુઆનના નાય એક સ્થળ પિંગટોંગ પર ડબલ-ફેન્સ્ડ ફેસિલિટી પર સતત બાંધકામ કરવામાં આવી રહ્યું છે, સ્થળ પર ૩૬૦ ફૂટ ઊંચા વેન્ટિલેશન સ્ટેક બનાવવામાં આવ્યું છે. નિષ્ણાતોના જણાવ્યા મુજબ ચીન પરમાણુ હથિયારો માટે પ્લુટોનિયમ ભરેલી કોર બનાવી રહ્યું છે.

સેટેલાઈટ ઈમેજના વિશ્લેષણથી જાણવા મળે છે કે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું તાજેતરમાં રીનોવેશન કરવામાં આવ્યું છે, જે હેઠળ નવા વેન્ટ્સ અને હીટ-ડિસ્પર્સન ફેસિલિટીનો ઉમેરો કરવામાં આવ્યો છે. મુખ્ય ઇમારતની બાજુમાં વધારાનું બાંધકામ ઉભું કરવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૧૯થી ચીન તેનો ન્યુક્લીયર પ્રોગ્રામ છુપી રીતે ઝડપીથી આગળ વધારી રહ્યું છે, જેને કારણે ભારત, તાઈવાન, કોરિયા અને જાપાન જેવા ચીનના પાડોશી દેશોની ચિંતા વધી છે. ■

# આસામના સીએમ સામેની અરજી સુપ્રીમ કોર્ટે નકારી

નવી દિલ્હીઃ ચોક્કસ સમુદાયના લોકો સમક્ષ બંદૂક તાકી નિશાન લઈને ગોળીબાર કરતા દર્શાવતા વાઈરલ થયેલા વીડિયોને મામલે આસામના મુખ્ય પ્રધાન હેમંતા બિસ્વા શર્મા વિરુદ્ધની અરજીને હાથ ધરવાનું સુપ્રીમ કોર્ટે સોમવારે નકારી કાઢ્યું હતું.

મુખ્ય ન્યાયાધીશ બી. સૂર્યકાન્ત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને ન્યાયાધીશ વિપુલ એમ. પંચોલીની બનેલી ખંડપીઠે અરજકર્તાઓને તેમની ફરિયાદ સાથે ગુવાહાટી હાઈ કોર્ટનો સંપર્ક કરવા જણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટે ગુવાહાટી હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને કેસની સુનાવણી ઝડપથી હાથ ધરવાનું પણ જણાવ્યું હતું.

શા માટે તમે ગુવાહાટી હાઈ કોર્ટમાં ન ગયા? એમ જણાવતાં ખંડપીઠે કહ્યું હતું કે તમારે તેને ઓછી ન આંકવી જોઈએ. અમે પક્ષકારોને નિયંત્રણમાં અને બંધારણીય નૈતિકતાની સરહદમાં રહીને આ મામલે આગળ વધવા જણાવીશું. (એજન્સી) ■

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# જમાતની સત્તા હોત તો બાંગ્લાદેશ પાકિસ્તાનમાં ભળી ગયું હોત

**બાંગ્લાદેશમાં** તારિક અનવરની સરકારની મંગળવારે શપથવિધિ થવાની છે ત્યારે બીજી તરફ તારિકની બાંગ્લાદેશ નેશનલ પાર્ટી (બીએનપી)ની મુખ્ય હરીફ જમાત-એ-ઈસ્લામીએ ૩૨ બેઠકો પર ફરી મતગણતરીની માગ કરી છે. આ તમામ બેઠકો પર જમાત જીતી જાય તો પણ કોઈ ફરક પડવાનો નથી પણ જમાત ચૂંટણીમાં ગયેલી આબરૂ બચાવવા માટે આ હવાતિયાં કરી રહી છે. પાકિસ્તાન અને બાંગ્લાદેશ બંનેની આર્મી, જાસૂસી સંસ્થાઓ અને કટ્ટરવાદીઓના ટેકા છતાં જીતી ના શકેલી જમાત પોતે ચૂંટણીમાં ગરબડના કારણે હારી ગઈ એવું સ્થાપિત કરવા ફાંફાં મારી રહી છે. જમાતનાં આ હવાતિયાંથી ભારત સરકાર ખુશ છે ને લોકો પણ ખુશ છે કેમ કે જમાતે ભારત વિરુદ્ધ ઝેર ઓકવામાં કોઈ કસર છોડી નહોતી. સત્તામાં આવશે તો ભારત વિરોધી વલણ અપનાવવાની જાહેરાત જમાતે કરી હતી. આ કારણે જમાતની હારથી ભારતીયો ખુશ થાય એ સ્વાભાવિક છે પણ જમાતનો ઈતિહાસ મોટા ભાગનાં ભારતીયોને ખબર નથી તેથી જમાત સત્તામાં આવે તો ભારતને કેવું નુકસાન કરી શકે તેનો અંદાજ નથી. આ અંદાજ મેળવવા જમાતનો ઈતિહાસ જાણવો જરૂરી છે.

જમાત-એ-ઇસ્લામીની શરૂઆત એક ઇસ્લામિક ચળવળ તરીકે થઈ હતી. ૧૯૪૧માં બ્રિટિશ ભારતમાં પત્રકાર સૈયદ અબુલ અલા મૌદુદીએ મુસ્લિમ બ્રધરહુડથી પ્રેરિત થઈને જમાતની સ્થાપના કરી હતી. જમાતનો ઉદ્દેશ ભારતીય ઉપખંડમાં ઈસ્લામના સિદ્ધાંતો પ્રમાણેનું શાસન સ્થાપવાનો છે. ભાગલા પછી, મૌદુદી પાકિસ્તાનમાં જતા રહ્યા અને જમાત જમાત-એ-ઇસ્લામી પાકિસ્તાન અને જમાત-એ-ઇસ્લામી હિંદ એમ બે બે અલગ અલગ સંગઠનોમાં વિભાજિત થઈ ગઈ.

જમાત-એ-ઇસ્લામી હિંદની સ્થાપના એપ્રિલ ૧૯૪૮માં અલ્હાબાદમાં કરાઈ હતી. આઝાદ ભારતમાં અલગ સંગઠન બન્યું હોવાથી તેને સત્તાવાર રીતે જમાત-એ-ઇસ્લામી હિંદ નામ અપાયું. ભારતમાં જમાતની પહેલી બેઠકમાં ૨૪૦ સભ્યો હાજર હતા અને મૌલાના અબુલ લૈસ નદવી અમીર એટલે કે નેતા ચૂંટાયા હતા. પહેલાં જમાતનું મુખ્ય મથક લખનઊના મલીહાબાદમાં હતું. ૧૯૪૯માં રામપુર ખસેડાયું અને ૧૯૬૦માં નવી દિલ્હી ખસેડવામાં આવ્યું.

જમાત-એ-ઇસ્લામી હિંદ હજુ ભારતમાં સક્રિય છે જ પણ ભારતમાં તેનો કોઈ પ્રભાવ નથી. ભારતમાં મુસ્લિમોની વસતી ૨૦ કરોડની આસપાસ છે પણ જમાતનો તેમાં કોઈ પ્રભાવ નથી. સૈયદ સદતુલ્લાહ હુસૈની જમાતના પ્રમુખ છે. હુસૈની કટ્ટરવાદી નથી ને ટીપિક મુસ્લિમ કટ્ટરવાદી નેતાઓની જેમ બકવાસ નથી કરતા. બલકે મુસ્લિમ મહિલાઓને સમાન અધિકારો સહિતના ઉદાર વિચારો ધરાવે છે પણ મુસ્લિમ સમાજના બહુમતી વર્ગને તેમના વિશે ખબર જ નથી. જમાતના સક્રિય સભ્યોની સંખ્યા ૧૨ હજારની આસપાસ છે એ જોતાં ભારતના ૦.૧ ટકા મુસ્લિમો પણ જમાતને ટેકો નથી આપતા એ સ્પષ્ટ છે. જમાતે ૨૦૧૧માં વેલ્ફેર પાર્ટી ઓફ ઈન્ડિયા બનાવીને ચૂંટણીમાં ઝંપલાવ્યું પણ સફળતા મળી નથી. હુસૈની હિંદુઓ સાથે સંવાદ અને હળીમળીને રહેવાના તરફદાર હોવાથી ભવિષ્યમાં રાજકીય રીતે એ કદાચ કાઠું કાઢી શકે પણ અત્યારે તો જમાત-એ-ઇસ્લામી હિંદનો કોઈ પ્રભાવ નથી એ સ્વીકારવું પડે.

ભારતના મુસ્લિમો સમજદાર છે તેથી ભારતને મુસ્લિમ રાષ્ટ્ર બનાવવા જેવા શેખચલ્લીના વિચારોને પોષતાં જમાત જેવાં સંગઠનો કે મુસ્લિમ લીગ જેવા પક્ષોની વાતોમાં નથી આવી જતાં પણ પાકિસ્તાનમાં અલગ સ્થિતિ છે. પાકિસ્તાન મુસ્લિમો માટે અલગ રાષ્ટ્રના વિચાર સાથે જ સ્થપાયેલું તેથી સ્થાપના વખતથી જ જમાત-એ-ઇસ્લામીનો પ્રભાવ રહ્યો. પાકિસ્તાનમાં કટ્ટરવાદનો પ્રભાવ વધારવામાં જમાતનું યોગદાન મોટું છે.

જમાત આખા ભારતીય ઉપખંડને મુસ્લિમ રાષ્ટ્ર બનાવવાનાં સપનાં જોતી તેથી બાંગ્લાદેશની આઝાદીની લડાઈ વખતે જમાત પાકિસ્તાન સરકારને પડખે હતી. બંગાળીઓને પોતાની સંસ્કૃતિ, પોતાની ભાષા, પોતાના વારસાનું બહુ ગૌરવ છે જ્યારે જમાત તો ઈસ્લામને સર્વોપરિ માને છે તેથી જમાત અને બાંગ્લાભાષીએ પહેલેથી સામસામે હતા. મોટા ભાગના બંગાળીઓ પોતાની સંસ્કૃતિને ધર્મથી પર માનતા હોવાથી કટ્ટરવાદીઓ સાથે તેમના સંઘર્ષનો આરંભ થયો અને શેખ મુજીબુર રહેમાને બંગાળીઓના સંઘર્ષની આગેવાની લીધી ત્યારે જમાતે ખુલ્લેઆમ તેમની સામે મોરચો માંડેલો.

પશ્ચિમ પાકિસ્તાન (હાલનું પાકિસ્તાન)માં પંજાબી અને સિંધીઓની સત્તા હતી તેથી શાસકો બંગાળીઓના વિરોધને લશ્કરી તાકાતની મદદથી કચડવા મથ્યા કરતા હતા ને જમાતે તેમાં સાથ આપ્યો. ભારત પૂર્વ પાકિસ્તાનના ક્રાન્તિકારીઓને મદદ કરતું હતું તેથી બંગાળી લોકોના આક્રોશને ડામવો પાકિસ્તાનની સરકાર માટે અશક્ય બની ગયો હતો. ભૂરાંટા થયેલા પાકિસ્તાનના લશ્કરી સરમુખત્યાર યાહ્યાખાને બંગાળીઓની લડતને કચડી નાંખવા અત્યાચારો કરવા માંડ્યા. મુજીબુર રહેમાને પણ લોકોને પૂરી તાકાતથી લડી લેવાનું એલાન કરતાં બંગાળીઓ રસ્તા પર ઉતર્યા ને બાંગ્લાદેશમાં પ્રચંડ આંદોલન ઊભું થયું.

આ આંદોલનને કચડી નાંખવા ૨૫ માર્ચ, ૧૯૭૧ના રોજ પાકિસ્તાનના લશ્કરી સરમુખત્યાર યાહ્યાખાને લશ્કરને છૂટો દોર આપી દીધો. યાહ્યા ખાને બાંગ્લા પ્રજાના વિરોધને કચડી નાખવા લશ્કરને જે યોગ્ય લાગે તે કરવાની છૂટ આપી એટલે ટિક્કાખાને રઝાકાર નામે એક બિનસત્તાવાર સશસ્ત્ર સંગઠન ઊભું કર્યું. જમાત સહિતનાં કટ્ટરવાદી સંગઠનોના કાર્યકરોની ભરતી કરીને તેમને હથિયાર અપાયાં અને બાંગ્લાભાષીઓ પર તૂટી પડવા છૂટો દોર અપાતાં બાંગ્લા પ્રજા પર બેફામ અત્યાચાર શરૂ થયા.

બાંગ્લાદેશની આઝાદીની ચળવળના સૌથી મોટા નેતા બંગબંધુ શેખ મુજીબુર રહેમાનની ધરપકડ કરવામાં આવી મુજીબુરના સમર્થકોને ખતમ કરવા ઓપરેશન સર્ચલાઈટ શરૂ કરાયું તેમાં જમાત કેન્દ્રસ્થાને હતી. જમાતને હિંદુઓ સામે ખુન્નસ કાઢવા પાકિસ્તાન આર્મીએ છૂટ આપી તેનો લાભ લઈને ઓપરેશન સર્ચલાઈટ દરમિયાન ૩૦ લાખ બંગાળીઓની હત્યા કરાઈ હતી અને એક લાખથી વધુ સ્ત્રીઓ પર બળાત્કાર ગુજારાયા હતા એવું કહેવાય છે. તેમાંથી મોટા ભાગનાં હિંદુ હતાં. જમાતના મોટા મોટા નેતા આ અત્યાચારોમાં સામેલ હતા.

જમાતે બાંગ્લાદેશની આઝાદીની લડાઈ વખતે પાકિસ્તાન આર્મીને સાથ આપતાં બાંગ્લાદેશના સર્જન પછી જમાત પર પ્રતિબંધ મૂકી દેવાયેલો કે જે ૧૯૭૮માં ઊઠ્યો પછી પહેલી વાર જમાત ચૂંટણી લડી શકી. નવા રાષ્ટ્રના સર્જન સાથે બાંગ્લાદેશમાં નવી જમાત અસ્તિત્વમાં આવી પણ તેનો પાકિસ્તાન પ્રેમ અને હિંદુઓ માટેની નફરત ના ગઈ તેથી બાંગ્લાદેશમાં પણ જમાતે કટ્ટરવાદને પોષવાનું જ કામ કર્યું છે. શેખ હસીના સત્તામાં આવ્યાં પછી ૨૦૧૩માં તેમણે ફરી જમાત પર પ્રતિબંધ મૂકી દીધેલો પણ હસીનાએ ભાગવું પડ્યું પછી આ પ્રતિબંધ ૨૦૨૪માં હટી ગયો તેથી આ વખતે જમાત ચૂંટણી લડી શકી.

બાંગ્લાદેશમાં જમાતની સરકાર રચાઈ હોત તો બાંગ્લાદેશ ફરી પાકિસ્તાનમાં ભળી ગયું હોત એવું મનાય છે. જમાતનો ઈતિહાસ ભારત વિરોધી હોવાથી ભારત સામે બાંગ્લાદેશ વધારે આક્રમક બન્યું હોત ને ભારત સામે આતંકવાદનો વધુ એક મોરચો બાંગ્લાદેશની ધરતી પરથી ખૂલી ગયો હોત. ભારતમાં બાબરી ધ્વંસ પછી જમાતના નેતાઓ અને વિદ્યાર્થી સંગઠનોએ બાંગ્લાદેશમાં હિંદુ વિરોધી રમખાણો ભડકાવીને મોટા પાયે હિંદુઓની હત્યાઓ કરી હતી. જમાત એ પછી પણ સતત હિંદુઓને ટાર્ગેટ કર્યા કરે છે તેથી સત્તામાં આવી હોત તો હિંદુઓ પર સત્તાવાર રીતે જ અત્યાચારો શરૂ થઈ ગયા હોત.

બાંગ્લાદેશની સમજદારી બતાવીને જમાતના કટ્ટરવાદના બદલે તારિક રહેમાનના રાષ્ટ્રવાદને પસંદ કર્યો. રહેમાન ભલે ભારતના તરફદાર નથી પણ જમાતની જેમ હળાહળ ભારતવિરોધી પણ નથી તેથી ભારતને બાંગ્લાદેશની નવી સરકારથી ફાયદો ભલે નહીં થાય પણ રાહત તો થશે જ.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર શિશિરઋતુ, મંગળવાર, તા. ૧૭-૨-૨૦૨૬, દર્શ અમાવસ્યા, કંકણાકૃતિ સૂર્યગ્રહણ (ભારતમાં દેખાશે નહીં),

- ભારતીય દિનાંક ૨૮, માહે માઘ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માઘ વદ-૩૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માઘ, તિથિ વદ-૩૦
- પારસી શહેનશાહી રોજ ૭મો અમરદાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૭મો અમરદાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૧૨મો સ્પેનદાર્મદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૮મો શાબાન, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧લો, માહે ૯મો રમજાન, સને ૧૪૪૭
- નક્ષત્ર ઘનિષ્ઠા રાત્રે ક. ૨૧-૧૫ સુધી, પછી શતભિષા
- ચંદ્ર મકરમાં સવારે ક. ૦૯-૦૫ સુધી, પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભમાં (ગ, સ, શ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૦૭, અમદાવાદ ક. ૦૭ મિ. ૧૨, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૨-૦૦, મધ્યરાત્રે ક. ૦૦-૩૩
- ઓટઃ સાંજે ક. ૧૮-૦૧, મધ્યરાત્રિ પછી ક. ૦૬-૪૨ (તા. ૧૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માઘ કૃષ્ણ-અમાવસ્યા. દર્શ અમાવસ્યા, દ્વાપર યુગાદિ, અન્વાધાન, થૈ અમાવસ્યા (દક્ષિણ ભારત), કંકણાકૃતિ સૂર્યગ્રહણ (ભારતમાં દેખાશે નહીં), પંચક પ્રારંભ સવારે ક. ૦૯-૦૫.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સુકત-પુરુસુકત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, આજનું કંકણાકૃતિ સૂર્યગ્રહણ ભારતમાં દેખાવાનું ન હોઈ પાળવાનું નથી. તીર્થમાં સ્નાન, ત્રિપીંડી શ્રાદ્ધ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, નિત્ય થતાં બગીચા, ખેતીવાડીના કામકાજ.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અસ્થિર મનના, ચંદ્ર-સૂર્ય યુતિ કુટુંબ ક્લેશ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય યુતિ (અમાવસ્યા યોગ)
- ગ્રહગોચરઃ સૂર્ય-કુંભ, મંગળ-મકર, માર્ગી બુધ-કુંભ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-કુંભ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# આજે વલયાકાર સૂર્યગ્રહણ, ભારતમાં જોવા નહીં મળે

ઇન્દોરઃ આજે સૂર્ય, ધરતી અને ચંદ્રની ગતિને કારણે વિશ્વના વિવિધ ભાગોમાં ખગોળશાસ્ત્રના ઉત્સાહીઓને વલયાકાર સૂર્યગ્રહણનો નજારો જોવા મળશે. પરંતુ ચાર કલાકથી વધુ સમય સુધી ચાલનારી આ ખગોળીય ઘટના ભારતમાં જોવા મળશે નહીં. આ માહિતી મધ્ય પ્રદેશમાં ઉજ્જૈન સ્થિત એક વેધશાળાએ આપી હતી.

સરકારી જીવાજી વેધશાળાના અધિક્ષક ડો. રાજેન્દ્ર પ્રકાશ ગુપ્તાએ જણાવ્યું કે વલયાકાર સૂર્યગ્રહણ મંગળવારે બપોરે ૩-૨૬-૦૬ વાગ્યે શરૂ થશે અને સાંજે ૭-૫૭-૦૬ વાગ્યે સમાપ્ત થશે. ગ્રહણ સાંજે ૫-૪૧-૦૯ વાગ્યે તેની ચરમસીમાએ હશે.

ગુપ્તાએ જણાવ્યું કે ગ્રહણની ચરમસીમાએ ચંદ્ર, સૂર્ય અને પૃથ્વીની વચ્ચે એ રીતે આવશે કે સૂર્યનો ૯૬.૨૦ ટકા ભાગ ઢંકાયેલો જોવા મળશે. જેથી તે એક ચમકદાર રિંગ જેવો દેખાશે. આ વલયાકાર સૂર્યગ્રહણ ભારતમાં જોવા નહીં મળે. આ સૂર્યગ્રહણનો અદ્ભુત નજારો આર્જેન્ટિના, ચિલી, દક્ષિણ આફ્રિકા અને એન્ટાર્કટિકામાં સ્પષ્ટપણે જોવા મળશે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ વેધશાળા જયપુરના મહારાજા સવાઇ રાજા જયસિંહે ૧૭૧૯માં બનાવી હતી. જ્યારે તેઓ દિલ્હીના રાજા મુહમ્મદ શાહના શાસનકાળ દરમિયાન માલવાના ગવર્નર તરીકે ઉજ્જૈનમાં હતા.

# સબરીમાલામાં મહિલાઓને પ્રવેશઃ સાત એપ્રિલથી સુપ્રીમ કોર્ટમાં સુનાવણી

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું કે નવ ન્યાયાધીશની બેન્ચ ૭ એપ્રિલના રોજ સબરીમાલા મંદિર સહિત ધાર્મિક સ્થળોએ મહિલાઓ સામે ભેદભાવ અને બહુવિધ ધર્મો દ્વારા પાળવામાં આવતી ધાર્મિક સ્વતંત્રતાના કાર્યક્ષેત્ર અને અવકાશ અંગેની અરજીઓ પર અંતિમ સુનાવણી શરૂ કરશે.

સપ્ટેમ્બર ૨૦૧૮માં, પાંચ ન્યાયાધીશની બંધારણીય ખંડપીઠે, ૪:૧ બહુમતીના ચુકાદા દ્વારા, કેરળના સબરીમાલા ખાતેના અયપ્પા મંદિરમાં ૧૦ થી ૫૦ વર્ષની વયની મહિલાઓને પ્રવેશવાથી અટકાવતો પ્રતિબંધ હટાવી દીધો હતો અને સદીઓ જૂની હિન્દુ ધાર્મિક પ્રથાને ગેરકાયદેસર અને ગેરબંધારણીય ગણાવી હતી.

બાદમાં ૧૪ નવેમ્બર, ૨૦૧૯ના રોજ, તત્કાલીન ઈઉંઈ રંજન ગોગોઈની આગેવાની હેઠળની બીજી પાંચ ન્યાયાધીશોની ખંડપીઠે, ૩:૨ની બહુમતીથી, વિવિધ પૂજા સ્થળોએ મહિલાઓ સામે ભેદભાવના મુદ્દાને મોટી ખંડપીઠને સોંપ્યો હતો.

ત્યારબાદ ખંડપીઠે ધર્મોમાં સ્વતંત્રતાઓ પર વ્યાપક મુદ્દાઓ ઘડ્યા હતા, અને કહ્યું હતું કે ચોક્કસ કેસના કોઈપણ તથ્યો વિના તેનો નિર્ણય લઈ શકાતો નથી.

સબરીમાલા કેસ ઉપરાંત, ચુકાદામાં મુસ્લિમ મહિલાઓના મસ્જિદો અને દરગાહમાં પ્રવેશ અને પારસી મહિલાઓ, બિન-પારસી પુરુષો સાથે લગ્ન કરીને, અગિયારીના પવિત્ર અગ્નિ સ્થળમાં પ્રવેશના મુદ્દાઓને મોટી બેન્ચને મોકલવામાં આવ્યા હતા.

૧૧ મે, ૨૦૨૦ના રોજ, બીજી ખંડપીઠે ઠરાવ્યું હતું કે તેની પાંચ ન્યાયાધીશની ખંડપીઠ પાસે સબરીમાલા મંદિર પ્રવેશ કેસમાં સમીક્ષા અધિકારક્ષેત્ર હેઠળની મર્યાદિત શક્તિનો ઉપયોગ કરતી વખતે કાયદાના પ્રશ્નોને નિર્ણય માટે મોટી બેન્ચને મોકલવાની સત્તા છે.

તે પછી, કોવિડ રોગચાળાને કારણે લગભગ પાંચ વર્ષ સુધી આ બાબતો હાથ ધરવામાં આવી ન હતી, અને બાદમાં, અન્ય મુખ્ય ન્યાયાધીશો દ્વારા તે માટે સુનાવણી કરવામાં આવી નહોતી.

# ચેક બાઉન્સ કેસઃ રાજપાલ યાદવને કોર્ટની રાહત

નવી દિલ્હીઃ દિલ્હી હાઈ કોર્ટે સોમવારે ફિલ્મ અભિનેતા રાજપાલ યાદવને ચેક બાઉન્સ કેસમાં રાહત આપી હતી અને તેની સજા ૧૮ માર્ચ સુધી રદ કરી કામચલાઉ ધોરણે તેને જેલમાંથી મુક્ત કરવાની પરવાનગી આપી હતી.

રાજપાલ યાદવે ફરિયાદી મે. મુરલી પ્રોજેક્ટસ પ્રા.લિ.ના ખાતામાં દોઢ કરોડ રૂપિયા જમા કરાવ્યા હોવાની બાબતને ધ્યાન પર લઈને ન્યાયાધીશ સ્વર્ણકાન્તા શર્માએ ઉપરોક્ત આદેશ આપ્યો હતો.

અમે તમને વચગાળાની કામચલાઉ રાહત આપીએ છીએ અને સુનાવણીની આગામી તારીખ એટલે કે ૧૮મી ફેબ્રુઆરી સુધીની હશે, એમ ન્યાયાધીશે કહ્યું હતું.

૧૯, ફેબ્રુઆરીએ પરિવારમાં લગ્નપ્રસંગ હોવાનું જણાવી રાજપાલે તેની સજા રદ કરવાની માગણી કરી હતી.

કોર્ટે રાજપાલ યાદવને પાસપોર્ટ સરન્ડર કરવાનો અને પરવાનગી વિના દેશ છોડીને ન જવાનો આદેશ આપ્યો હતો.

૧૮ ફેબ્રુઆરીની સુનાવણીમાં વ્યક્તિગત અથવા વર્ચ્યુઅલ રીતે હાજર રહવાનો પણ કોર્ટે રાજપાલ યાદવને આદેશ આપ્યો હતો. (એજન્સી)

# 'ઈન્ડિ' ગઠબંધનની કમાન મમતાને સોંપવાની માગણી

નવી દિલ્હી : સોમવારે કોંગ્રેસ યુગના ભૂતપૂર્વ ટોચના કાર્યકરોમાંથી વિપક્ષના ઇન્ડિ જૂથનું નેતૃત્વ અથવા સંચાલન કોણ કરશે તે બહાર આવ્યું.

તત્કાલીન વડા પ્રધાન મનમોહનસિંહના મીડિયા સલાહકાર તરીકે સેવા આપનાર સંજય બારુએ મમતા બેનરજીનો પક્ષ લીધો છે.

તેમણે ટેલિગ્રાફમાં લખેલા લેખમાં એવી દલીલ કરી હતી કે, હાલમાં રાજકીય પક્ષ અને સરકાર બંનેનું નેતૃત્વ કરનારી એકમાત્ર મહિલા મમતા બેનર્જી વિપક્ષના ઇન્ડી બ્લોકનું નેતૃત્વ કરવા માટે યોગ્ય છે.

તેમનો લેખ એક્સ પર તૃણમૂલ કોંગ્રેસના રાજ્યસભાના સાંસદ સાગરિકા ઘોષે શેર કર્યો હતો અને લખ્યું હતું કે એક વિચાર જેનો સમય આવી ગયો છે. મમતાનો પક્ષ નરેન્દ્ર મોદી સરકારનો વિરોધ કરવા માટે રાષ્ટ્રીય સ્તરે ૨૦૨૪ની ચૂંટણી પહેલા રચાયેલા ઇન્ડી જૂથનો ભાગ છે; પરંતુ તે રાજ્ય સ્તરે પોતાની રીતે ચૂંટણી લડે છે. તે જ દિવસે, કેરળના તિરુવનંતપુરમમાં, કોંગ્રેસના ભૂતપૂર્વ નેતા મણિશંકર ઐયરે કહ્યું હતું કે જો ઇન્ડિ જૂથ એકીકૃત થાય છે, તો મને લાગે છે કે તેને એકીકૃત કરવા માટે શ્રેષ્ઠ વ્યક્તિ તમિળનાડુના મુખ્ય પ્રધાન એમ.કે. સ્ટાલિન છે.

ઐયરે જણાવ્યું હતું કે મારું માનવું છે કે તેઓ ઇન્ડિ જૂથના અધ્યક્ષ બનવા માટે સ્ટાલિન શ્રેષ્ઠ વ્યક્તિ છે; અને તેમનામાં એક મહાન ગુણ છે કે તેઓ રાહુલ ગાંધીના પીએમ બનવાના માર્ગમાં આડા નહીં આવે.

કોંગ્રેસે હજુ સુધી આ દલીલો પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. જોકે, પાર્ટીએ ઐયરે કેરળના મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયનની કરેલી પ્રશંસા પર પ્રતિક્રિયા આપી હતી, જેમને રાજ્યમાં કોંગ્રેસની આગેવાની હેઠળનો વિપક્ષ આ વર્ષે ચૂંટણીમાં હરાવવાની આશા રાખી રહ્યો છે.

કોંગ્રેસે કહ્યું હતું કે આ ઐયરનો વ્યક્તિગત અભિપ્રાય છે અને તેઓ કોંગ્રેસ પાર્ટીનો ભાગ નથી. તેથી તેઓ તેના પર ટિપ્પણી કરવા માગતા નથી.

# જાન્યુઆરીમાં નિકાસ ૦.૬૧ ટકા વધીને ૩૬.૫૬ અબજ ડૉલર થઈ

નવી દિલ્હીઃ વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે સોમવારે જણાવ્યું હતું કે, જાન્યુઆરીમાં દેશની માલસામાન નિકાસ ૦.૬૧ ટકા વધીને ૩૬.૫૬ અબજ ડોલર થઈ હતી.

આ વર્ષે જાન્યુઆરીમાં આયાત ૧૯.૨ ટકા વધીને ૭૧.૨૪ અબજ ડોલર થઈ છે જે એક વર્ષ પહેલા નોંધાયેલા ૫૯.૭૭ અબજ ડોલર હતી.

સમીક્ષા હેઠળના મહિના દરમિયાન વેપાર ખાધ ૩૪.૬૮ અબજ ડોલર રહી હતી.

અગ્રવાલે જણાવ્યું હતું કે દેશની નિકાસ માલ અને સેવાઓ બંનેમાં 'ઉપરની તરફ રહી છે'.

આ નાણાકીય વર્ષમાં, માલ અને સેવાઓની નિકાસ ૮૬૦ અબજ ડોલરને પાર કરે તેવી શક્યતા છે, એમ તેમણે ઉમેર્યું હતું.

એપ્રિલ-જાન્યુઆરી સમયગાળા દરમિયાન, નિકાસ ૨.૨૨ ટકા વધીને ૩૬૬.૬૩ અબજ ડોલર થઈ હતી.

# વડા પ્રધાન આજે ફ્રાન્સના પ્રમુખને મુંબઈમાં મળશે

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે મુંબઈમાં ફ્રાન્સના પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોનને મળશે. આ મુલાકાત દરમિયાન બંને નેતાઓ ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારીમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરશે.

મોદી અને મેક્રોનની વાતચીત વ્યૂહાત્મક સંબંધોને મજબૂત બનાવવા અને તેને નવા અને ઉભરતા ક્ષેત્રોમાં વધુ વિસ્તૃત કરવા પર કેન્દ્રિત હશે. બંને નેતાઓ પ્રાદેશિક અને વૈશ્વિક મહત્વના મુદ્દાઓ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કરશે.

એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યા અનુસાર વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૧૭ ફેબ્રુઆરીએ મુંબઇ જશે. જ્યાં તેઓ ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોનને મળશે. આ બેઠકો દરમિયાન બંને નેતાઓ ભારત-ફ્રાન્સ વ્યૂહાત્મક ભાગીદારીમાં થયેલી પ્રગતિની સમીક્ષા કરશે.

વડા પ્રધાન મોદીના આમંત્રણ પર પ્રમુખ મેક્રોન ૧૭થી ૧૯ ફેબ્રુઆરી સુધી ભારતની સત્તાવાર મુલાકાતે રહેશે. તેઓ ભારતમાં એઆઇ ઇમ્પેક્ટ સમિટમાં ભાગ લેશે. તેમજ મુંબઇમાં વડા પ્રધાન સાથે દ્વિપક્ષી શિખર સંમેલન પણ કરશે. ફ્રાન્સ પ્રમુખ મેક્રોનની આ ભારતની ચોથી અને મુંબઇની પહેલી મુલાકાત હશે.

બંને નેતાઓ મંગળવારના રોજ બપોરે લગભગ ૩-૧૫ વાગ્યે મુંબઇના લોકભવન ખાતે દ્વિપક્ષી વાતચીત કરશે. ત્યારબાદ સાંજે લગભગ ૫-૧૫ વાગ્યે બંને નેતાઓ ભારત-ફ્રાન્સ યર ઓફ ઇનોવેશન ૨૦૨૬નું ઉદ્ઘાટન કરશે. તેમજ બંને દેશોના બિઝનેસ લીડર્સ, સ્ટાર્ટ-અપ્સ, સંશોધકો અને અન્ય ઇનોવેટર્સની બેઠકને સંબોધિત કરશે.

# રાજસ્થાનમાં કેમિકલ ફેક્ટરીમાં આગ લાગતા સાત જણનાં મોત

જયપુરઃ રાજસ્થાનના ભિવાડીમાં આજે સોમવારે સવારે એક કેમિકલ ફેક્ટરીમાં વિસ્ફોટ બાદ આગ ફાટી નીકળતા મોટી દુર્ઘટના સર્જાઈ છે. અહેવાલ મુજબ આ ઘટનામાં સાત કામદારોનાં મોત નીપજ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ ઘટના વિશે શોક વ્યક્ત કર્યો હતો.

અહેવાલ મુજબ આ ઘટના ભિવાડી શહેરના ખુશખેરા-કરોલી ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં બની હતી. સોમવારે સવારે ૧૦ વાગ્યે જોરદાર વિસ્ફોટ સાથે આગ ફાટી નીકળી હતી, નજીકની ફેક્ટરીઓમાં કામ કરતા કામદારો અને કર્મચારીઓ બહાર દોડી આવ્યા હતા.

વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ ઘટનાની જાણ થતાં તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. નવ લોકો અંદર ફસાયા હતા, સાત મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા છે. બાકીના બે લોકોને બચાવવા માટે પ્રયાસો ચાલી રહી છે.

ઘટનાની જાણકારી મળતા ફાયર બ્રિગેડના ૬ વાહનો ઘટનાસ્થળે પહોંચ્યા હતાં અને આગ બુઝાવવાની કાર્યવાહી શરૂ કરી હતી. નજીકમાં આવેલી ફેક્ટરીઓને ખાલી કરાવવામાં આવી છે અને વીજ પુરવઠો પણ કાપી નાખવામાં આવ્યો હતો. ફાયર બ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ ઇન્ડસ્ટ્રીયલ એરિયાના પ્લોટ નંબર જી-૧, ૧૧૮માં આવેલી આ ફેક્ટરી કેટલાક મહિનાઓથી બંધ પડી હતી. ફેક્ટરી મોટા પ્રમાણમાં કાર્ડબોર્ડ રાખવામાં આવ્યા હતાં, આજે સવારે અચાનક આગ ફાટી નીકળી હતી. સાત લોકો જીવતા બળી ગયા. સ્થાનિકોના જણાવ્યા મુજબ આગ દરમિયાન ત્રણથી ચાર વાર વિસ્ફોટ થયા, જેનો અવાજ દૂર સુધી સંભળાયો હતો, જેને કારણે લોકોમાં ગભરાટ ફેલાયો હતો. આગ લાગવા કેમ લાગી એનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

# ડૅટા પ્રૉટેક્શન લૉને પડકારઃ સુપ્રીમની નૉટિસ

નવી દિલ્હીઃ ડિજિટલ પર્સનલ ડૅટા પ્રૉટેક્શન (ડીપીડીપી) ઍક્ટ ૨૦૨૩ની અનેક જોગવાઈઓની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓની ચકાસણી કરવાની સુપ્રીમ કોર્ટે સોમવારે સહમતી દર્શાવી હતી અને ડૅટા પ્રૉટેક્શન લૉને પડકારતી અરજીને મામલે કેન્દ્ર સરકારને નૉટિસ પાઠવી હતી. જોકે કોર્ટે વર્તમાન જોગવાઈઓ પર વચગાળાનો સ્ટે મૂકવાનું નકારી કાઢ્યું હતું એ કહ્યું હતું કે કેસની સુનાવણી ન થાય ત્યાં સુધી સંસદ દ્વારા મંજૂર કરવામાં આવેલા કાયદા પર વચગાળાનો સ્ટે આપી શકીએ નહીં.

મુખ્ય ન્યાયાધીશ બી. સૂર્યકાન્ત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને ન્યાયાધીશ વિપુલ એમ. પંચોલીની બનેલી ખંડપીઠે ડીપીડીપી ઍક્ટની અમુક જોગવાઈઓ અને ડિજિટલ પર્સનલ ડૅટા પ્રૉટેક્શન ઍક્ટ ૨૦૨૫ને પડકારતી અરજીઓને મામલે કેન્દ્ર સરકારને નૉટિસ પાઠવી હતી.

કોર્ટે કહ્યું હતું કે આ ગૂંચવણભર્યો અને સંવેદનશીલ મુદ્દો છે અને રાઈટ ટૂ ઈન્ફૉર્મેશન તેમ જ રાઈટ ટૂ પ્રાઈવસી જેવા બે મૂળભૂત અધિકાર વચ્ચે સંતુલન જળવાય તે જરૂરી છે. (એજન્સી)

# મોદી બે દિવસની ઈઝરાયલની મુલાકાતે જશે

જેરુસલેમઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૫ અને ૨૬ ફેબ્રુઆરી એમ બે દિવસની ઈઝરાયલની મુલાકાતે જશે, એમ સૂત્રોએ સોમવારે જણાવ્યું હતું.

ઈઝરાયલના વડા પ્રધાન બૅન્જામિન નૅતાન્યાહુએ રવિવારે અમેરિકન જ્યૂ ઑર્ગેનાઈઝશનના પ્રમુખની પરિષદને સંબોધન કરતાં સૌપ્રથમ આ જાહેરાત કરી હતી.

તેમણે કહ્યું હતું કે આવતા અઠવાડિયે કોણ અહીં આવી રહ્યું છે? ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી. ભારત અને ઈઝરાયલ વચ્ચે મજબૂત સંબંધ છે અને તમામ પ્રકારના સહકારને મુદ્દે અમે વાતચીત કરીશું એમ જણાવતાં નૅતાન્યાહુએ કહ્યું હતું કે હવે તમે જાણો છો કે ભારત નાનો દેશ નથી. ૧૪૦ કરોડની વસતિ ધરાવતો આ દેશ એકદમ શક્તિશાળી અને લોકપ્રિય છે. મોદીની ઈઝરાયલ મુલાકાત બે દિવસની હશે, પરંતુ વિશ્વભરમાં મોદીની લોકપ્રિયતાને જોતાં તેની અસર ખૂબ ઘેરી હશે. મોદી ઈઝરાયલની સંસદને સંબોધન કરે તેવી શક્યતા છે એમ જણાવતાં સૂત્રોએ કહ્યું હતું કે બે દિવસની આ મુલાકાત દરમિયાન મોદી તમામ દ્વિપક્ષી અને પ્રાદેશિક મુદ્દાઓ અંગે ચર્ચાવિચારણા કરશે.

# હું કોંગ્રેસમાં હજી છું એની ખુદ રાહુલને પણ ખબર નહીં હોયઃ મણિશંકર ઐયર


નવી દિલ્હીઃ કોંગ્રેસ પાર્ટીના અનેક નેતાઓ તેમના નિવેદનોને કારણે ચર્ચાના કેન્દ્રમાં રહી ચૂકયા છે, આ યાદીમાં મણિશંકર ઐયરનું નામ મોખરે લેવાય છે.

ઐયરે ફરી વિવાદ ઊભો કરતા જણાવ્યું હતું કે પોતે ગાંધીવાદી, નેહરુવાદી અને રાજીવવાદી છે, પરંતુ 'રાહુલવાદી' નથી. તેમણે કટાક્ષ કરતા ઉમેર્યું કે ખુદ રાહુલ ગાંધી કદાચ એ વાત પણ ભૂલી ગયા છે કે ઐયર હજુ પણ કોંગ્રેસ પક્ષના સભ્ય છે.

તેમણે કોંગ્રેસના સંગઠન માળખા અને નેતૃત્વ પર સવાલો ઉઠાવતા કહ્યું કે, જે જવાબદારી એક સમયે સરદાર પટેલ જેવા દિગ્ગજ નેતાઓ સંભાળતા હતા, તે આજે કે.સી. વેણુગોપાલ જેવા વ્યક્તિને સોંપવામાં આવી છે.

કેરળ વિધાનસભા ચૂંટણીના સંદર્ભમાં ભવિષ્યવાણી કરતા ઐયરે પોતાની જ પાર્ટીને અરીસો બતાવ્યો છે. તેમણે કહ્યું કે એક કોંગ્રેસી તરીકે તેઓ ઈચ્છે છે કે યુડીએફની જીત થાય, પરંતુ એક ગાંધીવાદી તરીકે તેમને લાગે છે કે પિનરાઈ વિજયન ફરીથી સત્તામાં આવશે.

પ્રાર્થના સભા



શ્રી અશીતભાઈ બિપીનભાઈ જવેરી
(ઉ. વ.૮૪)
રવિવાર તા.૧૫-૨-૨૦૨૬ના રોજ અરિહંત શરણ પામ્યા છે.

પત્ની : કિર્તીદાબેન અશીતભાઈ જવેરી
માતા- પિતા : સ્વ.ઉર્મિલાબેન અને સ્વ. બિપીનભાઈ જવેરી
પુત્ર : પૂરવ પુત્રી : શ્રેયા
પુત્રવધુ : નેહા જમાઈ : સ્વ. વિશાલ શાહ
પૌત્ર-પૌત્રી : સૌમ્યા, ધ્રુવ
દોહિત્ર-દોહિત્રી: નિવાન, જેહાના
વેવાઈ પક્ષ : ઉષાબહેન અને કિશોરભાઈ જવેરી તથા રેખાબેન અને સંજયભાઈ શાહ
સાસરા પક્ષ : સ્વ. ઉર્મિલાબેન અને સ્વ. રતનચંદ સાકેરચંદ જવેરી

પ્રાર્થના સભા
મંગળવાર તા. ૧૭-૦૨-૨૦૨૬,
સમય: સાંજે ૫ થી ૭ કલાકે
સ્થળ: ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ - ૪૦૦ ૦૯૭.
વેલેટ પાર્કિંગની સુવિધા છે.

# અબ્દુલ સત્તારની મુલાકાત બાદ ભાજપના કાર્યકરોએ ‘ગૌમૂત્ર’થી મંદિરનું ‘શુદ્ધિકરણ’ કર્યું

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગરના સિલ્લોદમાં એક મંદિરમાં શિવસેનાના મુસ્લિમ વિધાનસભ્ય અને રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન અબ્દુલ સત્તાર દર્શન માટે પ્રવેશ્યા બાદ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોએ ગૌમૂત્રથી ‘શુદ્ધિકરણ’ વિધિ કરી હતી.

રવિવારે મહાશિવરાત્રીના અવસરે સત્તારનો તેમના વિધાનસભા મતવિસ્તાર સિલ્લોદના રહીમાબાદમાં શિવ મંદિરની મુલાકાતનો એક વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. ભાજપ અને અન્ય સંગઠનો દ્વારા એનો વિરોધ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ભાજપના કાર્યકરોએ મંદિર ‘શુદ્ધ’ કરવા માટે ‘ગોમુત્ર’ છાંટ્યું એ ઘટના પણ સોશ્યલ મીડિયા પર વ્યાપકપણે ફરતી થઈ હતી. સિલ્લોદ એકમના ભાજપ અધ્યક્ષ મનોજ મોરેલુએ સોમવારે સંવાદદાતાઓને જણાવ્યું હતું કે ‘સત્તાર ગાયનું માંસ ખાય છે અને મંદિરની પવિત્રતાને નુકસાન પાહોંચ્યું છે (તેમની મુલાકાતથી), તેથી જ અમે તેને શુદ્ધ કરવા માટે ગૌમૂત્રનો છંટકાવ કર્યો. સત્તાર મુસ્લિમો અને હિન્દુઓ બંનેને મૂર્ખ બનાવે છે. તાજેતરમાં હજ કરી આવ્યા પછી હવે મંદિરમાં જાય છે. (પીટીઆઈ)■

## પહલગામ આતંકવાદી હુમલો

# પીડિત પરિવાર ૯ મહિના પછી પણ સરકારી નોકરીની રાહમાં

મુંબઈઃ ૨૨ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની ઘટનાએ માનવતાને હચમચાવી દીધી હતી. આ દિવસે આતંકવાદીઓએ હુમલો કરી ૨૬ નિર્દોષ પ્રવાસીઓને બેરહેમીથી મોતને ઘાટ ઉતાર્યા હતા. પુણેમાં રહેતા સંતોષ જગદાલે પણ આમાનાં એક હતા, જેમનું હુમલામાં મોત થયું હતું. સરકારે તે સમયે જાહેરાત કરી હતી કે હુમલામાં મૃત્યુ પામેલા વ્યક્તિના પરિવારના એક સભ્યને સરકારી નોકરી આપવામાં આવશે. જોકે જગદાલે પરિવાર હજુ પણ નોકરીની રાહ જોઈ રહ્યો છે. નોકરી બાબતે હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી.

સંતોષ જગદાલેના પરિવારના આશાવરી જગદાલે અને પ્રગતિ જગદાલેએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસોથી અમે આર્થિક મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છીએ. રાજ્ય સરકારે નોકરીનું વચન આપ્યું હતું. જોકે, નોકરીના પ્રસ્તાવને મંત્રાલય તરફથી ઔપચારિક મંજૂરી મળી નથી.

તેમણે વધુમાં જણાવ્યું કે અમે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના તમામ પીએનો સંપર્ક કરી રહ્યા છીએ, પરંતુ અમારો સંપર્ક થઈ રહ્યો નથી. જગદાલે પરિવાર અત્યારે નોકરીની આશામાં બેઠો છે. સંતોષ જગદાલેના મૃત્યુ બાદ પરિવારને અત્યંત મોટો આઘાત લાગ્યો હોય તેવું જોવા મળી રહ્યું છે. ■

# નાયગાવનો ફૂટઓવર બ્રિજ અસ્થાયી રૂપે બંધ

વસઈઃ પશ્ચિમ રેલવેના નાયગાવ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ ૧, ૨ અને ૩ ને જોડતા ઉત્તર બાજુના જૂના ફૂટઓવર બ્રિજના વિસ્તરણ અને નવીનીકરણ માટે ૧૪ ફેબ્રુઆરીથી તેને અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યો છે. હાલમાં બ્રિજની ઊંચાઈ વધારવા અને પ્લેટફોર્મ પહોળું કરવાનું કામ ચાલી રહ્યું છે. આ કામ માર્ચના અંત સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. રેલવે વહીવટીતંત્રે મુસાફરોને અસુવિધા ટાળવા માટે સ્ટેશન પરના અન્ય ત્રણ ફૂટઓવરબ્રિજ તેમજ પ્લેટફોર્મને જોડતા અંડરપાસનો ઉપયોગ કરવાની અપીલ કરી છે. ■

# સોલાપુરમાં હિટ ઍન્ડ રનઃ ત્રણ મિત્રનાં મૃત્યુ

સોલાપુરઃ સોલાપુરમાં મળસકે બનેલી હિટ ઍન્ડ રનની ઘટનામાં બાઈકસવાર ત્રણ મિત્રએ જીવ ગુમાવ્યા હતા. ઘટના બાદ ફરાર અજાણ્યા વાહનચાલકની માહિતી પોલીસ મેળવી રહી છે. મૃતકોની ઓળખ નાગેશ ગવંડી, રોહન પોરે અને બસવરાજ ચનશેટ્ટી તરીકે થઈ હતી. ત્રણેય મિત્ર એક બાઈક પર શહેરના પ્રસિદ્ધ રૂપાભવાની મંદિર પરિસરમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સોમવારના મળસકે ચાર વાગ્યાની આસપાસ અકસ્માતની ઘટના બની હતી. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે અજાણ્યા વાહને બાઈકને ટક્કર મારતાં ત્રણેય મિત્રનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. અકસ્માત પછી વાહન સાથે આરોપી ફરાર થઈ ગયો હતો. પોલીસ તેની શોધ ચલાવવા ઘટનાસ્થળે લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે. ■

# પાલિકામાં કિશોરી પેડણેકર વિપક્ષનાં નેતા

મુંબઈઃ ભારતીય જનતા પક્ષએ મુંબઈના મેયરનું પદ માટે રીતુ તાવડેને આપ્યા બાદ ઉદ્ધવ ઠાકરેની શિવસેનાએ કિશોરી પેડણેકરને વિરોધ પક્ષના નેતા તરીકે ચૂંટ્યા હોવાથી મુંબઈ મહાનગર પાલિકામાં ‘મહિલા રાજ’ પર મહોર લાગી છે. કિશોરી પેડણેકર સોમવારે બપોરે મુંબઈ મહાનગરપાલિકામાં વિરોધ પક્ષના નેતા તરીકેનો કાર્યભાર સંભાળ્યો.

૨૦૦૦ની સાલમાં મહાનગરપાલિકામાં વિપક્ષી નેતા પદની વ્યવસ્થા શરૂ થઈ ત્યારથી ફક્ત પુરુષો જ આ પદ સંભાળી રહ્યા છે. જોકે કિશોરી પેડણેકરને કારણે મુંબઈ મહાનગરપાલિકાના ઇતિહાસમાં પહેલીવાર વિપક્ષી નેતાનું પદ કોઈ મહિલાને મળ્યું છે. શિવસેના-ભાજપના શાસન દરમિયાન આ પદ કોંગ્રેસને મળતું હતું. જોકે ભાજપ-શિંદે સેનાના શાસન દરમિયાન વિપક્ષી નેતાનું પદ ઠાકરેની સેનાને મળ્યું છે. શિવસેનાના શાસન દરમિયાન કિશોરી પેડણેકર મેયર પદ સંભાળી ચૂક્યા હતા. હવે પક્ષએ તેમને વિપક્ષના નેતાની જવાબદારી સોંપી છે. આ પણ એક સંયોગ છે જે ઇતિહાસમાં પહેલીવાર બન્યો છે. પક્ષએ શિવસેના જૂથ નેતાની જવાબદારી પણ કિશોરી પેડણેકરને સોંપી છે. ■

## ટીપુ સુલતાનની શિવાજી મહારાજની સાથે સરખામણી

# પુણેમાં હિંસા બદલ ભાજપ, કૉંગ્રેસના કાર્યકરો સામે એફઆઈઆર

પુણેઃ કૉંગ્રેસના પ્રદેશ પ્રમુખ હર્ષવર્ધન સપકાળ દ્વારા ટીપુ સુલતાનની સરખાણી શિવાજી મહારાજ સાથે કરવામાં આવ્યા બાદ થયેલી હિંસા પ્રકરણે પુણે પોલીસે ભાજપ અને કૉંગ્રેસના શહેર પ્રમુખો તેમ જ પક્ષના અનેક કાર્યકરો વિરુદ્ધ બે અલગ અલગ કેસ દાખલ કર્યા હતા.

પુણેમાં હર્ષવર્ધન સપકાળની ટિપ્પણીનો વિરોધ કરતી વખતે ભાજપ અને કૉંગ્રેસના કાર્યકરો વચ્ચે રવિવારે થયેલી અથડામણ દરમિયાન પથ્થરમારામાં હરીફ પક્ષોના કાર્યકરો, બે પોલીસ કર્મચારી અને બે જર્નલિસ્ટ સહિત નવ જણ ઘાયલ થયા હતા.


આ પ્રકરણે સામસામી ફરિયાદ નોંધાયા બાદ ભાજપ અને કૉંગ્રેસના અનેક કાર્યકરો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૮ (૧), ૧૮૯ અને ૩૨૪ (૪) સહિત વિવિધ કલમો હેઠળ ગુના દાખલ કરવામાં આવ્યા હતા.

એક કેસ ભાજપના શહેર એકમના પ્રમુખ ધીરજ ઘાટે, તેના સ્થાનિક યુવા પાંખના વડા દુષ્યંત મોહોળ તથા પક્ષના ૫૦થી ૬૦ અન્ય કાર્યકરો વિરુદ્ધ દાખલ કરાયો હતો. તો બીજો કેસ કૉંગ્રેસના શહેર પ્રમુખ અરવિંદ શિંદે, અન્ય બે સ્થાનિક નેતા અને પક્ષના કેટલાક અજાણ્યા કાર્યકરો વિરુદ્ધ દાખલ કરવામાં આવ્યો હતો.

રવિવારે કૉંગ્રેસ ભવન નજીક વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં બંને પક્ષના કાર્યકરો દ્વારા સૂત્રોચ્ચાર કરાયા હતા. તેઓ દીવાલ પર ચઢી ગયા હતા અને પથ્થરમારો થયો હતો.

કૉંગ્રેસે પોતાની ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે ઘાટે, મોહોળ તથા પક્ષના અન્ય ૫૦થી ૬૦ જેટલા કાર્યકરો કૉંગ્રેસ ભવન પહોંચી ગયા હતા અને ઉશ્કેરણીજનક સૂત્રોચ્ચારો તથા પથ્થરમારો કર્યો હતો, જેમાં વિરોધ પક્ષના ત્રણ કાર્યકર ઘાયલ થયા હતા. બીજી ફરિયાદમાં ભાજપ દ્વારા આક્ષેપ કરાયો હતો કે શિંદે તથા કૉંગ્રેસના અન્ય કાર્યકરો દ્વારા પથ્થરમારો કરાયો હતો, જેમાં ભાજપના બે કાર્યકરો, બે મહિલા પોલીસ ઘાયલ થયાં હતાં. (પીટીઆઇ)■

# ભારતીય શાહી ફોટોગ્રાફર રમેશભાઇ શુક્લનું નિધન




મુંબઈઃ સંયુક્ત આરબ અમીરાતના ઈતિહાસના સાક્ષી અને દેશના સ્થાપક પિતાઓની યાદગાર ક્ષણોને પોતાના કેમેરામાં કેદ કરનાર ખ્યાતનામ ભારતીય ફોટોગ્રાફર રમેશભાઇ શુક્લનું રવિવારે સવારે દુબઈની રાશિદ હોસ્પિટલમાં ૮૭ વર્ષની વયે અવસાન થયું છે. હૃદયની બીમારી સામે ઝઝૂમ્યા બાદ રમેશભાઈએ અંતિમ શ્વાસ લીધા હતા. તેમના નિધનથી ભારત અને યુએઈ બંને દેશોના કલા અને ઈતિહાસ જગતમાં શોકની લહેર ફરી વળી છે. રમેશભાઈના પરિવારમાં તેમના પત્ની તરુણ શુક્લ અને પુત્ર નીલ શુક્લ છે.

માત્ર ૨૦ વર્ષની ઉંમરે મુંબઈથી બોટ દ્વારા પાંચ દિવસની દુબઇ સુધી કઠિન મુસાફરી કરી હતી. એ વખતે તેમના ખિસ્સામાં ફક્ત ૫૦ રૂપિયા (આજની કિંમત આશરે ૭૭ દિરહામ) હતા અને જૂની ફિલ્મના ૨૫ રોલ અને એક રોલીકોર્ડ કેમેરા સાથે લઇ ગયા હતા. ઇમિગ્રેશન પ્રક્રિયાઓ વિશે કોઈ ખ્યાલ ન હોવા છતાં અનેક પરિસ્થિતિઓથી લડી તેઓ ત્યાં સ્થિર થયા. તે સમયે - ૬૦ ના દાયકામાં - કેમેરા અને ફોટોગ્રાફ્સ અસામાન્ય હતા તેમણે દુબઇમાં પાડેલા ફોટાઓ મુંબઇના કેટલાક ભારતીય સામયિકોમાં પ્રકાશિત થયા પછી આ ફીચર્સે ખૂબ જ સારો પ્રતિસાદ મેળવ્યો. આ ફોટોગ્રાફ્સે તેમને ગલ્ફ પ્રદેશ વિશે નવી સમજ આપી. ત્યારબાદ રમેશભાઇ શુક્લ તેમના પરિવાર - પત્ની અને પછી ચાર વર્ષના પુત્ર સાથે ફરીથી બોટ દ્વારા મુસાફરી કરી દુબઇ પહોંચ્યા જ્યાં એક સ્ટુડિયો સ્થાપ્યો જેનું નામ ‘નીલ કમલ’ હતું.

સમગ્ર દુબઇમાં ફરી જૂના રોલવાળા કેમેરાથી ફોટોગ્રાફ લેવામાં તેઓએ સમગ્ર જીવન સમર્પિત કર્યુ. ફોટોગ્રાફી સાથે રમેશભાઇને બીજો શોખ - કલાનો પણ હતો. તેઓ મોડી સાંજ સુધી પોતાના ચિત્રરૂમ પાસે બેસીને કેનવાસ પર આકર્ષક પેઈન્ટિંગ્સ પણ બનાવતા. ■

# સ્ટેશન પર ઈમર્જન્સી મેડિકલ રૂમ શરૂ કરાશે

મુંબઈઃ મુંબઈની ઉપનગરીય રેલવે લાઇન પર દરરોજ લાખો મુસાફરો મુસાફરી કરે છે. ઘણી વાર ભારે ભીડને કારણે, મુસાફરોની અચાનક તબિયત બગડવા લાગે છે અને હાર્ટ અટેક જેવી ગંભીર ઘટનાઓ પણ બને છે. આવા કિસ્સાઓમાં તાત્કાલિક તબીબી સહાય મેળવવી ખૂબ જ જરૂરી છે. આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, મધ્ય રેલવેએ મુંબઈ વિભાગના અનેક ઉપનગરીય સ્ટેશનો પર ઇમરજન્સી મેડિકલ રૂમ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. પ્રથમ તબક્કામાં કલવા, ટિટવાલા, કર્જત, કુર્લા, થાણે, મુંબ્રા, ઘાટકોપર, ચેમ્બુર, માનખુર્દ અને લોકમાન્ય તિલક ટર્મિનસ જેવા ૧૦ સ્ટેશનો પર મેડિકલ રૂમની સ્થાપના કરવામાં આવશે. બીજા તબક્કામાં આ સુવિધા કસારા, દાદર, ડોમ્બિવલી, સાયન, વિક્રોલી, ભાંડુપ, દિવા અને ઇગતપુરી જેવા ૮ સ્ટેશનો પર ઉપલબ્ધ થશે.

બંને તબક્કા પૂર્ણ થયા પછી, ઉપનગરીય રેલવે રૂટ પરના ઘણા મહત્ત્વપૂર્ણ સ્ટેશનો પર તાત્કાલિક તબીબી સહાય ઉપલબ્ધ થશે. ■

સચોટ જ્યોતિષ
જન્મ તારીખ
સમય-સ્થાન
જણાવો. વોટ્સઅપ કરો.
લગ્નયોગ ક્યારે ?
ભાગ્યોદય ક્યારે ?
7304586200

# અજિત પવારના વિમાનનાં બ્લેક બોક્સને વધુ તપાસ માટે વિદેશ મોકલવામાં આવશે

## સરકાર વધુ તપાસ અંગે ૧-૨ દિવસમાં મહત્વપૂર્ણ નિર્ણય લેશે

મુંબઈઃ ૨૮ જાન્યુઆરીના રોજ અજિત પવારના વિમાનનો ભયંકર અકસ્માત થયો હતો, જેમાં અજિત પવાર સહિત પાંચ લોકોના મોત થયા હતા. આ વિમાનમાં રહેલા બ્લેકબૉક્સ વિશે હવે મહત્વપૂર્ણ માહિતી સામે આવી છે. ઘટનાના બીજા દિવસે મળી આવ્યું હતું. સૂત્રોએ માહિતી આપી કે અજિતના વિમાનનું બ્લેકબોક્સ બળી ગયું હતું. તેથી હવે આ બ્લેકબોક્સમાંથી ડેટા રિકવર કરવા માટે તેને વિદેશ મોકલવામાં આવે તેવી શક્યતા છે. સૂત્રો પાસેથી એવી પણ માહિતી મળી હતી કે સરકાર વધુ તપાસ અંગે ૧-૨ દિવસમાં મહત્વપૂર્ણ નિર્ણય લેશે. બ્લેકબોક્સ બળી ગયું હોવાથી તેનો ડેટા ક્ષતિગ્રસ્ત થઈ ગયો હોવાથી શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ૨૮ જાન્યુઆરીએ અજિત પવારનું વિમાન ક્રેશ થયું હતું. ઘટનાના બીજા જ દિવસે ઘટનાસ્થળેથી બ્લેકબોક્સ મળી આવ્યું હતું.

આ બ્લેકબોક્સ આંશિક રીતે બળી ગયેલી સ્થિતિમાં મળી આવ્યું હતું. બ્લેકબોક્સમાં રહેલી માહિતી રિકવર કરવી ખૂબ જ જરૂરી છે, તેથી હવે આ બ્લેકબોક્સને વિદેશ મોકલવામાં આવી શકે છે. કેન્દ્ર સરકાર આ અંગે ટૂંક સમયમાં મોટો નિર્ણય લે તેવી શક્યતા છે. ડેટા રિકવરી પછી તે બ્લેકબોક્સમાંથી કઈ માહિતી બહાર આવે છે તે જોવું મહત્વનું રહેશે. ■

# કાર ભાડે લઈને ગિરવી મૂકવાના રૅકેટનો પર્દાફાશઃ ૩૨ કાર જપ્ત

થાણેઃ થાણે ક્રાઈમ બ્રાન્ચે રાજ્યભરમાં ફેલાયેલા ઊંચા વળતરની લાલચે કાર ભાડે લઈને ગિરવી મૂકવાના રૅકેટનો પર્દાફાશ કરી અંદાજે ૨.૪૪ કરોડ રૂપિયાની ૩૨ કાર જપ્ત કરી હતી.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ક્રાઈમ) અમરસિંહ જાધવે જણાવ્યું હતું કે તાજેતરમાં આ પદ્ધતિથી કાર ચોરવાની પાંચ ઘટના થાણેના વાગળે એસ્ટેટ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. ઉપરાછાપરી બનેલી ઘટનાઓ મોટા રૅકેટનો ભાગ હોવાની શક્યતાને પગલે આ મામલે તપાસ હાથ ધરવામાં આવી હતી.

તપાસ દરમિયાન નવી મુંબઈના ઉલવેમાં રહેતા સંદીપ રઘુ શેટ્ટીને તાબામાં લેવાયો હતો. શેટ્ટી ઊંચા વળતરની લાલચ આપીને કારમાલિકોને પોતાની જાળમાં સપડાવતો હતો. શરૂઆતમાં અમુક રકમ કારમાલિકને આપી તેમનો વિશ્વાસ સંપાદન કરતો હતો. પછી ભાડે લીધેલી કાર તે સામેની વ્યક્તિને છેતરીને ગિરવી મૂકતો હતો. આ રીતે મેળવેલી રકમ તે ચાંઉ કરી જતો, એવું અધિકારીએ જણાવ્યું હતું.

પ્રાથમિક તપાસમાં શેટ્ટીની ભૂમિકા સ્પષ્ટ થતાં ક્રાઈમ બ્રાન્ચે તેની ધરપકડ કરી હતી. તેની પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આ રૅકેટ આખા રાજ્યમાં ફેલાયેલું છે.

અધિકારીએ જણાવ્યું હતું કે તપાસ દરમિયાન નવી મુંબઈ, પનવેલ, પુણે, કલ્યાણ, લોનાવલા, છત્રપતિ સંભાજીનગર અને પરભણીથી આવી ૩૨ કાર જપ્ત કરવામાં આવી હતી. પોલીસને શંકા છે કે આ રીતે છેતરપિંડી કરીને આરોપીએ વાહનમાલિકો પાસેથી ભાડે લીધેલાં હજુ કેટલાંક વાહનો ગિરવી મૂક્યાં છે. આરોપીની વધુ પૂછપરછ કરવામાં આવી રહી હોવાનું જાધવે જણાવ્યું હતું. (પીટીઆઈ)■

# ટ્રકમાંથી ૪૦૦ કરોડ રૂપિયાની લૂંટ પછી અપહરણની ફરિયાદ સાવ ખોટીઃ પોલીસ

નાશિકઃ કર્ણાટકથી મહારાષ્ટ્રમાં ટ્રકમાં લાવવામાં આવી રહેલા ૪૦૦ કરોડ રૂપિયાની લૂંટ ચલાવવામાં આવ્યા પછી પોતાના અપહરણ અને મારપીટની ડ્રાઈવરે કરેલી ફરિયાદથી ખાસ્સો હોબાળો મચી ગયો હતો. જોકે આ મામલે સઘન તપાસ કર્યા પછી ડ્રાઈવરની ફરિયાદ સાવ ખોટી હોવાના નિષ્કર્ષ પર આવેલી નાશિક ગ્રામીણ પોલીસ હવે ડ્રાઈવર વિરુદ્ધ જ પગલાં લેવાનું વિચારી રહી છે. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આ કેસમાં ધરપકડ કરાયેલા સાતેય આરોપીને ઈગતપુરી કોર્ટે છોડી મૂક્યા હતા અને ખોટી ફરિયાદ કરનારા ટ્રક ડ્રાઈવર વિરુદ્ધ વિરુદ્ધ પગલાં લેવાના નિર્દેશ આપ્યા હતા.

ટ્રક ડ્રાઈવર સંદીપ પાટીલે ઘોટી પોલીસમાં નોંધાવેલી ફરિયાદને આધારે આ મામલે તપાસ હાથ ધરવામાં આવી હતી. પાટીલે પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે ભારતીય ચલણમાંથી રદ કરાયેલી ૨૦૦૦ રૂપિયાની નોટો ભરેલી ટ્રક મહારાષ્ટ્ર આવી રહી હતી. આ ટ્રકમાં ૪૦૦ કરોડ રૂપિયા હતા, જે મેં લૂંટ્યા હોવાનો દાવો કરી સાત જણે મારું અપહરણ કર્યું હતું અને નિર્જન સ્થળે મારી મારપીટ કરાઈ હતી, એવું ડ્રાઈવરનું કહેવું હતું. પાટીલે દાવો કર્યો હતો કે કર્ણાટક નજીકના બેલગામ જિલ્લામાં લઈ ગયા પછી તેની મારપીટ કરીને સાતેય આરોપી ફરાર થઈ ગયા હતા. વળી, તેણે એવો દાવો પણ કર્યો હતો કે ટ્રકમાં હવાલાના રૂપિયા હતા, જે કર્ણાટકથી મહારાષ્ટ્ર લઈ જવાતા હતા.

પાટીલે તેની સાથે બનેલી કથિત ઘટનાનો વિગતવાર વીડિયો બનાવી સોશ્યલ મીડિયા પર અપલૉડ કર્યો હતો. આ ફરિયાદને ગંભીરતાથી લઈ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી અને પાટીલની મારપીટ કરવામાં સંડોવાયેલા સાતેયની ધરપકડ કરી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે પાટીલે વર્ણવેલી કથનીમાં કેટલાંક છીંડાં હોવાનું જણાયું હતું, જેને પગલે ટ્રકના માર્ગ, કૉલ રેકોર્ડ્સ, સમય જેવી ઝીણામાં ઝીણી બાબતોની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન પાટીલની ફરિયાદ ખોટી હોવાનું જણાયું હતું. (પીટીઆઈ)■



# નાગપુરમાં ભાજપની નગરસેવિકાના પતિ પર ચાકુથી હુમલો

નાગપુરઃ નાગપુરમાં ભાજપની નવી ચૂંટાયેલી નગસેવિકાના પતિ પર રાતે ચાકુથી હુમલો કરવામાં આવતાં તેને ગંભીર ઇજા પહોંચી હતી. નાગપુરમાં કોતવાલી પોલીસ સ્ટેશનની હદમાં રવિવારે રાતના આ ઘટના બની હતી. નગરસેવિકા માનસી શિમલેના પતિ નીતિન શામ શિમલે (૩૯)નો આરોપી મહેશ ઉર્ફે સોનુ ગણેશ ઠાકરે (૩૫) સાથે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. દરમિયાન રવિવારે રાતે બંને વચ્ચે થયેલો ઝઘડો ઉગ્ર બનતાં ઉશ્કેરાયેલા આરોપીએ નીતિન શિમલે પર ચાકુથી હુમલો કર્યો હતો અને ત્યાંથી ફરાર થઇ ગયો હતો. હુમલામાં ઘવાયેલા નીતિનને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો અને નીતિનની હાલત નાજુક છે. આ પ્રકરણે કોતવાલી પોલીસ સ્ટેશનમાં હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરવામાં આવ્યો હોઇ આરોપીની ચલાવવામાં આવી રહી છે. (પીટીઆઇ)

# ટ્રેનના એન્જિનમાં 'ત્રીજી આંખ' લગાવવામાં આવી

## રેલવે પ્રવાસ બનશે વધુ સુરક્ષિત અને ઝડપી

પુણેઃ ભારતમાં દરરોજ લાખો નાગરિકો ટ્રેનમાં મુસાફરી કરે છે, પરંતુ ઘણીવાર રેલવે લાઇન પરની સમસ્યાઓને કારણે ટ્રેનો મોડી પડે છે. રેલવે પ્રવાસને વધુ સુરક્ષિત અને ઝડપી બનાવવા માટે ભારતીય રેલવે દ્વારા 'કવચ ૪.૦' નામની આધુનિક સુરક્ષા પ્રણાલી લાગુ કરવામાં આવી રહી છે. આ સિસ્ટમ એન્જિનમાં બેસાડવાથી આગળના સિગ્નલની માહિતી ડ્રાઇવરને લગભગ સાત કિલોમીટર પહેલા જ કેબિનની સ્ક્રીન પર દેખાશે. તેથી જો સિગ્નલ લાલ હોય અથવા આગળ કોઈ અવરોધ હોય તો ડ્રાઈવર સમયસર ગતિ ઘટાડી શકે છે અને જો જરૂરી હોય તો આ સિસ્ટમ ઓટોમેટિક બ્રેક લગાવી ટ્રેનને રોકી શકશે. પુણે ડિવિઝનમાં લગભગ ૭૦૦ કિમી લાંબા રૂટમાંથી ૨૫૦ કિમીથી વધુ રૂટ પર નોન-સિગ્નલિંગ કવચનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું છે. પુણે-કોલ્હાપુર અને દૌંડ-મનમાડ રૂટ પર પણ આ સિસ્ટમનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. દેશભરના ૧૦ હજાર એન્જિનોમાં 'કવચ ૪.૦' બેસાડવાની કામગીરી ચાલી રહી છે અને ૯,૦૦૦ કિમી રેલવે માર્ગો પર આ ટેક્નોલોજી શરૂ કરવામાં આવી રહી છે. શીલ્ડ સામસામે અથડામણ પાછળના ભાગની અથડામણ અથવા સિગ્નલ નિષ્ફળતાને અટકાવશે, બે ટ્રેનો એક જ ટ્રેક પર આવે ત્યારે આ સિસ્ટમ આપમેળે બ્રેક લગાવશે. જો ગતિ મર્યાદા ઓળંગાઈ જાય તો તે ટ્રેનને ધીમી પણ કરે છે. જો રેલવે ફાટક ખુલ્લા હોય અથવા લૂપ લાઇન પર ગતિ વધુ હોય તો આ સિસ્ટમ ડ્રાઇવરને પણ મદદ કરે છે.

# મધ્ય રેલવેની તિજોરીમાં કરોડો રૂપિયા કેવી રીતે જમા થયા?

મુંબઈ : મધ્ય રેલવેએ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ફક્ત ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધીમાં ૪૦૪.૭૨ કરોડ રૂપિયાની જંગી કમાણી કરી છે. આ આવક ટિકિટોના વેચાણ, દંડ વસૂલી વગેરેથી થઇ નથી, પણ ભંગારના વેચાણમાંથી આ કરોડોની કમાણી કરી છે. રેલવે ટિકિટ વેચાણ, ખુદાબક્ષો પાસેથી દંડ અને અન્ય વિવિધ પ્રકારના દંડમાંથી પણ મોટી રકમની કમાણી કરે છે. હવે રેલવે ભંગાર વેચીને પણ કરોડોની કમાણી કરી રહી છે.

હાલમાં રેલવે વહીવટી તંત્રએ 'ઝીરો સ્ક્રેપ' ઝુંબેશ અમલમાં મૂકી છે. મુખ્ય સ્ટેશન નજીક વર્કશોપ, રેલવે યાર્ડ અને ન વપરાયેલ સંગ્રહિત સામગ્રીનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. આ ઝુંબેશના આધારે, રેલવે હવે બિનઉપયોગી વસ્તુઓ વેચીને માલામાલ બન્યું છે. મધ્ય રેલ્વેમાં સમાવિષ્ટ તમામ રેલવે સ્ટેશનો પર આ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૪-૨૫માં સેન્ટ્રલ રેલવેએ સ્ક્રેપ દ્વારા ૩૯૩.૬૫ કરોડ રૂપિયાની કમાણી કરી હતી. આ વર્ષે આ આવક વધીને ૪૦૪.૭૨ કરોડ રૂપિયા થઈ ગઈ છે. આ આવકમાં ૨.૮૧ ટકાનો વધારો થયો છે.

રેલવેએ ૪૦,૧૭૭ મેટ્રિક ટન રેલવે ટ્રેક મટિરિયલ્સ, ૨,૫૫,૩૧૮ સ્લીપર્સ (ટ્રેક સબગ્રેડ), ૨૫,૭૯૦ (મેટ્રિક ટન લોખંડનો ભંગાર), ૩૩૨૫ (મેટ્રિક ટન નોન-ફેરસ સ્ક્રેપ), ૪૭ રેલવે એન્જિન, ૭૦ પેસેન્જર કોચ અને ૧૧૦ માલવાહક કોચ ભંગાર તરીકે વેચ્યા છે. રેલવે દ્વારા વેચાયેલી આ બધી વસ્તુઓ દ્વારા મોટા પાયે ભંગાર વ્યવસ્થાપન, ટ્રેક નવીકરણના કાર્યો અને બિનઉપયોગી સંપત્તિનું આર્થિક પરિવર્તન થઈ રહ્યું છે. મધ્ય રેલવેના, ભુસાવળ ડિવિઝનને બધા ડિવિઝનોમાં સૌથી વધુ આવક થઈ છે. તેણે ૯૭.૭૨ કરોડ રૂપિયાની જંગી કમાણી કરી છે.

# આખરે ભાયંદરના બ્રિજની વિવાદાસ્પદ ડિઝાઇનમાં ફેરફાર કરાયો

ભાયંદરઃ ભાયંદરમાં મેટ્રો લાઇનને સમાંતર બનાવવામાં આવેલો બ્રિજ યોગ્ય હોવાનો દાવો કરનાર મુંબઈ મહાનગર પ્રદેશ વિકાસ પ્રાધિકરણ (એમએમઆરડીએ) એ આખરે બ્રિજની ડિઝાઇનમાં ફેરફાર કરવાનું શરૂ કર્યું છે. સામે આવેલી માહિતી મુજબ નવા બનાવેલા ડિવાઈડર તોડીને તેને પાછળ ખસેડવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. મીરા-ભાયંદરમાં મેટ્રો લાઇન પર એમએમઆરડીએ દ્વારા ત્રણ ફ્લાયઓવર બનાવવામાં આવ્યા છે. તેમાંથી બે ટ્રાફિક માટે ખુલ્લા મુકવામાં આવ્યા છે. દીપક હોસ્પિટલ અને ફાટક વચ્ચે બાંધવામાં આવેલા બ્રિજનું કામ અંતિમ તબક્કામાં છે. થોડા દિવસો પહેલા આ બ્રિજની ડિઝાઇન બાબતે મોટો વિવાદ ઊભો થયો હતો. ચાર લેન ધરાવતો આ બ્રિજ રેલ્વે ફાટક પાસે ઉતરતી વખતે અચાનક બે લેનનો થઈ જતો હોવાનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. આ વિચિત્ર રચનાને કારણે એમએમઆરડીએની ભારે ટીકા થઈ હતી. વિવાદ વધ્યા પછી, પ્રાધિકરણ દ્વારા એવો દાવો કરવામાં આવ્યો હતો કે આ બ્રિજ યોગ્ય છે અને ભવિષ્યના વિસ્તરણને ધ્યાનમાં રાખીને જ તેની આવી રચના કરવામાં આવી છે.

આ અંગેનું પત્રક અને સત્તાવાર ભૂમિકા સોશિયલ મીડિયા પર જાહેર કરવામાં આવી હતી. જોકે તેમ છતાં નાગરિકોમાં સંતોષનું વાતાવરણ જોવા મળ્યું ન હતું. તેથી, આ વિવાદ ઉકેલવા માટે પ્રાધિકરણે ટ્રાફિક કન્સલ્ટન્ટની નિમણૂક કરી હતી.

દરમિયાન એવું જોવા મળ્યું કે ટ્રાફિક કન્સલ્ટન્ટનો રિપોર્ટ રજૂ થાય તે પહેલાં જ ઓથોરિટીએ બ્રિજની ડિઝાઇનમાં ફેરફાર કરવાનું શરૂ કરી દીધું છે.

# ધરપકડ કરાયેલા નગરસેવકે કોર્ટની મંજૂરી બાદ મેયરપદ માટે ઉમેદવારી નોંધાવી

થાણેઃ થાણે જિલ્લાની કોર્ટે ધરપકડ કરાયેલા નગરસેવક વિલાસ રઘુનાથ પાટીલને સોમવારે પોલીસ એસ્કોર્ટ હેઠળ ભિવંડી-નિઝામપુર મહાનગરપાલિકાની મેયર પદ માટેની આગામી ચૂંટણીમાં ઉમેદવારીપત્ર નોંધાવવા માટે મંજૂરી આપી હતી. ભિવંડી-નિઝામપુર મહાનગરપાલિકાની યાદીમાં જણાવાયું હતું કે વિલાસ પાટીલ સહિત નવ જણે મેયર પદ માટે ઉમેદવારી નોંધાવી હતી, જ્યારે અન્ય છ જણે ડેપ્યુટી મેયરના પદ માટે ઉમેદવારી નોંધાવી હતી. આ બંને પદ માટેની ચૂંટણી ૨૦ ફેબ્રુઆરીએ યોજાશે. ભૂતપૂર્વ મેયર વિલાસ પાટીલની ૨૦૨૫ના છેતરપિંડીના કેસમાં સંડોવણી બદલ ગયા સપ્તાહે થાણે પોલીસની આર્થિક ગુના શાખાએ ધરપકડ કરી હતી. ઘર મેળવી આપવાને નામે લોકો સાથે ઠગાઇ કરવાનો તેના પર આરોપ છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### અજિતદાદાના મૃત્યુના

તે દિવસે બપોરે ૩:૦૯ વાગ્યે જારી કરવામાં આવ્યું હતું . ૨૮ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરી વચ્ચે ૭૫ શૈક્ષણિક સંસ્થાઓને લઘુમતી દરજ્જો આપવામાં આવ્યો હતો. લઘુમતી બાબતો વિભાગની ઓનલાઈન સિસ્ટમમાં આ પ્રમાણપત્રો ક્યારે મંજૂર થયા તે સમયનો પણ ઉલ્લેખ છે. સરકારી કચેરીઓ બંધ થયા પછી પણ, ૬:૩૦ કે ૭:૦૦ વાગ્યે ફાઇલો પર સહી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે 'પોદાર'ની ૨૫ શાળાઓને એક જ દિવસે ૨૯ જાન્યુઆરીએ લઘુમતી દરજ્જો આપવામાં આવ્યો છે. સ્વામી શાંતિ પ્રકાશ અને દેવ પ્રકાશની ચાર શાળાઓને પણ આ લાભ આપવામાં આવ્યો છે. સેવાદાસ મહારાજ શિક્ષક પ્રસારક મંડળ યવતમાળને અજિત પવારના મૃત્યુના દિવસે જ પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. અજિત પવારના મૃત્યુના દિવસે જ કુલ સાત શાળાઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા છે.

### વિદ્યાવિહારમાં

કલમ ઉમેરવામાં આવી છે, એમ પોલીસે જણાવ્યું હતું. તિલકનગર પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર સંતોષ ઢેમરેએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે અમે સગીરના પિતા વાલજી ભૂષણની ધરપકડ કરી હતી અને હાલ તે જુડિશિયલ કસ્ટડીમાં છે. જુવેનાઇલ જસ્ટિસ બોર્ડે તાજેતરમાં બોર્ડની પરીક્ષાને ધ્યાનમાં રાખીને સગીરના જામીન મંજૂર કર્યા હતા. ધ્રુમિલનું સારવાર દરમિયાન રવિવારે સાંજના મૃત્યુ થયું હતું, જેને પગલે હવે એફઆઇઆરમાં ભારતીય ન્યાય સંહિતા અને મોટર વેહિકલ એક્ટની સંબંધિત કલમ ઉમેરવામાં આવી છે અને અમે હવે કોર્ટમાં રિપોર્ટ રજૂ કરીશું. ઘાટકોપર પશ્ચિમમાં એલજી વાડી કંપાઉન્ડ ખાતે રહેતો વેપારી ધ્રુમિલ પટેલ ૫ ફેબ્રુઆરીએ રાતના પત્ની મીનળ પટેલ (૩૨) સાથે પરેલથી સ્કૂટર પર પાછો ફરી રહ્યો હતો ત્યારે વિદ્યાવિહાર સ્થિત તાનસા પાઇપલાઇન રોડ પર કોલેજ નજીક તેને અકસ્માત નડ્યો હતો. કાર હંકારી રહેલા સગીરે ધ્રુમિલની સ્કૂટરને જોરદાર ટક્કર મારી હતી, જેમાં ધ્રુમિલ અને તેની પત્નીને ગંભીર ઇજા પહોંચતાં તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. અકસ્માતની જાણ થતાં પરિવારજનો તાત્કાલિક હોસ્પિટલમાં દોડી આવ્યા હતા. ધ્રુમિલના કાકાએ આ પ્રકરણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસને તપાસમાં જાણવા મળ્યું હતું કે કાર ૧૭ વર્ષનો સગીર હંકારી રહ્યો હતો. આથી પુત્ર સગીર હોવા છતાં તેને કાર હંકારવા માટે આપવા બદલ તેના પિતા વાલજી ભૂષણ સામે ગુનો દાખલ કર્યો હતો અને બાદમાં તેની ધરપકડ કરવામાં આવી હતી.

### પાણીના દરમાં

ચાર્જમાં કોઈ વધારો નથી કરવામાં આવ્યો. જો આ વર્ષે પણ પાણીના ચાર્જમાં વધારો નહીં થાય, તો મહાનગરપાલિકા વધતા ખર્ચને કેવી રીતે પૂર્ણ કરશે એ સવાલ મહાનગરપાલિકા સમક્ષ છે. મહાપાલિકાના મેયર બન્યા પછી રિતુ તાવડેએ સ્પષ્ટતા કરી હતી કે આ વર્ષે પણ પાણીના દરમાં વધારો નહીં થાય. જોકે, જળ વિભાગના વરિષ્ઠ એન્જીનીયરોનું કહેવું છે કે પાણીના દરમાં વધારો ન કરવો એ પરવડે એવું નથી. જો આ વર્ષે પણ પાણીના દરમાં વધારો નહીં કરાય તો પાણી વિભાગ તેના ખર્ચ કેવી રીતે પૂરા કરશે? એવો પ્રશ્ન ઉઠાવ્યો છે. જળ વિભાગના એન્જિનિયર ડિપાર્ટમેન્ટના ખર્ચ, વહીવટી ખર્ચ, સંચાલન અને જાળવણી ખર્ચ, વીજળી ખર્ચ, ડેમમાંથી પાણી પમ્પ કરવા માટેનો ખર્ચ સહિત અનેક ખર્ચમાં દર વર્ષે વધારો થાય છે. સ્થાયી સમિતિએ મહાનગર પાલિકાના તમામ વિભાગોના ખર્ચની સમીક્ષા કર્યા પછી મ્યુનિસિપલ વહીવટી તંત્રને દર વર્ષે પાણીના ચાર્જમાં આઠ ટકા સુધીનો વધારો કરવાનો અધિકાર આપ્યો છે. સમીક્ષા કર્યા પછી પણ આ વધારો કરવામાં આવે છે. જો મેયરે પાણીના ચાર્જમાં વધારો મુલતવી રાખ્યો તો આવકના અન્ય સ્રોતમાંથી પૈસા ઉપાડવા પડશે એવી રજૂઆત કરવામાં આવી છે. દિવસેને દિવસે વધતા ખર્ચને ધ્યાનમાં રાખતા ફિક્સ્ડ ડિપોઝીટના પૈસા પણ વાપરવા પડશે એવું કહેવાય છે. બે વર્ષથી પાણીના દરમાં વધારો ન થવાને કારણે મહાનગરપાલિકાને લગભગ એક હજાર કરોડનું નુકસાન થયું છે. પાણીના દરમાં વધારો ન કરવાનો નિર્ણય મુંબઈ મહાનગરપાલિકા માટે આર્થિક મુશ્કેલી ઊભી કરી શકે છે.

### રોહિત શેટ્ટીના

ધરપકડ કરાયેલા આરોપીઓની સંખ્યા ૧૨ પર પહોંચી હોવાનું વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. ખંડણીની રકમ વસૂલવા માટે ફિલ્મજગત અને ઉદ્યોગપતિઓમાં ધાક જમાવવાને ઇરાદે આ ગોળીબાર કરાયો હોવાનું તપાસમાં સામે આવ્યું હતું.

ક્રાઈમ બ્રાન્ચની ખંડણી વિરોધી શાખાએ પકડી પાડેલા સાત આરોપીમાં શૂટર દીપક રમેશચંદ્ર શર્મા (૨૪), સની રાકેશ કુમાર (૨૩), સોનુ વિનોદ કુમાર (૨૩), રિતિક વિનોદ કુમાર (૨૨), જતીન રત્નેશ ભારદ્વાજ (૨૪), વિશાલ બાલકરામ અને વિષ્ણુ સૂરજ કુશવાહા (૨૬)નો સમાવેશ થાય છે. સાતેય આરોપીને સોમવારે વિશેષ એમસીઓસીએ કોર્ટ સમક્ષ હાજર કરવામાં આવ્યા હતા. કોર્ટે તેમને પચીસ ફેબ્રુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી.

ફિલ્મ ડિરેક્ટર રોહિત શેટ્ટીના જૂહુમાં આવેલા નિવાસસ્થાન શેટ્ટી ટાવર પર ૩૧ જાન્યુઆરીની રાતે ગોળીબાર કરવામાં આવ્યો હતો. શૂટર દીપક શર્મા સેમી ઑટોમેટિક પિસ્તોલથી પાંચ રાઉન્ડ ફાયર કરી તેના સાથી સાથે ફરાર થઈ ગયો હતો. આ પ્રકરણે જૂહુ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો, જેની તપાસ ખંડણી વિરોધી શાખાએ હાથ ધરી હતી.

આ કેસમાં પોલીસે અગાઉ મહારાષ્ટ્રના પુણે શહેરમાંથી પાંચ આરોપીની ધરપકડ કરી હતી, જેમને કોર્ટે ૧૭ ફેબ્રુઆરી સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગના સભ્ય શુભમ લોણકરને ઇશારે શેટ્ટી ટાવર પર ગોળીબાર કરવામાં આવ્યો હોવાનો ખુલાસો પકડાયેલા આરોપીએ કર્યો હતો. પાંચ આરોપી પકડાયા છતાં શૂટર ફરાર હતો અને તેના કોઈ સગડ પોલીસને મળતા નહોતા. ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી આ કેસમાં મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઑફ ઑર્ગેનાઈઝ્ડ ક્રાઈમ ઍક્ટ (એમસીઓસીએ) લગાવવામાં આવ્યો હતો.

ફરાર શૂટરને શોધી કાઢવા ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓની ૧૨ ટીમ અલગ અલગ દિશામાં તપાસ કરી રહી હતી. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ અને મળેલી માહિતીને આધારે શૂટર દીપક શર્મા હરિયાણામાં સંતાયો હોવાનું જાણવા મળ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચની એક ટીમ તાત્કાલિક હરિયાણા પહોંચી હતી, જ્યારે બીજી ટીમ ઉત્તર પ્રદેશ ગઈ હતી.

અધિકારીએ જણાવ્યું હતું કે હરિયાણા એસટીએફની મદદથી ઝજ્જર જિલ્લાના મછરૌલી ગામમાંથી દીપક, સની, સોનુ અને રિતિકને તાબામાં લેવાયા હતા. બીજી બાજુ યુપી એસટીએફની સહાયથી આગરા અને ગાઝિયાબાદથી વિષ્ણુ, જતીન અને વિશાલને પકડી પાડવામાં આવ્યા હતા. પકડાયેલા સાતેય આરોપીને મુંબઈ લાવી તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં પોલીસ ફરાર મુખ્ય આરોપી શુભમ લોણકરની શોધ ચલાવી રહી છે. બાન્દ્રામાં એનસીપીના નેતા બાબા સિદ્દીકીની ગોળી મારી હત્યા કરવાના કેસમાં પણ શુભમ ફરાર છે.

#### સોશ્યલ મીડિયાના માધ્યમથી પોલીસની કાર્યવાહી પર નજર

મુંબઈઃ હરિયાણા અને ઉત્તર પ્રદેશથી પકડાયેલા આરોપીઓએ પોલીસ પૂછપરછમાં સ્પષ્ટતા કરી હતી કે સોશ્યલ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયા પર સતત નજર રાખવામાં આવતી હતી. પોલીસની કાર્યવાહી અને આગામી કામગીરી વિશે મીડિયાના માધ્યમથી જ માહિતી મેળવવામાં આવતી હતી. પોલીસની કાર્યવાહીની વિગતો પ્રાપ્ત કરીને તેના આધારે પોલીસથી બચવાના માર્ગ શોધવામાં આવતા હતા. મીડિયા રિપોર્ટને અનુસરી વારંવાર પોતાનાં ઠેકાણાં બદલતાં હતાં, એવો દાવો આરોપીએ કર્યો હતો. આરોપી જતીન અને વિશાલે પોલીસને જણાવ્યું હતું કે દીપક અને તેના સાથીઓએ રોહિત શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબાર કર્યો હોવાની માહિતી તેમને હતી. ચોંકાવનારી માહિતી એટલે ગોળીબારની જાણકારી હોવા છતાં જતીન અને વિશાલે જ દીપક અને તેના સાથીઓને છુપાવાના સ્થાન અને જરૂરી સાધનસામગ્રી પૂરી પાડવાની વ્યવસ્થા કરી હતી.

### એનસીપીના વિધાનસભ્યો

વિધાનસભ્યોને સતાવી રહ્યો છે. ભાજપ અને શિંદે શિવસેના પાસે જે પ્રકારનું નેતૃત્વ છે એવું નેતૃત્વ અજિત પવારની ગેરહાજરીમાં પક્ષમાં નથી એની ફિકર એનસીપીના વિધાનસભ્યોને છે. અજીત પવારની હયાતીમાં વિધાનસભ્યોને કોઈ ચિંતા નહોતી, પરંતુ હવે તેઓ બેચેન હોવાનું કહેવાય છે.

### ગોળીબાર પહેલાં

શેટ્ટી ટાવરની છેલ્લી વાર રૅકી કરીને ચારેય આરોપી થોડે જ અંતરે આવેલી વાઈન શૉપમાં ગયા હતા. શૉપમાંથી શરાબ ખરીદીને એકાંત રસ્તા પર ચારેય જણે શરાબ પીધો હતો. પછી બે જણ વિલેપાર્લે તરફ ગયા હતા, જ્યારે દીપક અને સોનુ સ્કૂટર પર શેટ્ટી ટાવર નજીક ગયા હતા. સોનુ સ્કૂટર પાસે ઊભો હતો, જ્યારે દીપક ગોળીબાર કરવા શેટ્ટી ટાવર સામે ગયો હતો. ગોળીબાર કરીને પાછા ફરેલા દીપક સાથે બન્ને સ્કૂટર પર જૂહુ ચર્ચ તરફ ગયા હતા.

### ગુનેગારી જગતમાં

પૂછપરછમાં આ ચોંકાવનારો ખુલાસો કર્યો હતો. આરોપીએ જણાવ્યું હતું કે શુભમ લોણકર ગૅન્ગ માટે ફેસબુક, ઈન્સ્ટાગ્રામ જેવાં સોશ્યલ મીડિયા પર સતત આવતી અનેક પોસ્ટ તેમણે જોઈ હતી. આ પોસ્ટમાં ગૅન્ગના કારનામા વિશે લખેલું હોય છે.

ક્યારેક ગુણગાન ગાવામાં આવતાં તો ક્યારેક ગૅન્ગના ફફડાટનો ઉલ્લેખ રહેતો. પરિણામે આવી પોસ્ટથી પ્રભાવિત થઈને આરોપીઓ ગુનેગારી જગતમાં પોતાની છાપ ઊભી કરવા માગતા હતા. આ જ ઉદ્દેશથી આરોપીઓ વિષ્ણુ કુશવાહા સાથે જોડાયા હતા. રાજસ્થાનના ગંગાનગરમાં પાંચ કરોડની ખંડણી માટે ગોળીબાર કરનારા લોણકર ગૅન્ગના ગોલુ પંડિત સાથે વિષ્ણુની મિત્રતા હતી. એ કેસમાં ગોળીબાર માટે ગોલુને મોટી રકમ ચૂકવવામાં આવી હતી. શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબાર માટે પણ વિષ્ણુએ જ આખી ટીમ બનાવી હોવાનું કહેવાય છે. પકડાયેલા આરોપીમાંથી ચાર જણ અગાઉ મુંબઈ આવ્યા હતા અને અનેક વાર શેટ્ટી ટાવરની રૅકી કરી ગયા હતા.

# પારસી મરણ

મની રતનશા પંથકી તે મરહુમો ખોરશેદ રતનશા પંથકીના દીકરી. તે નોઝર તથા મરહુમો કેતી, રોશનના બહેન. તે આયેશા ને શીરાઝના કાકા. તે શેરનાઝના નરણ. (ઉં. વ. ૯૭) રે. ઠે. ૬૪૭, ગાય બિલ્ડિંગ, બી બ્લોક, ૧૦૩, ૧લે માળે, ખરેઘાટ રોડ, દાદર પારસી કોલોની, દાદર (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૭-૨-૨૬ને દીને બપોરે ૩.૪૦ કલાકે વાચ્છા ગાંધી અગિયારીમાં છેજી.

હીલ્લા મિસ્ત્રી તે મરહુમો પેરીન રુસ્તમજી બલસારાના દીકરી. તે રુઝબેના મમા. તે યસનાના બપઇજી. (ઉં. વ. ૯૬) રે. ઠે. કુલ સના, પ્લોટ નં.૮, એ-૬, ૬ઠ્ઠે માળે, નવરોજી ગામડીયા રોડ, કંબાલા હીલ, મુંબઇ-૪૦૦૦૨૬, ઉઠમણાંની ક્રિયા : તા. ૧૭-૨-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે સાહેર અગિયારીમાં છેજી.

# જૈન મરણ

**કાઠિયાવાડી સ્થાનકવાસી જૈન**

રાજકોટ નિવાસી હાલ (ગોરેગાંવ) સ્વ. મનહરલાલ હરખચંદ વોરાના ધર્મપત્ની જ્યોત્સનાબેન (જયાબેન) (ઉં. વ. ૯૩) તા. ૧૫-૨-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ગીરીશ, મેહુલ, રૂપેશ તથા જયોતીબેનના માતુશ્રી. જયશ્રીબેન, રીટાબેન તથા હરેનભાઇના સાસુ. સ્વ. નવલબેન લક્ષ્મીચંદભાઇ શાહના સુપુત્રી. જીગર-વૈભવી, તપન-કિરણ, ધ્વનિ-નિશાંત, અનવી-આદર્શના દાદીમા. કેયુર-અર્પણાના નાનીમા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ જૈન**

પાટણના ખડાખોટડીના પાડાના હાલ ભાયંદર સ્વ. રસીકલાલ મફતલાલ શાહના ધર્મપત્ની સ્વ. મંજુલાબેન રસીકલાલ શાહ (ઉં. વ. ૮૮) તા. ૧૫-૨-૨૬ના રવિવારના અરિહંતશરણ પામ્યા છે. સચીનભાઇ અને દિલીપભાઇના માતુશ્રી. તથા સોનલ અને તૃપ્તીના સાસુ. તથા વિધી ભાવીકકુમાર ગાંધી. સિદ્ધાંત, જીલ, જયનેશના દાદી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. શાસ્ત્રીનગર, ૩- એ, રૂમ. નં. ૧૦૫, ૬૦ ફૂટ રોડ, ભાજી માર્કેટ, ભાયંદર (વેસ્ટ).

**વિશા ઓસવાલ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન**

સુરત નિવાસી હાલ મુંબઈ, અસિતભાઈ બિપીનભાઈ ઝવેરી (ઉં. વ. ૮૪) તા. ૧૫-૨-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. તે કિર્તીદાબહેનના પતિ. પૂરવ તથા શ્રેયાના પિતા. નેહા તથા સ્વ. વિશાલના સસરા. ઉષાબહેન કિશોરભાઈ ઝવેરી તથા રેખાબેન સંજયભાઈ શાહના વેવાઈ. રતનચંદ્ર સાકીરચંદ ઝવેરીના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૧૭-૨-૨૬ મંગળવારે સાંજે ૫ થી ૭. ભારતીય વિદ્યાભવન, ચોપાટી.

# હિન્દુ મરણ

સુધાબેન જયસિંહ ગાંધી, કરસનદાસ ગાંધીના પુત્રવધૂ. મથુરાદાસ પાલેજાના પુત્રી. ગ્રીષ્મા મુકેશ આશર, જગદીપ, શૈલા અનુપ ગાયકવાડ, નિષિદ્ધના માતુશ્રી. હર્ષા, રાજશ્રીના સાસુ. ભાર્ગવ, ઉર્વીના દાદી. શ્રુતિ અને ઉન્નતિના નાની તા. ૧૪-૨-૨૬ના મુંબઇ નિવાસે અવસાન પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

રાજુલાવાળા સ્વ. તારામતી હરિલાલ દોશીના પુત્રવધૂ. તે સ્વ. જ્યોતિન્દ્રભાઇના ધર્મપત્ની ભદ્રાબેન (ઉં. વ. ૮૩) હાલ મલાડ રવિવાર સાંજે તા. ૧૫-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે હેમંત તથા નિતીકાના મમ્મી. પારુલ તથા સ્વ. જયેશભાઇના સાસુ. સાવરકુંડલાવાળા મંછાબેન વેણીલાલ પારેખની પુત્રી. તે મુકુંદભાઇ, અનિલભાઇ, સ્વ. વાસંતીબેન, પ્રતિમાબેન તથા પૂર્ણિમાબેનના ભાભી. પ્રાર્થનાસભા તા. ૧૯-૨-૨૬ ગુરુવારના સાંજે ૫થી ૭. ઠે. સન્યાસ આશ્રમ, ૧લે માળે, વિલેપાર્લે (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

ગીર અમરાપુર નિવાસી હાલ ચેમ્બુર મુંબઇ ઠક્કર મગનલાલ ભાણજી રાયચડા (ઉં. વ. ૯૧) તે સ્વ. કમળાબેનના પતિ. મહેશભાઇ, સ્વ. ઇન્દુબેન હરીશકુમાર પોપટ, શીલાબેન પ્રકાશકુમાર કોટેચા, કલ્પના ભરતકુમાર પૂજારા, ઇલાબેન કિશોરકુમાર ઠક્કર તથા સોનલબેન કૈલાસકુમાર રૂપાના પિતાશ્રી. જયોતીબેનના સસરા. તે સ્વ. નાનજીભાઇ હરિદાસ વીઠલાણી-ખાપોલીવાળાના જમાઇ. પૂર્વી દેવનકુમાર તન્ના તથા મીહીર પાયલના દાદાજી. સ્વ. મણીલાલ, સ્વ. સુરેશભાઇ, પ્રવીણભાઇ, વિનોદભાઇ, પ્રફુલભાઇ, રાજુભાઇના કાકા. તા. ૧૬-૨-૨૬ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૭-૨-૨૬ના મંગળવારના સાંજે ૫થી ૭. ઠે. સુમતિ ગુર્જર ભવન, સુશ્રુત હોસ્પિટલની સામે, સ્વસ્તિક પાર્ક, ચેમ્બુર, મુંબઇ-૪૦૦૦૭૧.

**કપોળ**

મહુવાવાળા હાલ બોરીવલી ગં. સ્વ. મૃદુલાબેન અમૃતલાલ શેઠ (ઉં. વ. ૯૪) તે સ્વ. અમૃતલાલ શામળદાસ શેઠના ધર્મપત્ની. સ્વ. આણંદજી મેઘજી મહેતાના સુપુત્રી તા. ૧૫-૨-૨૬ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે ગં. સ્વ. પ્રતિમા પંકજ ગોરડિયા, અમિતા વિપિન મહેતાના માતુશ્રી. સ્વ. ચંદ્રકાન્ત, સ્વ. મનુભાઇ, ગં. સ્વ. રંજનબેન મ. પારેખ, ગં. સ્વ. જ્યોત્સનાબેન દો. ગોરડિયાના બહેન. મોસાળ પક્ષે મહુવાવાળા સ્વ. મગનલાલ તથા સ્વ. જેઠાલાલ પોપટલાલ મહેતાના ભાણેજ. સર્વે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ભાટીયા**

મુંબઇ નિવાસી હાલ સુરત નિતીન હરેશ ઉદેશી (ઉં. વ. ૪૫) તે સ્વ. ઉમરશી રણછોડદાસ ઉદેશીના પૌત્ર. ગં. સ્વ. ઉષા હરેશ ઉદેશીના પુત્ર. સ્વ. નલિની સુરેશ ઉદેશીનાં ભત્રીજા. હિમાંશુનાં ભાઇ. મીમાંસાના જેઠ. સ્વ. કાંતિલાલ છગનલાલ આશર (મોરબી)ના દોહિત્ર. તા. ૧૩-૨-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

ગં.સ્વ. કુંજલત્તાબેન (ઉં. વ. ૭૩) તે સ્વ. મનસુખલાલ નારણદાસ ઉનડકટના ધર્મપત્ની. સ્વ. ઠાકોરદાસ પુરુષોત્તમદાસ લાખાણીના પુત્રી. શ્યામલ, ગૌતમ, નિલા મેહુલકુમાર ઠક્કરના માતુશ્રી. નિધિ તથા જીગીષાના સાસુ. વિવેક રોહન, ઐશ્વર્યા, કુંજના દાદી. ૧૫/૨/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૭/૨/૨૬ના રોજ ૪ થી ૬. હરિબાગ હોલ, સર્વોદય હોસ્પિટલ પાસે, ટાંકી રોડ, નાલાસોપારા ઈસ્ટ.

**હાલાઈ લોહાણા**

હાલ નાલાસોપારા નિવાસી, કુસુમબેન અમૃતલાલ ભીમજીયાણી (ઉં. વ. ૭૫) સ્વ. અમૃતલાલ જેઠાલાલ ભીમજીયાણીના પત્ની. મહેશ, શ્રદ્ધા જેમ્સ નાદરના માતુશ્રી. સ્વ. કેશવજી નાનજી સાકરીયા (ઠક્કર)ના દીકરી. સ્વ. સાવીત્રીબેન ગોરધનદાસ ઉનડકટ, સ્વ. તારાબેન મોહનલાલ ગણાત્રા, સ્વ. કમુબેન ઈશ્વરલાલ નાગ્રેચા, સુશીલાબેન અરુણકુમાર બુદ્ધદેવ, રસીલાબેન મનસુખલાલ નથવાણી, હર્ષાબેન કીશોરકુમાર બથીયા, રસીકલાલ કેશવજીના બહેન. શનિવાર તા. ૧૪/૨/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ ઘાટકોપર, સ્વ. રમણીકલાલ ભવાનીદાસ હરગોવિંદદાસ વોરા (ઉં. વ. ૯૧) રવિવાર તા. ૧૫-૨-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મૃદુલાબેનના પતિ. દેવાંગ, આશિષ અને નીતાના પિતાશ્રી. મીના, ધરા, કેતનકુમાર પારેખના સસરા. સ્વ. નટવરલાલ, સ્વ. મનસુખલાલ, સ્વ. ભાનુબેન, સ્વ. તારાબેન, સ્વ. અનુસયાબેન, મધુબેન, ભારતીબેન, સરલાબેનના ભાઈ. જાનવી, સાક્ષી, દક્ષ, માનસી, રોહનના દાદા-નાના, ડુંગરવાળા રેશમિયા સ્વ.હરિલાલ મગનલાલ મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા તથા સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

માંગરોળ નિવાસી હાલ દહિસર, સ્વ. ધીરજલાલ પ્રાગજીભાઈ સેતા તથા સ્વ. જશવંતીબેનના પુત્ર બાલમુકુન્દભાઈ (ઉં. વ. ૬૪) ૧૩/૨/૨૬ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે સ્મિતા શરદભાઈ ભાટિયા, કૃષ્ણકાંત તથા અજયના ભાઈ. ભાવના તથા વિદ્યાના જેઠ, વૈભવ, જય, ઝરણાં જીજ્ઞેશ મદાણી, કરણ તથા કૃણાલના મોટાબાપા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નાઘેર દશા શ્રીમાળી વણિક**

ઉના નિવાસી હાલ વાશી, સ્વ. ભાનુમતીબેન તથા સ્વ. છબિલદાસ છગનલાલના પુત્ર જયંત શાહ (ઉં. વ.૫૯) પારુલબેનના પતિ. રૂશાલી, દેવાંશી તથા ક્રિષ્નાના પિતા. ભદ્રેશ, ચેતન તથા જાગૃતિબેન પરેશકુમારના ભાઈ, ટિમ્બી નિવાસી હાલ કાંદિવલી સ્વ. યશુમતીબેન તથા સ્વ. સુરેશભાઈ મોહનલાલ મહેતાના જમાઈ. ભવ્ય, વિધિબેન ધ્રુમિલકુમાર તથા જાનવિના કાકા. તા.૧૫.૨.૨૦૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.


## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૮૧૮/એફ)

### ૧૨. યાત્રા સહેલગાહ

**કુદરતના ખોળે ડુંગરની ટોચે**
**શ્રી મલ્લીનાથ જૈન તીર્થ કોસબાડ (દહાણુ), કુદરતના સાંનિધ્યમાં મૂળનાયક શ્રી મલ્લીનાથદાદાની સેવા-પૂજા કરવા માટે પધારો. ઉત્તમ ભોજનશાળા, ધર્મશાળા વગેરેની વ્યવસ્થા છે. (૫૦ વ્યક્તિઓ માટે સિદ્ધચક્ર પૂજન ફક્ત ₹ 28500/- ના નકરામાં બપોરના જમવા સાથે ભણાવવાની વ્યવસ્થા રાખેલ છે.) બુકિંગ માટે સંપર્કઃ પુનમબેન 9226297975, 8308676398. (એસડીબી-૩૦૫૯)**

### ૧૪. નોકરી ખાલી છે

■ વિશ્વસનીય સરકારમાન્ય રજિસ્ટર્ડ કંપનીમાં નિવૃત્ત, વરિષ્ઠ નાગરિક, બેન્કર્સ, ગૃહિણી જોઈએ છે. ઉંમરઃ 40+. આકર્ષક પેકેજ + પ્રોત્સાહન + ટ્રીપ. 8369794120 / 8369528617. (બી-૧૭૦૮૨)

SECOND EARNING OPPOrtunity in Finance Sectors. Required Retired / Businessman / Housewives. 9869837079. (B-17120)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૨૦. ધંધાદારી જગ્યા

**CHURCHGATE**
Office 230 Carpet Fully Furnished for Sale Jolly Bhavan No. 1 New Marine Lines Whatsup 7021831500. (B-10798)

**CHURCHGATE**
Two Offices for Sale 230 and 239 Carpet Adjacent Single or Joint Fully Furnished Jolly Bhavan No. 1 New Marine Lines. Whatsup 7021831500. (B-17099)

### ૩૩. ધંધાદારી

**■ આયુર્વેદિક કંપનીમાં બેરોજગાર મહિલા/ પુરુષ/ ગૃહિણી ઘરે બેઠા ઔષધ પેકિંગ કરીને દર મહિને ભરપૂર પૈસા કમાવો. સંપર્કઃ 9153791752/ 8337081262. (૭૮૫-એ)**

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

તન-મન-ધનથી રહો
# તરોતાજા

## સંપત્તિ આત્મસન્માન સાથે આવવી જોઈએ, કોઈને તાબે થઈ જવાથી નહીં



મારું પોતાનું અર્થતંત્ર

ગૌરવ મશરૂવાળા

feedback@bombaysamachar.com

અમિતાભ બચ્ચનની 'દીવાર' ફિલ્મનો એક સીન મારાથી ક્યારેય ભુલાશે નહીં. તરુણ વયનો અમિતાભ કેસકોર્સની બહાર બૂટ-પૉલિશ કરવાનું કામ કરે છે. અંધારીઆલમનો ડોન ઈફતેખાર રહેમાન એની પાસે પોતાનાં જૂતાં ચમકાવવા ઊભો રહે છે. બૂટ પૉલિશ થઈ જાય છે એટલે ઈફતેખાર પોતાના એક સાગરીતને પૈસા આપવા ઈશારો કરે છે. પેલો માણસ અમિતાભ તરફ પૈસા ફેંકે છે. તરુણ વયનો અમિતાભ મક્કમતાથી કહે છે. 'સા'બ, મૈં ફેંકે હુએ પૈસે નહીં ઉઠાતા.' આ મહેનતના પૈસા છે તેથી પૂરા સન્માન સાથે અપાવા જોઈએ.

આપણાં શાસ્ત્રોમાં અવારનવાર કોઈને તાબે ન થઈ જવાની શિખામણ આપવામાં આવી છે. કોઈની સામે આદરથી ઝૂકીને માન આપવું એક વાત છે, પણ કોઈને તાબે થઈ જવું તે તદ્દન જુદી સ્થિતિ છે.

કેવી રીતે ખબર પડે કે આપણે કોઈની સામે આદરભાવથી નતમસ્તક થઈ રહ્યા છીએ કે એને તાબે થઈ રહ્યા છીએ? આ સવાલ આપણે આપણા અંતરાત્માને પૂછવો જોઈએ. આપણા દિલમાં એ વ્યક્તિ પ્રત્યે ભરપૂર સન્માન હશે તો આદરભાવથી નતમસ્તક થયા ગણાશો. માથું નમાવીએ નહીં તોપણ એ વ્યક્તિ પ્રત્યે સન્માનની લાગણી ધરાવતાં હોઈએ એટલું પણ પૂરતું છે. ભીતરથી શાંતિ મળવી જોઈએ, બસ. જો આપણે કોઈની પીઠ પાછળ બૂરાઈ કરીશું અથવા તેના વિશે ઊતરતું વિચારીશું અને છતાંય એની સામે એના વખાણ કરીશું કે એનો આભાર માનીશું તો આનો અર્થ થયો કે આપણે એને તાબે થઈ ગયા છીએ.

આદરભાવથી નમન કરવાથી આંતરિક શાંતિ અને પરમાનંદની અનુભૂતિ થાય છે. આપણને અન્ન, વસ્ત્ર, આવાસ, વગેરે પૂરાં પાડતું ધન સન્માનપૂર્વક ઉપાર્જિત કરવામાં આવ્યું હોય તે મહત્ત્વનું છે. ધન કમાયા પછી આપણને આંતરિક શાંતિનો અનુભવ થવો જોઈએ.

કોઈને તાબે થઈને કમાયેલું નાણું પોતાની સાથે અશાંતિ, ક્રોધ, ચીડ અને હતાશા લેતું આવે છે. આવું ધન માણસને આંતરિક સુખ નહીં આપી શકે. આ સઘળી નકારાત્મક લાગણીઓ વહેલીમોડી પરિવારના સભ્યોમાં પણ ફેલાય છે. કોઈને તાબે થઈને કમાણી કરી હશે તો આત્મદયાની લાગણી જાગ્યા વગર રહેશે નહીં - 'શું થાય, પરિવારની જરૂરિયાતો ખાતર મારે આ બધું કરવું પડયું.' ઘરના લોકો માટે એવી લાગણી જાગશે કે, 'આ બધું મારે તમારા ખાતર કરવું પડે છે.' અશાંતિ, ક્રોધ અને હતાશા ત્યાર પછી અહમ્‌માં પરિવર્તિત થાય છે. 'કામ કરનારો પણ હું અને સહન કરનારો પણ હું... આ બધું હું ઘરના માણસો માટે કરું છું. માણસમાં અહમ્ આવે એટલે એને બીજાઓએ પોતાના પણ વિશેષ ધ્યાન આપવું જોઈએ એવી લાગણી જાગતી હોય છે.

જો આપણે ઘરનાઓ માટે કમાતાં હોઈએ તો કંઈ એમના પર ઉપકાર નથી કરતા. આપણી ફરજ છે આ પરિવારના દરેક સભ્યે પોતપોતાની ભૂમિકા ભજવવાની હોય છે. સૌ પોતપોતાનું કામ બરાબર કરશે તો જ ઘરમાં સુખશાંતિ આવશે, જો ઘરની મુખ્ય કમાનારી વ્યક્તિ જ અશાંત, ક્રોધી, હતાશ અને અહંકારી હશે તો ઘરના લોકોને ક્યારેય શાંતિનો અનુભવ નહીં થાય.

જો આપણને લાગતું હોય કે આપણે ફક્ત પૈસા માટે કામ કરીએ છીએ તો ખુદની માન્યતાઓ, નૈતિક મૂલ્યો અને સિદ્ધાંતો સાથે બાંધછોડ થવાની જ. કશો અર્થ નથી આવું કામ કરવાનો. આ કામમાંથી સારી આવક થતી હોય તોપણ નહીં. પૈસાની અત્યંત જરૂર હોય તોપણ નહીં, જે ક્ષણે આપણે તાબે થઈ જઈએ છીએ અથવા ખુદની માન્યતાઓની બલિ ચડાવીએ છીએ, તે ક્ષણથી આપણે ખુદની નજરમાંથી ઊતરી જઈએ છીએ. પછી એવું લાગવા માંડે છે કે આપણે જાણે કોઈ બજારુ ચીજ છીએ જેને પૈસા ફેંકીને ખરીદી શકાય છે. બહુ જ અપમાનજનક લાગણી હોય છે આ, જે સંસ્થા કે વ્યક્તિને આપણે તાબે થયા હોઈશું તે માની લેશે કે આ માણસ તો પૈસા ખાતર કંઈ પણ કરવા તૈયાર થઈ જશે. આપણને નિહાળવાની એની દૃષ્ટિ બદલાઈ જશે. આપણું આત્મસન્માન તળિયે પહોંચી જશે. હવે જો આપણે એમની સામે સિદ્ધાંતો કે મૂલ્યોની વાત કરીશું, વિરોધ કરીશું કે એમની વાત નહીં માનીએ તો તેઓ ચિડાઈ જશે જોકે લાંબા ગાળે એમના દિલમાં આપણા માટે માન જરૂર જાગશે.

મહર્ષિ વાલ્મીકિની કથા જાણો છો? પૌરાણિક કથા અનુસાર તેઓ પહેલાં લૂંટારા હતા. એમનું નામ હતું વાલિયો (તેઓ રત્નાકર તરીકે પણ ઓળખાતા). વાલિયાએ એકવાર નારદમુનિને લૂંટવાની કોશિશ કરી.

નારદમુનિએ પૂછયુંઃ તું શું કામ લૂંટફાટનું કામ કરે છે? વાલિયાએ જવાબ આપ્યોઃ મારા પરિવારનું ગુજરાન ચલાવવા. નારદમુનિએ કહ્યુંઃ જા, જઈને ઘરે બધાને પૂછ કે શું તેઓ તારા પાપમાં ભાગીદાર થવા તૈયાર છે? વાલિયાએ ઘરે જઈને સૌને આ સવાલ કર્યો. સૌએ એક જ જવાબ આપ્યોઃ ના, અમે તમારા પાપમાં ભાગીદાર બનવા તૈયાર નથી.

કહેવાનો મતલબ એ છે કે કશાયને તાબે થઈને ધન ન કમાઓ. પરિવાર તો શું, તમારો માંહ્યલો પણ તમારા પાપમાં ભાગીદાર બનવા રાજી નહીં થાય. ■

**યોગિક વેલ્થ**

આર્થિક બાબતોને લગતાં તમામ દસ્તાવેજો, કાગળિયાં, વગેરે વ્યવસ્થિતપણે ગાઠવો. તમારું નગદ નાણું પણ સરખી રીતે રાખો. નિયમિતપણે તમારી સંપત્તિનું મૂલ્યાંકન કરાતાં રહો. આ બધી લક્ષ્મીની ઉપાસના કરવાની રીતો છે.

વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી

feedback@bombaysamachar.com

## ડિડક્ટિબલ કે કો-પે...?

### આરોગ્ય પૉલિસી લેતી વખતે જ તમને એના વિશે જાણ હોવી જરૂરી છે

આરોગ્ય વીમા પૉલિસી લેતી વખતે આજકાલ ડિડક્ટિબલ અને કો-પેની ચર્ચા થતી રહે છે. આ ચર્ચા જરૂરી પણ છે, કારણ કે આ બન્ને સ્થિતિમાં ક્લેમની અમુક રકમ વીમાધારકના ખિસ્સામાંથી ચૂકવવી પડે છે. આશ્ચર્યની વાત છે કે ઘણા પૉલિસીધારકોને હૉસ્પિટલાઇઝેશન વખતે એના વિશે ખબર પડે છે, પરંતુ એ વખતે પ્લાનમાં ફેરફાર કરવાનું શક્ય હોતું નથી.

-તો ચાલો, આજે આપણે આ મહત્ત્વપૂર્ણ વિષયની વાત કરીએ.

**ડિડક્ટિબલ એટલે શું?**

આરોગ્ય વીમામાં કોઈ પણ ક્લેમની સ્થિતિમાં વીમાધારક પોતાના ખિસામાંથી જેટલી રકમ ચૂકવવા તૈયાર હોય એને 'ડિડક્ટિબલ' કહેવાય છે. એ રકમથી વધારાનો ક્લેમ હોય તો જ વીમા કંપનીની ચૂકવણીની જવાબદારી હોય છે. દાખલા તરીકે : .

તમારી પૉલિસીમાં ૨૫,૦૦૦ રૂપિયા ડિડક્ટિબલ છે. જો તમારું હૉસ્પિટલાઇઝેશનનું બિલ ૬૦,૦૦૦ રૂપિયા થાય, તો એમાંથી ૨૫,૦૦૦ની રકમ ડિડક્ટિબલ તરીકે તમારે જ ચૂકવવાની આવશે. આમ, વીમા કંપની ઉપરના ૩૫,૦૦૦ રૂપિયા ચૂકવશે. જો બિલ ૨૦,૦૦૦ રૂપિયાનું હશે તો તમારે જ એ ચૂકવવું પડશે. તમે વીમા કંપની પાસેથી ૨૫,૦૦૦ રૂપિયાની ઉપરના જ ક્લેમ માટે અરજી કરી શકો છો.

સામાન્ય રીતે ટોપ-અપ અને સુપર ટોપ-અપ પ્લાનમાં ડિડક્ટિબલ સામાન્ય બાબત હોય છે. આવા પ્લાનમાં બેઝ પૉલિસીની રકમને ડિડક્ટિબલ ગણવામાં આવે છે. બેઝ પ્લાન ન હોય તો તમે પોતાના જ ખિસ્સામાંથી એ રકમ ચૂકવશો એવું નક્કી થયેલું હોય છે.

**કો-પે એટલે શું?**

કો-પેમેન્ટ અથવા કો-પે એટલે તમે ક્લેમની રકમમાંથી કેટલા ટકા રકમ પોતાના ખિસ્સામાંથી ખર્ચવા તૈયાર છો એ દર્શાવતી ટકાવારી, જેમકે... તમારી પૉલિસીમાં ૨૦ ટકા કો-પે નક્કી થયું છે અને બિલ ૧,૦૦,૦૦૦ રૂપિયાનું આવે છે. આ સ્થિતિમાં તમે ૧,૦૦,૦૦૦ના ૨૦ ટકા અર્થાત્ ૨૦,૦૦૦ રૂપિયા પોતાના ખિસ્સામાંથી ચૂકવશો. બાકીના ૮૦,૦૦૦માંથી કંપની તમારી પૉલિસીનાં નિયમો અને શરતોના આધારે ચૂકવણી કરશે. જો એ જ વર્ષમાં, ધારો કે, ૫૦,૦૦૦નું બિલ આવે તો તમારે ફરીથી એના ૨૦ ટકા એટલે કે ૧૦,૦૦૦ તમારા ખિસ્સામાંથી ચૂકવવા પડે.



ભારતમાં કો-પેની કલમ મોટાભાગે વરિષ્ઠ નાગરિકોની પૉલિસીમાં, ઓછું પ્રીમિયમ ધરાવતી પૉલિસીમાં અથવા અમુક ચોક્કસ સ્થિતિમાં (જેમકે, નેટવર્ક બહારની હૉસ્પિટલમાં કરાવાતી સારવાર, પૉલિસીમાં આવરી લેવાઈ ન હોય એવી શ્રેણીની રૂમમાં દાખલ થયા હો અથવા વીમાધારકના રહેઠાણના શહેરની બહાર ક્યાંક સારવાર કરાવવામાં આવી હોય) રાખવામાં આવતી હોય છે.

**ડિડક્ટિબલ તથા કો-પે વચ્ચેનો મુખ્ય તફાવત**

આ બન્ને પ્રકારની વ્યવસ્થામાં વીમા કંપનીની ક્લેમ ચૂકવણીની જવાબદારી અલગ અલગ પ્રમાણમાં ઓછી થાય છે અને એથી જ વીમાધારકનું પ્રીમિયમ ઘટે છે.

ડિડક્ટિબલ કો-પે પૉલિસીના એક વર્ષના સમયગાળામાં એક જ વખત વીમાધારકે ડિડક્ટિબલ જેટલી રકમ ચૂકવવાની હોય છે. ત્યાર પછી વીમા કંપનીએ પૂરા ક્લેમની ચુકવણી કરવાની હોય છે.

દરેક ક્લેમ વખતે નિશ્ચિત ટકાવારી જેટલી રકમ વીમાધારકે ચૂકવવાની હોય છે.

દર વર્ષે ૧૦,૦૦૦, ૨૫,૦૦૦ કે ૫૦,૦૦૦ સામાન્ય રીતે બિલની રકમની જેવી કોઈ એક રકમ નિશ્ચિત કરાતી હોય છે.

ટકાવારી દા.ત. ૧૦ ટકા, ૧૫ ટકા, ૨૦ ટકા, વગેરે સામાન્ય રીતે ટોપ-અપ અને સુપર ટોપ-અપ પ્લાનમાં એનો ઉપયોગ થાય છે. ક્યારેક ઊંચી રકમનો વીમો લીધો હોય ત્યારે ડિડક્ટિબલ લેવામાં આવે છે.

સામાન્ય રીતે વરિષ્ઠ નાગરિકો માટેના પ્લાન, ઓછા પ્રીમિયમની રિટેલ

પૉલિસી, અમુક નિશ્ચિત શહેર કે હૉસ્પિટલમાં કરાવાતી સારવાર અથવા અમુક નિશ્ચિત બીમારીઓની સારવારની સ્થિતિમાં કો-પે રાખવામાં આવે છે.

**ડિડક્ટિબલ કોને માફક આવે?**

જો તમારી પાસે કોર્પોરેટ પ્લાન હેઠળ કે પોતે લીધેલો સારો બેઝ પ્લાન હોય અને તમે ટોપ-અપ ખરીદી રહ્યા હો તો ડિડક્ટિબલ સારું. એ ઉપરાંત, જો વખત આવ્યે તમે ડિડક્ટિબલ જેટલી રકમ પોતાના ખિસ્સામાંથી ચૂકવવા સક્ષમ હો તો પણ એ ઉપયોગી થઈ શકે. તમે ઓછા પ્રીમિયમે મોટી રકમનો વીમો કઢાવવા માગતા હો એવી સ્થિતિમાં પણ એ સારું.

**કો-પે કોને માફક આવે?**

જો તમારી મૂળ જરૂરિયાત ઓછા પ્રીમિયમની હોય અને તમે દરેક ક્લેમ વખતે ક્લેમની નિશ્ચિત ટકા રકમ તમારા ખિસ્સામાંથી ચૂકવવા તૈયાર હો એવી સ્થિતિમાં કો-પે સારું. એ ઉપરાંત જો તમે વરિષ્ઠ નાગરિક હો અથવા પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીઝ હોય અને તમારા બજેટમાં ફક્ત કો-પે ધરાવતી પૉલિસી જ મળી શકતી હોય તો પણ કો-પે સારું. વળી, તમને લાગતું હોય કે તમારે હૉસ્પિટલમાં દાખલ થવાની સ્થિતિમાં અમુક રકમ પોતાના ખિસ્સામાંથી ચૂકવવામાં કોઈ આર્થિક બોજ નહીં આવે, તોપણ તમે કો-પેની વ્યવસ્થાનો લાભ લઈ શકો છો.

જોકે, ડિડક્ટિબલ હોય કે પછી કો-પે હોય, પૉલિસી લેતી વખતે જ તમને એના વિશે ખબર હોવી જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, તમે પૉલિસી પહેલેથી તપાસી લીધી હોવી જોઈએ અને આ બન્નેમાંથી તમે જાતે જ કોઈ વિકલ્પ પસંદ કર્યો હોય તો જરાય વાંધો નથી. ક્લેમ આવે ત્યારે તમારે ડિડક્ટિબલ કે કો-પે હેઠળ કેટલી રકમ ચૂકવવી પડશે એનો પહેલેથી ખ્યાલ હોવો જરૂરી છે, જેથી ક્લેમ વખતે તમને કોઈ આઘાત લાગે નહીં. ■

feedback@bombaysamachar.com

આરોગ્ય એક્સપ્રેસ

રાજેશ યાજ્ઞિક

## શંખઃ માત્ર પૂજાની નહિ, ઔષધીય સામગ્રી પણ છે...

શંખ આપણા ધર્મની વિવિધ વિધિઓમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. શંખ સામાન્ય રીતે બે પ્રકારના જોવા મળે છે. વામાવર્ત (ઘડિયાળ વિરુદ્ધ દિશાના વર્તુળો) અને દક્ષિણાવર્ત (ઘડિયાળની દિશામાં વૃત્તાકાર). દક્ષિણાવર્ત શંખ પૂજામાં ઉપયોગમાં લેવાય છે. જ્યારે વામાવર્ત શંખનો ઉપયોગ ઔષધીય હેતુઓ માટે થાય છે. શંખ અને સ્વાસ્થ્ય વચ્ચે શું છે સંબંધ? તે જાણીએ.

એ વોકલ કોર્ડને મજબૂત બનાવે છે. કોસ્મિક (બ્રહ્માંડીય) ધ્વનિ ઉપરાંત, વાસ્તવિક શંખ ફૂંકવાથી ઉત્પન્ન થતા સ્પંદનો ગળાના સ્નાયુઓ માટે કુદરતી મસાજ તરીકે કાર્ય કરે છે. તે કંઠસ્થાનને ઉત્તેજિત કરે છે અને લવચિકતા વધારે છે. આમ સ્પષ્ટ ઉચ્ચારણ અને સ્વર પર વધુ સારું નિયંત્રણ મળે છે.

**પ્રાણાયામ અને ફેફસાંનું સ્વાસ્થ્યઃ**

શંખ ફૂંકવાથી ફેફસાંની ક્ષમતા વધે છે અને શ્વસનતંત્ર મજબૂત બને છે.

**લાળ અથવા કફ અને ગળામાં ભરાવો ઘટાડે છેઃ**

આ કફ અસંતુલન સાથે સંકળાયેલું છે, જેમાં શ્વસનતંત્રમાં વધુ પડતા કફનો સંચય થાય છે. શંખ ફૂંકવાથી હવાનું દબાણ નાક અને ગળાના માર્ગોને સાફ કરવામાં મદદ કરે છે, ભરાવો દૂર કરે છે અને સ્વર પ્રતિધ્વનિમાં સુધારો કરે છે.

**ગળાના ચક્રને (વિશુદ્ધ) સંતુલિત કરે છેઃ**

તે વાતચીત અને અભિવ્યક્તિને નિયંત્રિત કરવાની શક્તિમાં વધારો કરે છે. શંખ ધ્વનિના સ્પંદનો ગળા ચક્રને સંતુલિત અને ઉર્જાવાન બનાવે છે, જે આત્મવિશ્વાસ, સ્પષ્ટતા અને ભાવનાત્મક સંતુલન સાથે બોલવામાં મદદ કરે છે.

**બ્લડ પ્રેશર અને હૃદય સ્વાસ્થ્યઃ**

શંખનો અવાજ સાંભળવાથી માનસિક શાંતિ મળે છે, જે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે.

**સાઉન્ડ થેરાપીઃ**

શંખનો અવાજ ન્યુરોલોજીકલ સિસ્ટમ પર સકારાત્મક અસર કરે છે. તે તણાવ અને હતાશા ઘટાડે છે.

**રોગપ્રતિકારક શક્તિ મજબૂત બનાવે છેઃ**

શંખમાં સંગ્રહિત પાણી પીવાથી રોગપ્રતિકારક શક્તિ વધે છે. આને શંખોદક કહેવામાં આવે છે.


આ તો થયા શંખ ધ્વનિ કે શંખ વગાડવાના લાભ. તે ઉપરાંત શંખની ભસ્મ પણ ઉત્તમ ઔષધીય ગુણો ધરાવે છે.

**અપચા માટેઃ**

શંખ ભસ્મ ખોરાક પચાવવામાં મદદ કરે છે, ભારેપણું દૂર કરે છે. તે પાચનશક્તિ વધારે છે અને પેટનું ફૂલવું ઘટાડે છે. નિયમિત ઉપયોગથી લાંબા ગાળાની અપચાની સમસ્યાઓમાં રાહત મળે છે.

**ડિહાઇડ્રેશન માટેઃ**

શંખ ભસ્મ પાણી અને પોષક તત્ત્વોના શોષણમાં સુધારો કરે છે અને સ્વસ્થ પાચનને ટેકો આપે છે. તે વારંવાર થતી ઊલટી અને ડિહાઇડ્રેશન તરફ દોરી જતી ઉણપ ઘટાડે



છે. તે ઊર્જા સ્તરને પુનઃસ્થાપિત કરે છે અને શરીરને હાઇડ્રેટ રાખે છે.

**એસિડિટી માટેઃ**

શંખ ભસ્મ પેટના વધારાના એસિડને તટસ્થ કરે છે, બળતરા, ખાટા ઓડકાર અને ભોજન પછીની બેચેની ઘટાડે છે. તે પાચનતંત્રને ઠંડું પાડે છે અને કઠોર રસાયણો વિના એસિડ સંતુલનને ટેકો આપે છે. જે લોકો નિયમિતપણે એસિડ રિફ્લક્સ અથવા હાર્ટબર્નની સમસ્યાઓથી પીડાય છે તેમના માટે આદર્શ છે.

**ખીલ માટેઃ**

શંખ ભસ્મ શરીરમાંથી ઝેરી તત્ત્વોને સાફ કરે છે, જે લોહીને શુદ્ધ કરવામાં મદદ કરે છે અને ખીલ ઘટાડે છે. તે આંતરિક ગરમીને ઠંડી કરે છે જે ઘણીવાર ત્વચા પર ફોલ્લીઓનું કારણ બને છે. નિયમિત ઉપયોગથી, ત્વચા સ્વચ્છ, મુલાયમ અને ખીલ મુક્ત બને છે.

**યકૃતની તકલીફ માટેઃ**

શંખ ભસ્મ પિત્ત કાર્ય અને પાચનમાં સુધારો કરે છે, જે યકૃતના કાર્યને ટેકો આપે છે. તે યકૃતને ડિટોક્સિફાઇ કરે છે અને અપચો, એસિડિટી અને સોજો જેવા લક્ષણોમાં રાહત આપે છે.

**શરીરના ડિટોક્સ માટેઃ**

શંખ ભસ્મ પાચનક્રિયાને વેગ આપીને અને આંતરડાને સાફ કરીને શરીરમાંથી હાનિકારક ઝેરી તત્ત્વોને બહાર કાઢે છે. આ શરીરમાંથી કચરો સાફ કરવામાં મદદ કરે છે અને શરીરને સ્વસ્થ, તાજગીભર્યું અને વધુ ઊર્જાવાન બનાવે છે.

**નબળા હાડકાં માટેઃ**

શંખ ભસ્મમાં કુદરતી કેલ્શિયમ અને ખનિજો હોય છે જે હાડકાં અને દાંતને મજબૂત બનાવે છે. તે કેલ્શિયમ શોષણમાં મદદ કરે છે અને હાડકાની ઘનતાને ટેકો આપે છે, ખાસ કરીને વૃદ્ધિ પામી રહેલા બાળકો અથવા વૃદ્ધ વયસ્કોમાં. નિયમિત ઉપયોગથી, તે હાડકાના સ્વાસ્થ્યમાં સુધારો કરે છે અને ફ્રેક્ચરનું જોખમ ઘટાડે છે.

**સાવધાન....**

શંખ ભસ્મનો ઉપયોગ નિષ્ણાત આયુર્વેદાચાર્યના માર્ગદર્શનમાં, અને તેમણે સૂચવેલા પ્રમાણમાં જ કરવો જોઈએ. શંખ ભસ્મનો સહાયક પદાર્થો વિના સીધો ઉપયોગ કરવો અયોગ્ય માનવામાં આવ્યો છે. તેથી તમારી સમસ્યા અનુસાર વૈદ્ય દ્વારા સૂચવાયેલ રીતે જ તે લેવું જોઈએ.

ગર્ભવતી મહિલાઓમાં તેનો દુષ્પ્રભાવ જોવા મળી શકે છે. તેથી તેમના માટે તે ત્યાજ્ય છે. તેનો અતિ ઉપયોગ પણ યોગ્ય મનાયો નથી. ■

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન સામગ્રી
ધર્મતેજ
તરોતાજા
ઈન્ટરવલ
લાડકી
પુરુષ
મેટિની
વીક એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું- દરરોજ કશું અનોખું!

feedback@bombaysamachar.com

આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

# આવશ્યક પ્રોટીન $p^{53}$ કેન્સરને રોકે છે...




**પ્રોટીન** શરીરના બંધારણ વૃદ્ધિ અને સમારકામ માટે આવશ્યક મેક્રોન્યુટ્રિઅન્ટ છે જે ત્વચા હાડકાં વાળ અને નખના નિર્માણ માટે જરૂરી બિલ્ડિંગ બ્લોક તરીકે કામ કરે છે. ઉત્સેચકો હાર્મોનનું સતુંલન જાળવવા રોગ પ્રતિકારક શક્તિ માટે, પેશીઓના સમારકામ ચેપી રોગની સામે લડવા માટે પ્રોટીન આવશ્યક છે. આજકાલ પ્રોટીનની ઊણપ વધુ દેખાવા લાગી છે. ભારતીય ભોજનમાં દાળનું મોટું લિસ્ટ છે. છતાંય પ્રોટીનની ઊણપ છે એનું કારણ ભોજન શૈલીમાં બગાડ થવો તે છે. રિફાઈન્ડ તેલ, સાકર, સોડા, જંકફૂડનો વપરાશ બાહ્ય ડબ્બા પેક ભોજન જેવી બાબતોના કારણે પ્રોટીનની ઊણપ સર્જાય છે.

$p^{53}$ એક અત્યંત મહત્ત્વપૂર્ણ ટ્યૂમર સપ્રેસર પ્રોટીન છે. જે ગુણસૂત્ર (ક્રોમોસોમ) સત્તર $TP^{53}$ જીન દ્વારા બને છે. જે સેલમાંના ડી.એન.એ.માં સંરક્ષકના રૂપમાં કાર્ય કરે છે. જે કેન્સર રોધક છે. $p^{53}$ જીન R6 જીનની જેમ એક ટ્યૂમર અવરોધ જીન છે જે શરીરમાં ટ્યૂમરના નિર્માણને રોકે છે. જેમ જેમ આયુ વધે ઈમ્યુનિટી ઓછી થાય ને $p^{53}$ પ્રોટીનમાં ક્ષતિ પહોંચે ત્યારે કેન્સર કે ટ્યૂમરનું નિર્માણ થાય છે. લગભગ બધા જ પ્રકારના કેન્સરમાં $p^{53}$ ની ક્ષતિ જ કારણ હોય છે.

$p^{53}$ જીન ગુણસૂત્ર સત્તર પર સ્થિત હોય છે જે ડી.એન.એ. સાથે જોડાય અને $p^{21}$ જીન નામક પ્રોટીન ઉત્પન્ન થાય જે કોશિકા (સેલ) ને વિભાજિત થતી રોકે. આ ઉપલબ્ધ ન હોય તો કોશિકા (સેલ)નું વિભાજન અનિયંત્રિત થાય અને કેન્સર કે ટ્યૂમર થાય છે. એટલે કે $p^{53}$ પ્રોટીન પોતાનું કાર્ય બંધ કરી દે ત્યારે કેન્સર થાય છે. છાતીનું કેન્સર, યકૃત, ત્વચા, ફેફસા, કોલોન જેવા કેન્સર થાય છે. ખરાબ કે ક્ષતિગ્રસ્ત થયેલી કોશિકા (સેલ) મરતા નથી તે અનિયંત્રિત રૂપથી વધતા રહે છે.

એક સંશોધન પ્રમાણે સાબિત થયું છે કે $p^{53}$ પ્રોટીન જે લગભગ ચારસો અમાયનો એસિડ મળીને આ પ્રોટીન બને છે જે પ્રમુખ સંયોજન છે. આની રચના ચતુર્ભુજ આકારની છે. જે પૂર્ણ પ્રોટીન છે. જે પ્રોટીન કાર્બોહાઈડ્રેટ અને વસાની સાથે સાથે શરીરને સ્વસ્થ રાખવા માટે આવશ્યક છે. ચાલીસની આયુ પછી માંસપેશી ધીરે ધીરે ઓછી થવા લાગે છે. જેને સાર્કોપેનિયા કહેવાય છે. જેમ જેમ ઉંમર વધવા લાગે આની ગતિ વધી જાય છે. શારીરિક શક્તિમાં ઓછપ, સંતુલન સંબંધી સમસ્યા ઉત્પન્ન થાય છે. આ પ્રોટીનની હાનિના કારણે હાર્મોનલ પરિવર્તન પોષક તત્ત્વોની કમી થાય છે.

$p^{53}$ પ્રોટીન એન્ટીબોડી બનાવવા વાયરસ બેકટેરિયા અને અન્ય રોગજનકોની રોક થામ માટે જરૂરી છે. હિમોગ્લોબીન જેવા પ્રોટીન માટે ફેફસાના ઉત્તકોને ઓક્સિજન પહોંચાડવા માટે અલ્બીમ્યૂન અને લિપ્રો પ્રોટીન જેવા અન્ય પરિવહન પ્રોટીન, ખનિજ તત્ત્વોને



સુરક્ષિત રાખવા પ્રોટીનનું નિર્માણ થવું જરૂરી છે. દરેક સેલનો સિક્યોરિટી ગાર્ડ છે. દરેક સેલમાં $p^{53}$ હોય છે. $p^{53}$ ની મજબૂતી ખૂબ જ જરૂરી છે.

યુનિવર્સિટી ઓફ શિકાગોના અધ્યયન મુજબ આ વાતનો ખુલાસો થયો કે $p^{53}$ અને એલ.આઈ.એફ. મળીને હાથીઓને સુપર કેન્સર પ્રતિરોધી બનાવે છે. જોમ્બી જીન $p^{53}$ ની સાથે કામ કરી ડી.એન.એ. રિપેર કરે અને કેન્સર પ્રતિરોધી વધારે છે. આ પ્રક્રિયા એપોપ્ટોસિસ વધારે છે જે અનિયંત્રિત સેલની ગ્રોથ થવા દેતી નથી કે રોકે છે. $p^{53}$ કોપીઝ ડી.એન.એ. (ખરાબ ડી.એન.એ.)ની શોધ કરીને સેલની અનિયંત્રિત ગ્રોથને રોકે છે. હાથીમાં $p^{53}$ ની વીસ કોપીઝ હોય છે અને માનવમાં ફક્ત એક જ છે. જે કેન્સરથી બચાવે છે. આને કારણે હાથીને આજના સમય સુધી ક્યારેય કેન્સર નથી થયો. હાથી પોતાને જે યોગ્ય છે તેજ વસ્તુઓનો ખાવામાં ઉપયોગ કરે છે. માનવ એ બાહ્ય, વધુ પ્રોસેસવાળો ખોરાક તેમજ રિફાઈન્ડ પ્રોડક્ટસના વપરાશ, જીવનશૈલી અસ્તવ્યસ્તના કારણે આ $p^{53}$ પ્રોટીન બનાવી રાખવા જ્યારે અસમર્થ થાય છે ત્યારે કેન્સર જેવી બીમારીઓ થાય છે.

$p^{53}$ પ્રોટીન માટે કોઈ ખાસ ભોજન લેવાની જરૂર નથી. ખરાબ ભોજનને બંધ કરવાની જરૂર છે. જીવનશૈલી સુધારવી, અપ્રાકૃતિક ભોજન રિફાઈન્ડ સાકરનો ઉપયોગ સદંતર બંધ કરી દેવાથી શરીરમાં $p^{53}$ પ્રોટીન બરાબર કામ કરે છે.

પાંદડાવાળી શાકભાજી, તેમ જ બીજી શાકભાજીનો ઉપયોગ સારા પ્રમાણ કરવો જરૂરી છે. ફળનો ઉપયોગ સીધેસીધો જ કરવો તેને પ્રોસેસ કરીને ન લેવા. વધુ મિક્સ કરેલા જ્યુસ ન લેવા. જડીબૂટ્ટીઓના કાઢા (જે ચહાની જગ્યાએ લઈ શકાય) તે લેવા. ગ્લુકોઝને કાબૂમાં રાખતી ખાટી વસ્તુઓ આમલી, ગોરખઆમલી, કોકમ, બીટ, સ્ટારફ્રૂટ, બીમલી મલબાર આમલાં, લીંબુ જેવા પદાર્થોનો ઉપયોગ ભોજનમાં અવશ્ય કરવો. સારું પ્રોટીન બનાવવા દાળનો ઉપયોગ કરવો. બધા જ કઠોળને સાતથી આઠ કલાક પલાળી પછી જ રાંધવા. ફણગાવેલા કઠોડનો ઉપયોગ ભોજનમાં અવશ્ય કરવો જેથી અમાયનો એસિડ ભરપૂર માત્રામાં છે જે પ્રોટીનનું નિર્માણ કરે છે.


શરૂઆતથી બાળકોને સાકરનું સેવન, ચોકલેટ, આઈસક્રીમ, ઠંડા પીણા ન આપો. ઘરમાં બનતા જ્યુસ અને ઘરનું ભોજન જેમાં પ્રોટીન હોય તેવા ખાદ્ય પદાર્થનો ઉપયોગ જ આગળ જતા બધી બીમારીઓથી બચાવશે. તેમજ વ્યાયામ ખૂબ જ જરૂરી છે. સાકરને સદંતર બંધ કરવી એ ખૂબ જ જરૂરી બાબત છે. ■

feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠાકર

# આંખ તારી હોય કે મારી... બસ, આંસુ ન હોવા જોઈએ




**ચંપકલાલ** નામના મોબાઈલમાંથી ઈશ્વરે આત્મા નામનું સીમકાર્ડ કાઢી લીધું એ જ ક્ષણે કાકા માણસમાંથી લાશ બની ગયા. ચંપકલાલ માટે ડાઘુઓ પણ ભાડેથી લાવવા પડ્યા હતા. લાશ ખભે ઊંચકી ડાઘુઓ એવા દોડ્યા કે

આપણને એમ લાગે કે આ બધું પાછું છુટુ ન પડી જાય. બે દીકરાની પીકનીક અગાઉથી નક્કી કરી હોવાથી બાપુજીની સ્મશાનયાત્રામાં આવી શકે એમ ન હોતા ને આમેય બાપુજીને જીવતાજીવત જ એટલો બાળી બાળી

શેરડીના સાંઠા જેવો બનાવી દીધો હતો કે હવે બાળવા આવે કે ન આવે શું ફેર પડે?. છ ખભા ઉપર કાકાની શાહી સ્મશાનયાત્રા નીકળી. નિયમ મુજબ સાચી-ખોટી રોકકળ ચાલી. બીજી બાજુ જે પથારીમાં જીવ છોડ્યો એ પથારી કાકીએ ખંખેરી તો એક ચિઠ્ઠી જોઈ ચમક્યા. ખોલીને મનોમન વાંચવા લાગ્યા.

'ડાર્લિંગ મજામાં? ખબર છે મજામાં નથી તોયે પૂછ્યું. રોજ સવારે આપણે એકબીજાને 'જયશ્રી કૃષ્ણ' કહેતા ને આજે મારું જ જયશ્રી કૃષ્ણ થઇ ગયું. 'ડાર્લિંગ' શબ્દ વાંચી તારા કાનમાં મોરપીંછ ફરતું હોય એવી ગલીપચી થશે. ચંપુ, હજી પેલો રોમેન્ટિક મૂળ જતો નથી. મારા ૯૦માંથી ૨૮ બાદ કરીએ તો ૬૨ વર્ષની આપણી સંસારયાત્રા સહયાત્રા. હાચું કઉ? રાધા-કૃષ્ણ હોય કે સીતા-રામ. રાજ-નરગીસ હોય કે ધર્મેન્દ્ર-હેમા પણ આ બધા ચંપક-ચંપા પાસે તો પાની કમ ચાય આપણે તો સારસ પંખીની જોડ જેવાં. મેઈડ ફોર ઈચ અધર. યાદ કર હું ઘરની બહાર નીકળતો ને તું ચાલુ થઇ જતી 'અકેલે અકેલે કહાં જા રહે હો, હમે સાથે લેલો જહાં જા રહે હો' ને હું લઇ જતો કે નઈ? મેં ક્યારેય ના પાડેલી? પણ સોરી આજે જીદ કરીશ, રડીશ તો પણ નઈ લઇ જઉં, કારણકે આજે તો મને જ ખબર નથી કે ક્યાં જઈ રહ્યો છું. કદાચ ઈશ્વર પાસે. પણ એય ડોબી, મને મંઝિલ મળે ને હું ગાવા લાગુ 'અકેલે હૈ ચાલે આઓ, જહાં હો' તો આવજે હો.. આવીશને?'

ડાર્લિંગ, ખોટું ન લાગે તો સાચું કઉં? તારી એક ટેવ જીવનમાં મને જરાય નહોતી ગમતી તું વારંવાર દીકરાઓની ફરીયાદ કરતી કે એમનું વર્તન બરાબર નથી, આપણા કહ્યામાં નથી પૂરતા પૈસા આપતા નથી. અરે ગાંડી, આપણી જાત નીચોવીને તેમને ભણાવ્યા, ગણાવ્યા ને મોટા ગજાના બનાવ્યા. કબૂલ પણ એને સંસ્કાર આપ્યા પણ આજે પિકનિક છોડી અગ્નિસંસ્કાર આપવા ન આવ્યા. અરે, આપણને ૩૦૦૦ના ભાડામાં વીસ બાય દસની રૂમ ભાડે અપાવી કે નઈ? ને એમાં આપણે તો બે જ ચૂકવવાના. બાકીનો એક મારા આવતા પેન્શનમાંથી ચુકવતા. નો ચિટીંગ. અરે, આપણે ક્યારેક રસોઈ બનાવવા અશક્ત બનતા તો દીકરા-વહુ ટિફિન મોકલતા કે નઈ?

એમાં વળી તારી ફરિયાદ કે દાળ પાણી જેવી છે. શાક ફિક્કું છે, રોટલી દાઝેલી છે, ભાત કેમ ન મોકલ્યા? શાકને બદલે અથાણું, બે જણા વચ્ચે આટલું જ?.અરે યાર, મોઘવારી કેટલી છે?. એક ટંકના ૨૦૦-૨૫૦ થાય, જ્યારે આપણા દીકરા તો માત્ર ૧૦૦ જ લેતા. એમાં પ્રોફિટ માત્ર ૨૦ રૂપિયા. એટલું તો આપણી પાસે કમાય કે નઈ? અરે ડોબી મારી, ને તું હિસાબ માગી એમની ભૂલો કાઢતી પણ વૃક્ષે ક્યારેય છાયા પાસે હિસાબ માગ્યો છે?

જોકે ભૂલો તો આપણી છે. આપણે તેમને જન્મ આપ્યો. આપણે એવા ભ્રમમાં રહ્યા કે દીકરો આવું ન કરે. શરૂઆતમાં બે દીકરાઓએ પંદર-પંદર દિવસ રાખવાના ભાગલા પાડેલા પણ એકત્રીસ દિવસનો મહિનો આવે તો બેમાંથી કોઈ આપણને ન રાખે ને એક દિવસ ભીખ માગી રખડતા અને એક ભૂલ એ કે એમને લવમેરેજ કરાવી મનગમતી વહુ લાવવા દીધી. તને ખબર છે એ વહુ તારા મારા દીકરાને કહેતી 'આ તારા બા-બાપુજી હજી કેટલાં વર્ષ કાઢશે?' જવાબમાં તેં એકવાર કીધેલું : 'બેટા, અમે તો ખર્યું પાન, આજ છીએ ને કાલ નઈ' ત્યારે વહુ બોલેલી 'પણ બા અમારે આજ તો કાઢવાની ને? ને હું મારા મા-બાપને છોડી શકું તો તું કેમ ન છોડી શકે? પણ દીકરો શું બોલે? ને વહુની વાત ખોટી પણ નહોતી. પણ બિચારા સમાજની બીકે ભાડાના ઘરમાં મૂકી ગયા કે નઈ? બંને દીકરા પણ થાકીને બોલેલા હવે 'બાપુજી છૂટે તો સારું.' પણ હકીકતમાં એમને છૂટવું હતું... મને તો તારો પ્રેમ વધુ જીવવા મજબૂર કરતો હતો. મારે તો મરવુ જ ન હોતું. મારે તો તને અખંડ સૌભાગ્યવતી જ મોકલી પછી મરવું હતું, પણ તારી મજબૂરી કે તું મારા વગર રહી ન્હોતી શકતી. પણ મૃત્યુ ક્યાં કોઈનું સાંભળે છે? જો બકા, આ હું ચાલ્યો ને નપાવટ દીકરાઓ મોઢામાંથી ચોકઠું પણ કાઢી લેશે ને વીટી ન નીકળે તો આંગળી ને ઘડિયાળ ન નીકળે તો કાંડુ કાપી લે એવા પાકા લોભી છે....

હવે એક વાત સાંભળ... થોડા રૂપિયા ભેગા કરી ચાલીના ઘરમાં ચોપડીના નીચેના કબાટમાં તારા માટે એક સફેદ અવરગંડી ખરીદી મૂકી છે. આજે કદાચ તું ન પહેરે તો મારી પ્રાર્થનામાં પહેરજે. વહુઓ પહેરે તો તું કેમ નઈ? હું તને તસવીરમાંથી જોઇશ, ડાર્લિંગ. તે મારી વાતનો ક્યારેય ક્યાં અનાદર કર્યો છે? હું દેખાઉ નઈ એનો મતલબ એ નથી કે હું નથી. આ તો મધ્યાંતર પડ્યો છે. મારી એક વાત માનજે કે જેની ચિંતા કરી એ દીકરાઓને ચિતા પ્રગટાવવા દેતી નઈ, નઈતર ઉપર ઈશ્વર મારા પર ખીજાશે...

અરે એય શું કરે છે ગાંડી મારી, રડે છે? તારા આંસુ મારા માટે કીમતી છે. તું જ તો કહેતી આંખ તારી હોય કે મારી બસ આંસુ ન હોવા જોઈએ ને આજે તું. ચલ આંસુ લુછી નાખ.'

તારો ભવોભવનો ચંપક.'

ચંપા બા ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યાં ત્યાં વહુ આવી બોલી 'બા જરા આઘા ખસો અહીં ગૌ મૂત્ર છાંટીને જગ્યા પવિત્ર

કરવી પડશેને?'

બા ડઘાઈ ગયા ...

તમે? શું કહો છો? ■

feedback@bombaysamachar.com

નિખાર

રશ્મિ ભટ્ટ

# સરસવનું તેલ ચહેરા પર લગાવી શકાય? જાણો તેના ફાયદા-ગેરફાયદા

## ત્વચા માટે સરસવનું તેલ


ખાવા અને વાળ પર લગાવવા માટે સરસવનું તેલ શ્રેષ્ઠ માનવામાં આવે છે. પરંતુ શું સરસવનું તેલ ચહેરા પર લગાવી શકાય? ચાલો જાણીએ આ વિશે...

સરસવનું તેલ સ્વાસ્થ્ય માટે ખૂબ જ આરોગ્યપ્રદ માનવામાં આવે છે. તેનો ઉપયોગ મુખ્યત્વે ભારતીય ઘરોમાં ખોરાકમાં મસાલા ઉમેરવા માટે થાય છે. તે જ સમયે ઘણા લોકો વાળ પર લગાવવા માટે પણ તેનો ઉપયોગ કરે છે, પરંતુ ત્વચાને નુકસાન થવાના ડરથી તેને ચહેરા પર લગાવતા પહેલા ઘણી વાર વિચારો છો, પરંતુ ચાલો તમને જણાવી દઈએ કે સરસવના તેલમાં ઘણા એવા ગુણધર્મો છે, જે ત્વચાને પણ ફાયદો પહોંચાડી શકે છે. જો કે તે થોડું નુકસાન પણ કરી શકે છે. ચાલો જાણીએ કે ચહેરા પર સરસવનું તેલ લગાવવાના ફાયદા અને ગેરફાયદા શું છે?

## ચહેરા પર સરસવનું તેલ લગાવવાના ફાયદા?

ત્વચાને પોષણ આપે છે

ચહેરા પર સરસવનું તેલ લગાવવાથી તમારી ત્વચાને પૂરતું પોષણ મળે છે. સરસવના તેલમાં મુખ્યત્વે વિટામિન-ઈ, ઓમેગા-૩ અને ઓમેગા-૬ ફેટી એસિડ હોય છે, જે તમારી ત્વચાને ઊંડે સુધી પોષણ આપે છે અને ભેજયુક્ત બનાવે છે. આ શુષ્ક અને નિર્જીવ ત્વચાને ચમકદાર બનાવે છે.





## ચહેરા પર કરચલીઓ અને ડાઘ-ધબ્બાથી રાહત

નિયમિત રીતે ચહેરા પર સરસવનું તેલ લગાવવાથી કરચલીઓ અને લાઇન ઓછી થાય છે. વાસ્તવમાં સરસવના તેલમાં એન્ટી-ઓક્સિડન્ટ અને એન્ટી - એજિંગ વિરોધી ગુણધર્મો હોય છે, જે કરચલીઓ અને ફાઇન લાઇન્સ જેવા અકાળ વૃદ્ધત્વને ચિહ્નોને ઘટાડવામાં મદદરૂપ થઈ શકે છે.

## ચેપથી સુરક્ષિત રાખે છે

સરસવના તેલમાં કુદરતી રીતે એન્ટી-બેક્ટેરિયલ અને એન્ટી-ફંગલ ગુણધર્મો હોય છે, જે ત્વચાને બેક્ટેરિયલ અને ફંગલ ચેપથી બચાવવામાં મદદ કરી શકે છે. તે ખીલ અને નાના ત્વચા ચેપથી પણ રક્ષણ આપી શકે છે.

## ચહેરા પર સરસવનું તેલ લગાવવાના ગેરફાયદા?

કેટલાક લોકોને સરસવનું તેલ લગાવવાથી એલર્જી થઈ શકે છે, જેના કારણે તેઓ બળતરા, દુખાવો, ખંજવાળ અને લાલાશની ફરિયાદ કરી શકે છે. સરસવનું તેલ થોડું જાડું અને ભારે હોય છે, જેના કારણે તે ત્વચાના છિદ્રોને બંધ કરી શકે છે. આવી સ્થિતિમાં ખીલ અથવા બ્રેકઆઉટ થવાની શક્યતા વધી જાય છે. જો તમે સરસવનું તેલ લગાવ્યા પછી તડકામાં બહાર જાઓ છો, તો સનબર્ન થવાનું જોખમ રહેલું છે. કારણ કે તે સૂર્યનાં તીવ્ર કિરણોથી ત્વચાને સંપૂર્ણપણે સુરક્ષિત કરવામાં સક્ષમ નથી. આવી સ્થિતિમાં, તડકામાં બહાર નીકળતા પહેલા ચહેરા પર સરસવનું તેલ ન લગાવો. ■

feedback@bombaysamachar.com

ટૂંકું ને ટચ

અનંત મામતોરા

# દાદીમાનું પ્રિય ભોજન ફક્ત સ્વાદનો જ નહીં, પણ સ્વાસ્થ્યનો ખજાનો છે

**પ્રાચીન** સમયમાં અથાણાને માત્ર આહારનો એક ભાગ જ નહીં, પણ સ્વાસ્થ્યને સુધારવા માટે ઘરેલું ઉપાય પણ માનવામાં આવતો હતો. મીઠું, સરસવનું તેલ અને મસાલાઓથી તૈયાર કરાયેલું અથાણું પાચનતંત્રને સક્રિય રાખવામાં મદદ કરે છે.

ભારતીય ભોજનમાં ભોજન સાથે પીરસવામાં આવતા અથાણાંનું વિશેષ મહત્વ છે. સદીઓથી અથાણાને આહારનો એક ભાગ માનવામાં આવે છે, ફક્ત સ્વાદ વધારવા માટે જ નહીં, પરંતુ વિવિધ સ્વાસ્થ્ય લાભો માટે પણ. પહેલાના સમયમાં અથાણા ઘરે ખૂબ જ મહેનતથી તૈયાર કરવામાં આવતા હતા, જેમાં યોગ્ય મસાલા અને સીઝનીંગનો ઉપયોગ કરીને લાંબા ગાળાની જાળવણી સુનિશ્ચિત કરવામાં અને ખોરાકનો સ્વાદ જાળવી રાખવામાં આવતો હતો.

પ્રાચીન સમયમાં દાદીમા માનતાં હતાં કે યોગ્ય રીતે તૈયાર કરાયેલા અથાણા પાચનમાં મદદ કરે છે, ભૂખ લગાડે છે અને ખોરાકનો સ્વાદ સંતુલિત કરે છે. જ્યારે આજના વિશ્વમાં ફાસ્ટ ફૂડ અને પેકેજડ વસ્તુઓ વધુ સામાન્ય બની ગઈ છે, ત્યારે પરંપરાગત સ્વાદ અને તેના ફાયદા હજુ પણ લોકોની પ્લેટમાં સ્થાન ધરાવે છે. તો ચાલો આજે તમને જણાવીએ કે કેવી રીતે આપણી દાદીમાના અથાણાં ફક્ત સ્વાદિષ્ટ જ નથી પણ સ્વાસ્થ્યનો ખજાનો પણ છે.



## અથાણાં અને સ્વાસ્થ્ય વચ્ચેનો પ્રાચીન સંબંધ

પ્રાચીન સમયમાં અથાણાને માત્ર આહારનો એક ભાગ જ નહીં પણ આંતરડાના સ્વાસ્થ્યને સુધારવા માટે ઘરેલું ઉપાય પણ માનવામાં આવતો હતો.

મીઠું, સરસવના તેલ અને મસાલાથી તૈયાર કરાયેલું અથાણું પાચનતંત્રને સક્રિય રાખવામાં મદદ કરે છે. આ જ કારણ છે કે થોડું અથાણું હંમેશાં દાળ-ભાત, પરાઠાં અથવા ખીચડી સાથે પીરસવામાં આવતું હતું.

## કયાં અથાણાં સ્વાસ્થ્ય માટે વધુ ફાયદાકારક છે?

લસૌદા એટલે કે ગુંદા જેવા સ્થાનિક ફળોમાંથી સ્વસ્થ અથાણાં બનાવવામાં આવતા હતા

ગુંદા, એક નાનું ઉનાળાનું ફળ જેને લસૌદા અથવા ભારતીય ચેરી તરીકે પણ ઓળખવામાં આવે છે, તેનો ઉપયોગ ઘણીવાર અથાણાં તરીકે થતો હતો. આ ફળ પ્રોટીન, ફાઇબર, કેલ્શિયમ, ફોસ્ફરસ અને આયર્નથી ભરપૂર હોય છે. તેના અથાણાં પાચનને મજબૂત બનાવવા અને શરીરને ઠંડું કરવા માટે માનવામાં આવે છે.

## મરચાં, લસણ અને કેરીનું અથાણું

મરચાં અને લસણનું અથાણું માત્ર ખોરાકમાં મસાલા ઉમેરતું નથી પણ પાચન સુધારવામાં પણ મદદ કરે છે. લસણના એન્ટીબેક્ટેરિયલ ગુણધર્મો પેટને સ્વસ્થ રાખે છે. કાચી કેરીનું અથાણું ભૂખ વધારવા અને પાચન સુધારવામાં પણ મદદરૂપ માનવામાં આવે છે.

## અથાણામાં સરસવનું તેલ અને મીઠું શા માટે મહત્ત્વપૂર્ણ છે?


અથાણામાં સરસવનું તેલ સૌથી મહત્વપૂર્ણ પ્રિઝર્વેટિવ માનવામાં આવે છે. તે માત્ર સ્વાદ જ નહીં પણ અથાણાને પણ સાચવે છે. મીઠું બેક્ટેરિયા અને ફૂગ સામે રક્ષણ આપે છે. આ કારણોસરસ દાદીમાઓ અથાણામાં મીઠાનું પ્રમાણ કાળજીપૂર્વક પસંદ કરતાં હતાં.

## ઘરે બનાવેલાં અથાણાં આજે પણ શા માટે મહત્ત્વપૂર્ણ છે?

વ્યાપારી અથાણાંમાં પ્રિઝર્વેટિવ્સ અને ભેળસેળ સામાન્ય બની ગઈ છે. તેથી, દાદીમાની રીતે તૈયાર કરેલાં ઘરે બનાવેલા અથાણાનો સ્વાદ માત્ર સારો જ નથી હોતો પણ આંતરડાના સ્વાસ્થ્ય માટે પણ વધુ ફાયદાકારક માનવામાં આવે છે. યોગ્ય રીતે તૈયાર કરેલાં અથાણાં પાચનને મજબૂત બનાવે છે અને ખાવાનો આનંદ બમણો કરે છે. ■

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# ભાંગના બીજ સ્વાસ્થ્ય માટે છે કમાલના ગુણકારી!



'હોરી આઈ રે કાન્હા વ્રજ કે રસિયા હોરી આઈ રે'... ભારતમાં વસંત ઋતુનું ઘણું મહત્ત્વ છે. માનવીય જીવનમાં ઉત્સાહ-ઉમંગ ભરી દે તેવી આ ઋતુ હોય છે. વસંતનો મુખ્ય તહેવાર એટલે જ 'હોળી'. જેમ યુવાનીમાં 'વૅલેન્ટાઈન ડે'ની અગાઉથી તૈયારી થતી હોય છે. નાની-મોટી પ્રત્યેક વ્યક્તિઓની સાથે વ્રજવાસીઓ ખાસ હોળીની રાહ આતુરતાથી જોતાં હોય છે. જીવનમાં એક વખત વ્રજની હોળીનો આનંદ અચૂક માણવો જોઈએ. હોળીની વાત આવે તેની સાથે ભાંગની યાદ આવે. ભાંગ શબ્દ વાંચીને તરત જ આપણા મનમાં એવો જ વિચાર આવે કે તેનું સેવન સ્વાસ્થ્ય માટે ગુણકારી નથી. વાસ્તવમાં કુદરતે જેમ પ્રત્યેક વ્યક્તિને એક અનોખી આવડત સાથે પૃથ્વી ઉપર મોકલી છે, તે જ પ્રમાણે પ્રત્યેક વનસ્પતિમાં કાંઈક અલગ જ ગુણો સમાવી દીધા છે. ભારતમાં મારિજુઆના શબ્દ કે ભાંગ શબ્દ સાંભળીને એક અલગ પ્રકારની ઉત્તેજના જોવા મળે છે. મારિજુઆનાના ત્રણ સ્વરૂપ એટલે ગાંજો-ચરસ-ભાંગને રાખવી, ખાવી કે તેનો વ્યાપાર કરવો ગૈર-કાનૂની ગણાય છે. તેમાં એક અપવાદ છે જે છે ભાંગના બીજ. ભાંગના બીજ કૈનાબિસ સૈટિવા છોડમાંથી મળે છે. જે મારિજુઆનાના છોડથી અલગ પ્રકારનો છોડ છે. ભાંગના બીજથી નશો થતો નથી. કેમ કે તેમાં ટેટ્રાહાઈડ્રોકેનાબિનોલનો અત્યંત નાનો ભાગ હોય છે. જેનો આરોગ્ય ઉપર કોઈ મનોવૈજ્ઞાનિક પ્રભાવ નથી પડતો. આ બીજ સ્વાદમાં કુકકુરા હોય છે. હળવી મીઠાશની સાથે તેનો સ્વાદ અખરોટ જેવો લાગે છે. અનેક લોકોને તે છોતરાં સાથે ખાવા પસંદ હોય છે. તો કેટલાંક લોકોને તે છોતરાં સાફ કરીને ખાવા ગમે છે. દેખાવમાં તે અત્યંત નાના બીજ હોય છે, પરંતુ તેમાં પૌષ્ટિક તત્ત્વોનો ખજાનો સમાયેલો હોય છે. ભાંગના બીજમાં પોષક તત્ત્વોનો ખજાનો સમાયેલો છે. પહાડી પ્રદેશોમાં ભાંગના બીજનો વિવિધ વ્યંજનોમાં ખાસ ઉપયોગ કરવામાં આવે છે. હવે તો ભાંગના બીજના ખાસ ગુણોને કારણે તેની નિકાસ મોટા પાયે થવા લાગી છે. ભાંગના બીજ રોગપ્રતિકારક શક્તિ વધારવાની સાથે ત્વચા, પાચન ક્રિયા, મગજ માટે લાભકારક ગણાવા લાગ્યા છે. ભાંગના બીજનો નિયમિત ઉપયોગ પ્રમાણભાન રાખીને કરવો આવશ્યક છે.

આયુર્વેદમાં ભાંગના બીજને તેના ઔષધીય ગુણોને કારણે ખાસ ઉપયોગ કરવામાં આવે છે. તેમાં વિવિધ પોષક ગુણો હોવાની સાથે તેમાં પ્રોટીન, ફાઈબર, વિટામિન, મિનરલ્સ સમાયેલાં છે. શાકાહારી ભોજન પસંદ કરતાં જનસમૂહ માટે ભાંગના બીજ એક સારો પર્યાય ગણવામાં આવે છે. ભાંગના બીજનો સમાવેશ સૂકા મેવા તરીકે કરવામાં આવે છે. તેના બીજમાં ૩૦ ટકા તેલ તથા ૨૫ ટકા પ્રોટીન સમાયેલું હોય છે. ભાંગના બીજના તેલનું ઑક્સિડેશન તાપમાન ઓછું હોય છે. તેથી તેના તેલનો ઉપયોગ પ્રોસેસ્ડ ખાદ્યપદાર્થો કે લાંબા સમય સુધી રાખી શકાય તેવી વસ્તુના ઉપયોગમાં કરી શકાતો નથી. ભાંગના તેલમાં સ્વાસ્થ્ય માટે આવશ્યક પ્રત્યેક એમિનો એસિડ હોય છે. મુખ્યત્વે આર્જિનિન જે હૃદયના સ્વાસ્થ્ય માટે ગુણકારી ગણાય છે. બેક્ટેરિયા, ફંગસ કે વાયરસથી ફેલાતાં રોગથી બચાવે છે.

**તેથી જ તો આજે આપણે હોળીમાં ખાસ ઉપયોગમાં લેવાતાં ભાંગના બીજના ગુણો વિશે જાણકારી મેળવી લઇએ :**

**ત્વચા સંબંધિત સમસ્યાને સુધારવામાં લાભકારક :** ભાંગના બીજનો ઉપયોગ આહારમાં કરવાની સાથે ભાંગના બીજનું તેલ ત્વચા ઉપર ચમત્કારિક પરિણામ ધરાવે છે. કેમ કે ભાંગના બીજના અર્કમાં ઍન્ટિ બેક્ટેરિયલ, ઍન્ટિ ઈન્ફ્લેમેટરી તથા ઍન્ટિ ઑક્સિડન્ટ ગુણો સમાયેલાં હોય છે. જે ત્વચા સંબંધિત વિવિધ સમસ્યાને દૂર કરવામાં મદદ કરે છે. જે કૉલેજન ઉત્પાદનનમાં વધારો કરે છે. જેની ગણતરી પ્રોટીનમાં થાય છે. ત્વચા ઉપર દેખાતા કાળા ડાઘ, લાલ ચકામાની સમસ્યામાં રાહત અપાવે છે.

**બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં લાભકારક :** ભાંગના બીજને અંગ્રેજીમાં હેંપ સીડસ્ તરીકે ઓળખવામાં આવે છે. ભાંગના બીજમાં ઑમેગા-૩ તથા ઑમેગા-૬ જેવા સ્વાસ્થ્યવર્ધક ફેટી એસિડની માત્રા ભરપૂર સમાયેલી હોય છે. જે પૉલી-અનસેચ્યુરેટેડ ફેટ હોય છે. હૃદયની તંદુરસ્તી જાળવવા માટે તે અત્યંત ઉપયોગી ગણાય છે. તેનું સેવન કરવાથી ખરાબ કૉલેસ્ટ્રોલનું પ્રમાણ નિયંત્રણમાં રહે છે. વળી સારા કૉલેસ્ટ્રોલની માત્રા વધારવામાં મદદ કરે છે. જેથી નસોમાં લોહી ગંઠાઈ જવાની શક્યતા ઘટે છે. હૃદય તેનું કામ સુચારુ રીતે કરવા સક્ષમ બને છે. નેશનલ લાઈબ્રેરી ઑફ મેડિસિન દ્વારા પ્રકાશિત એક અધ્યયન મુજબ ભાંગના બીજમાં રહેલું ઑમેગા -૩ ફેટી એસિડ જેથી તેનું સેવન કરવાથી ઈસ્કેમિક હૃદય રોગ જેવી સમસ્યાને રોકવાની ક્ષમતા વધે છે. હૃદયની તંદુરસ્તી જાળવવા પ્રત્યે સજાગ વ્યક્તિએ ભાંગના બીજ તથા બીજના તેલનો ઉપયોગ અવશ્ય કરવો.

**મગજના સ્વાસ્થ્યને સુધારવામાં ગુણકારી :** ઑમેગા-૩ ફેટી એસિડ નશો તેમ જ મગજના સ્નાયુઓને થતાં નુકસાનથી બચાવે છે. સ્વસ્થ મગજ ચોક્કસ રીતે વધુ સારું કામ કરી શકે છે. વય વધવાની સાથે યાદશક્તિ ઘટી જવાની તકલીફ કે અન્ય તકલીફને રોકવાનું કામ કરે છે. કેમ કે વય વધવાની સાથે શરીરમાં ઑમેગા-૩ ફેટી એસિડની માત્રા ઘટવાની શરૂ થતી હોય છે. જેનાથી બચવું હોય તો ઑમેગા-૩ ફેટી એસિડ ધરાવતો આહાર લેવો આવશ્યક ગણાય છે.

**હોર્મોનલ સંતુલન જાળવવામાં મદદરૂપ :** પારંપારિક ચિકિત્સાનો ઉપયોગ અનેક વર્ષોથી સ્ત્રી રોગ તથા હોર્મોનલ સમસ્યાના ઈલાજ માટે થતો જોવા મળે છે. જેમાં ભાંગના બીજનો ઉપયોગ અસરકારક ગણાય છે. ભાંગના બીજમાં ગામા લિનોલેનિક એસિડ સમાયેલું હોય છે. જે મહિલાઓમાં રજોનિવૃત્તિનાં લક્ષણોને કારણે થતી તકલીફને નિયંત્રિત કરીને તેને નિયમિત કરવામાં મદદ કરે છે.

**પોષણનો ખજાનો :** ભાંગમાં પોષણનો ખજાનો સમાયેલો છે. તેમાં મેગ્નેશ્યિમ, ઝિંક આયર્નની માત્રા ભરપૂર છે. રોગપ્રતિકારક શક્તિ વધારવાની સાથે શરીરને ઊર્જાવાન બનાવે છે. ઍન્ટિ ઑક્સિડન્ટ તથા ઍન્ટિ ઈન્ફ્લેમેટરી ગુણો સમાયેલાં હોવાને કારણે ઈમ્યૂન સૅલ્સની રક્ષા કરવામાં મદદરૂપ થાય છે. શરીરમાં અચાનક દેખાતાં સોજાના અણુઓ જેને કારણે વ્યક્તિ અશક્તિ અનુભવે છે તેને રોકવામાં મદદ કરે છે.

**કીટો ડાયેટમાં લાભકારી :** આજકાલ યુવા-વર્ગ કીટો ડાયેટ પ્રત્યે વધુ આકર્ષાયો છે. ભાંગના બીજની સુગંધ તથા સ્વાદ સૂકામેવા જેવા હોવાથી તેને ટોસ્ટ ઉપર કે ઑટસ્માં ભેળવીને ખાઈ શકાય છે. જે વજન ઘટાડવાની સાથે શરીરમાં કાર્બ્સની માત્રા ઘટાડવામાં મદદ કરે છે.

**ભાંગના બીજનો આહારમાં ઉપયોગ કઈ રીતે કરી શકાય :** ભાંગના બીજનો ઉપયોગ કરવો સરળ છે. જેમ ભોજનની સજાવટમાં કોથમીર-સૂકો મેવો-ફળોનો ઉપયોગ થાય છે તે જ પ્રમાણે ભાંગના બીજનો ઉપયોગ શક્ય છે. રાયતું બનાવ્યા બાદ, સલાડ, દલિયા, પુલાવ, શાક, બીરિયાની વગેરેની સજાવટમાં થઈ શકે છે. ભાંગના બીજની ચટણી પહાડી પ્રદેશની આગવી ઓળખ ગણાય છે.

મિલ્કશૅક, સ્મૂધી કે શરબતમાં ભાંગના બીજ વાપરી શકાય છે. પીત્ઝા, પાસ્તા, કુકીઝ બ્રેડ, કૅક વગેરેમાં વાપરી શકાય છે. ભાંગના બીજને પાણીમાં ભેળવીને તેનું દૂધ બનાવીને પી શકાય છે. લૈક્ટોઝ ઈન્ટોલરન્સની તકલીફ ધરાવતી વ્યક્તિ માટે વનસ્પતિના બીજનો ઉપયોગ કરીને બનાવવામાં આવતું દૂધ એક સારો વિકલ્પ ગણી શકાય. કેમ કે ભાંગના બીજ ગ્લૂટેન મુક્ત હોય છે.

## ભાંગના લાડુ



**સામગ્રી :** ૨ કપ ઑટસ, ૧ કપ નાચણીનો લોટ, અડધો કપ ભાંગના બીજ, ૧ કપ વિવિધ બીજ (તલ, પમ્પકીન, ચીયા, અળસી, અખરોટ ) અડધો કપ ગોળ.


**બનાવવાની રીત :** સૌ પ્રથમ ભાંગના બીજની સાથે ઉપરોક્ત લખેલાં બીજને ધીમા તાપે શેકી લેવાં. ઠંડા થાય ત્યારબાદ તેનો મિક્સરમાં અધકચરો ભૂકો કરવો. ઑટસને પણ શેકીને ભૂકો કરવો. ત્યારબાદ તેમાં નાચણીનો લોટ શેકીને ઉમેરવો. અડધો કપ ગોળ કડાઈમાં લઈને ધીમા તાપે ઓગાળી લેવો. ગોળ બરાબર ઓગળી જાય ત્યારબાદ તેમાં ઉપરોક્ત લોટ, શેકીને વાટેલાં બીજ, ઉમેરીને નાના લાડુ વાળી લેવાં, પ્રોટીનથી ભરપૂર આ લાડુ ઝડપથી બનવાની સાથે સ્વાદિષ્ટ બને છે. ■

---

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા

# કોઈ પણ અકસ્માતની કટોકટી પહેલાં જરૂરી છે પ્રાથમિક સારવાર...




સતત ભાગદોડના આ યુગમાં આપણું જીવન અખંડ હરતું-ફરતું રહે છે. તેમાં શરીરને કયારે અને કયાં શું થઇ જાય, તેનો કોઇ નિર્ધાર નથી. અને તે આફતની વેળાએ આજુબાજુમાં યોગ્ય ચિકિત્સક હોય એવું જવલ્લે જ શકય હોય છે. તે હેતુને ધ્યાનમાં રાખીને જો રોજબરોજ થતાં નાના-મોટા અકસ્માતોના પ્રાથમિક ઉપચારોથી આપણે માહિતગાર હોઇએ, તો તે આપણને તેમ જ આજુબાજુવાળાને બહુ જ ઉપયોગી થઇ શકે છે.

મોટા ભાગે આ અકસ્માતોનું સ્વરૂપ નાનું હોય છે, પરંતુ કયારેક તે આપણા અને બીજાને માટે મૃત્યુની ઘડી લાવી શકે છે. તેવા સમયે જો આપણે ઇમર્જન્સી સારવારના પ્રાથમિક ઉપચારો જાણતા હોઇએ તો તેવી વિકટ પરિસ્થિતિને યોગ્ય દિશા આપી શકીએ છીએ. તેથી આપણે સહુએ આવી ઇમર્જન્સીના પ્રાથમિક ઉપચારો શીખી રાખવા જરૂરી છે. આની ગંભીરતાને ધ્યાનમાં રાખીને અહીં ભિન્ન ભિન્ન પરિસ્થિતિઓમાં સર્જાતી ઇમર્જન્સીના પ્રાથમિક ઉપચારો દર્શાવ્યા છે. વધુ તકલીફ જણાય તો તરત જ ચિકિત્સક પાસે પહોંચી યોગ્ય સારવાર કરાવવી...

**જખમ - સોજો- મચકોડ**

**જખમ :**

૧) સહુ પ્રથમ પાણીથી હાથ ધોવા.

જેથી હાથમાં રહેલા જીવાણુનો ચેપ ઘા પર ન લાગે.

૨) લોહ નીકળતું અટકાવવું.

સામાન્ય જમખમમાં લોહી પોતાની રીતે બંધ થઇ જાય છે, પરંતુ વધુ વાગ્યું હોય તો સ્વચ્છ કપડાં કે પટ્ટી દ્વારા દબાણ આપીને લોહી બંધ કરવાનો પ્રયત્ન કરવો.

૩) વધુ વાગ્યું હોય તો જખમને હૃદયથી ઉપર રાખવો.

હાથે કે પગે વાગે ત્યારે તેને હૃદયથી ઊંચા રાખવા, જેથી વધુ લોહી ન નીકળે.

૪) જખમને સ્વચ્છ પાણીથી ધોવો

જીવાણુનાશક સાબુ કે લિક્વિડથી જખમને સાફ કરી શકાય, પરંતુ કેમિકલયુક્ત સાબુ વગેરેથી જખમને કયારેય સાફ ન કરવો. કેમ કે, તેનાથી વધુ ચેપ લાગી શકે છે.

૫) વાગેલા જખમ પર આ વસ્તુ લગાવી શકાય.

મધ, કુંવારપાઠું, હળદર વગેરે...

૬) ચેપ લાગી શકે એવી જગ્યાએ જખમ થયો હોય તો પટ્ટી મારવી અથવા પાટો બાંધી દેવો. વધુ પડતી ફીટ પટ્ટી કે પાટો ન બાંધવો, સામાન્ય જખમ હોય અથવા ચેપ લાગવાની શકયતા ન હોય ત્યાં પટ્ટી કે પાટો બાંધવાની જરૂર નથી.

**સાવધાની**

* જખમને અમુક સમયે ખુલ્લો રાખવો, જેથી તાજી હવા મળવાથી રૂઝ જલદી આવે.

* જખમ પર બહારના કોઇ પણ કચરા કે ધૂળ વગેરેનો સ્પર્શ ન થાય તેની સાવધાની રાખવી.

* જખમ પર સૂર્યનો વધુ પડતો તડકો ન પડવા દેવો.

* વધુ પ્રમાણમાં પાણી કે પ્રવાહી લેવું, જેથી શરીરમાં કમજોરી કે ચક્કર ન આવે.

* જખમ દરમ્યાન ખટાશવાળા પદાર્થોનું સેવન ન કરવું.

* વધુ જખમ થયો હોય, અમુક સમયે રૂઝ આવતી ન હોય, લાલાશ વધતી જતી હોય અને સોજો આવી ગયો હોય તો ચિકિત્સક પાસે જઇ યોગ્ય સારવાર લેવી.

**સોજો-મૂઢમાર**

૧) વાગવાથી કે મચકોડથી આવેલા સોજા પર હળદર અને મીઠાને પાણીમાં ઉકાળીને લેપ કરવાથી રાહત થાય છે.

૨) મીઠું લસોટીને ચોપડવાથી સામાન્ય સોજો ઊતરી જાય છે.

૩) તુલસીના પાનને પીસીને લગાડવાથી જંતુના કરડવાના કારણે થયેલો સોજો મટી જાય છે.

૪) લવિંગ વાટી તેનો લેપ સોજા પર ચોપડવો.

૫) તાંદળજાના પાનનો લેપ કરવો.

૬) આંબળીના પાન અને સિંધવમીઠું વાટીને તેનો ગરમ લેપ, સોજા પર કે ઝકડાઇ ગયેલા સાંધા પર ચોપડવાથી સોજો ઊતરે છે.

૭) કડવા લીમડાના પાન બાફીને સાધારણ ગરમ હોય ત્યારે સોજા પર બાંધવાથી સોજો ઊતરે છે.

૮) મૂઢમાર કે મરડાયેલાં હાડકાં પર આંબલી ને આવળના પાનનો લેપ ગરમ કરી લગાડવાથી સોજો ઊતરે છે.

૯) સરસિયા કે તલના તેલમાં થોડો અજમો નાખી તેલ ગરમ કરી સંધિવાના સોજા પર માલિશ કરવાથી આરામ થાય છે.

**મચકોડ**

૧) મચકોડવાળા સ્નાયુને જેટલો વધુ આરામ મળે તેટલી જલદી રાહત થશે. (પગે મચકોડ થયો હોય તો ચાલવું નહીં).

૨) બરફને કપડામાં બાંધીને મચકોડવાળા સ્નાયુ પર દિવસમાં ૪થી ૫ વાર ૨૦-૨૦ મિનિટ સુધી બાંધવો.

૩) ૨ ચમચી હળદર અને ૧ ચમચી લીંબુના રસમાં થોડું ગરમ પાણી નાખીને તેનું મિશ્રણ કરી મચકોડ ઉપર લગાવી પાટો બાંધવો. પાટો બાંધ્યા પછી પગને ઊંચો રાખવો. જેથી કરીને સોજામાં રાહત થાય.

૪) હૂંફાળા દિવેલ કે ઓલિવ ઓઇલનું માલિશ મચકોડ ઉપર કરવું.

**મચકોડના ચાર અસરકારક ઉપાય :**

૧) આરામ કરવો

૨) બરફ મૂકવો

૩) પાટો બાંધવો

૪) હૃદયથી ઊંચો રાખવો ■

---

feedback@bombaysamachar.com
ફોક્સ
નિધી ભટ્ટ

# શિયાળામાં નાઈટ સ્કિનકેરઃ તમારી ત્વચાને આપો રાત્રે ખાસ કાળજી



શિયાળો એ એવી ઋતુ છે જેમાં ઠંડી હવા, ધૂળ અને સુકાં પવનને કારણે ત્વચામાં સૂકાપો, કરકસર, ફાટેલા હોઠ અને ડલનેસ જેવી સમસ્યાઓ વધે છે. દિવસ દરમિયાન આપણે જેટલું પણ મોઈશ્ચરાઈઝર લગાવીએ, રાત્રે યોગ્ય કાળજી ન લીધી તો ત્વચા તેની કુદરતી ગરમી અને નર્માઈ ગુમાવી દે છે. તેથી રાત્રીનો સ્કિનકેર રૂટિન શિયાળામાં વિશેષ મહત્ત્વ રાખે છે.

સૌ પ્રથમ, રાત્રે ચહેરો સારી રીતે ક્લેન્સ કરો. આખો દિવસ ચહેરા પર ધૂળ, તેલ અને મેકઅપની લગત રહે છે, જે રૂવાટાં બંધ કરી શકે છે. સોફ્ટ ક્લેન્સરનો ઉપયોગ કરીને ત્વચાને ઊંડે સુધી સાફ કરવી જરૂરી છે.

ક્લેન્સિંગ પછી ટોનર લગાવવું એક મહત્ત્વનુ પગલું છે. આ ત્વચાનો pH લેવલ બેલેન્સ રાખે છે અને મોઈશ્ચરાઈઝિંગ માટે ચહેરાને તૈયાર કરે છે. શિયાળામાં આલ્કોહોલ-ફ્રી, હાઈડ્રેટિંગ ટોનર વધુ સારું રહે છે.

હવે આવે છે સૌથી મહત્ત્વની સ્ટેપસીરમ. હાઈડ્રોકલોનિક એસિડ, વિટામિન ઈ, નાયસિનામાઈડ જેવા સીરમ ત્વચાને ઊંડેથી હાઈડ્રેટ કરે છે અને તેજ આપે છે. રાત્રે ત્વચા સીરમ ઝડપથી શોષી લે છે, તેથી તેનો લાભ વધારે મળે છે.

મોઈશ્ચરાઈઝર વિના શિયાળાની સ્કિનકેર અધૂરી છે. નાઈટ ક્રીમ અથવા થિક મોઈશ્ચરાઈઝર ત્વચાને હાઈડ્રેટ રાખે છે અને રાત્રે રિપેરિંગ પ્રક્રિયાને સપોર્ટ કરે છે. સૂકી ત્વચા હોય તો શિયા બટર, સ્કવાલેન અથવા સેરામાઈડવાળી ક્રીમ અને તેલીય ત્વચા હોય તો જેલ આધારિત મોઈશ્ચરાઈઝર પસંદ કરવું સારું.

અંતમાં, લિપ બામ અને અંદરથી હાઈડ્રેશન પણ એટલું જ મહત્ત્વનું છે. ફાટેલા હોઠ શિયાળાની સામાન્ય સમસ્યા છે, તેથી લિપ બામ લગાવીને સૂવું જોઈએ. અને રોજ પૂરતું પાણી પીવું ભૂલશો નહીં.

શિયાળામાં રાત્રે નિયમિત સ્કિનકેર કરવાથી ત્વચા હાઈડ્રેટ, નરમ અને ગ્લોઇંગ રહે છે. થોડું ધ્યાન અને યોગ્ય પ્રોડક્ટ્સ, તમારી ત્વચાને આખી સિઝન હેલ્ધી અને બ્રાઈટ રાખી શકે છે. ■

---

feedback@bombaysamachar.com
ફોક્સ પ્લસ
વિધી શર્મા

# ખોરાક ને પાણી વગર માણસ કેટલો સમય જીવી શકે?



**માનવ જીવન ટકાવી રાખવાની મર્યાદાઓ**

આપણા આ માનવ શરીરની ક્ષમતા હોય છે. ચાલો જાણીએ કે ખોરાક અને પાણી વગર માણસ કેટલો સમય જીવી શકે છે. માનવ શરીર સ્થિતિસ્થાપક છે, પરંતુ તેની કેટલીક જૈવિક મર્યાદાઓ પણ છે. ખોરાક અને પાણી વગર જીવવું એટલે મગજ, હૃદય અને કિડની જેવા મહત્ત્વપૂર્ણ અંગોને નુકસાન પહોચાડવું, જેના પર માનવ શરીર આધાર રાખે છે. ચાલો જાણીએ કે ખોરાક અને પાણી વગર માણસ કેટલો સમય જીવી શકે છે.

રક્ત પરિભ્રમણ, તાપમાન નિયંત્રણ અને કચરાના નિકાલ માટે પાણી જરૂરી છે. આનું કારણ એ છે કે માનવ શરીરનો લગભગ ૬૦% થી ૭૦% ભાગ પાણીથી બનેલો છે. આને કારણે ડિહાઇડ્રેશન ઝડપથી અંગોના કાર્યને બગાડે છે. વ્યક્તિ પાણી વગર ફક્ત ત્રણથી પાંચ દિવસ જ જીવી શકે છે. કેટલાક કિસ્સાઓમાં જીવિત રહેવાનું એક અઠવાડિયા સુધી ટકી શકે છે, પરંતુ ગંભીર કિડની નિષ્ફળતા અને અંગ નિષ્ફળતાના કિસ્સા સામાન્ય રીતે ખૂબ વહેલા થાય છે.

પાણી વિના, લોહી જાડું થાય છે. કિડની ખરાબ પદાર્થોને ફિલ્ટર કરવાનું બંધ કરે છે અને શરીરનું તાપમાન અનિયંત્રિત રીતે વધે છે. ઇલેક્ટ્રોલાઇટ સંતુલન ખોરવાવાથી મગજ પણ પ્રભાવિત થાય છે. ડિહાઇડ્રેશનથી મૃત્યુ ઘણીવાર ભૂખમરાથી મૃત્યુ કરતાં ઝડપી અને વધુ પીડાદાયક હોય છે. આ જ કારણ છે કે હાઇડ્રેશનને હંમેશા અસ્તિત્વ માટે સર્વોચ્ચ પ્રાથમિકતા માનવામાં આવે છે.

જો કોઈ વ્યક્તિ પાણી પીવાનું ચાલુ રાખે છે, તો શરીર સર્વાઇવલ મોડમાં જાય છે. સંગ્રહિત ચરબીનો ઉપયોગ પહેલા ઉર્જા ઉત્પાદન માટે થાય છે, ત્યારબાદ સ્નાયુ પેશીઓનો ઉપયોગ થાય છે. આવા કિસ્સાઓમાં એક સ્વસ્થ પુખ્ત વ્યક્તિ ખોરાક વિના ૩થી ૮ અઠવાડિયા સુધી જીવી શકે છે. તબીબી કિસ્સાઓ સૂચવે છે કે જીવિત રહેવાનો સમય ૭૦ દિવસ સુધી લંબાવી શકાય છે. જો કે આવા કિસ્સાઓમાં શરીર નોંધપાત્ર રીતે નબળું પડી જાય છે.

વધુ ચરબીવાળા લોકો સામાન્ય રીતે ખોરાક વિના લાંબા સમય સુધી જીવી શકે છે. આનું કારણ એ છે કે ચરબી ઊર્જા અનામત તરીકે કાર્ય કરે છે. જેમ જેમ ભૂખ વધે છે, રોગપ્રતિકારક શક્તિ નબળી પડે છે, સ્નાયુઓનો સમૂહ ઘટે છે, અને અંગોનું કાર્ય ધીમું પડે છે. આખરે હૃદય અને મગજમાં કાર્ય કરવા માટે પૂરતી ઊર્જાનો અભાવ હોય છે. માનવ સહનશક્તિને સમજવા માટે ત્રણનો નિયમ સમજવો મહત્વપૂર્ણ છે. ઓક્સિજન વિના ૩ મિનિટ, પાણી વિના ૩ દિવસ અને ખોરાક વિના ૩ અઠવાડિયા.

વધુ પડતી ગરમી ડિહાઇડ્રેશન વધારે છે. ઠંડા વાતાવરણમાં ઊર્જાનો વપરાશ વધે છે. શારીરિક શ્રમ ઝડપથી પાણી અને ઊર્જા અનામતનો ક્ષય કરે છે, જેનાથી બચવાનો સમય ઓછો થાય છે. ■

# લંકા જીત્યું, ઓસ્ટ્રેલિયા વર્લ્ડકપમાંથી બાકાત સમજો

## નિસાન્કાની શાનદાર સદીઃ કાંગારુંઓને હવે ચમત્કાર જ આ સ્પર્ધામાં ટકાવી રાખી શકે એમ છે

કોલંબોઃ ટીર૦ વિશ્વકપમાં ઓસ્ટ્રેલિયાની નાલેશી ચાલુ જ રહી હતી અને પહેલા ઝિમ્બાબ્વે સામે હારનાર કાંગારુંઓની ટીમ ગઈ કાલે યજમાન સામે બે ઓવર બાકી હતી ત્યારે આઠ વિકેટે હારી જતા વધુ એક અપસેટ સર્જાયો હતો અને વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયન ટીમ વર્લ્ડકપમાંથી લગભગ આઉટ થઈ ગઈ છે. તેની એક મેચ બાકી છે અને તે અત્યારે ત્રીજા સ્થાને છે. લંકા ક્વોલિફાઈ થઈ ગયું છે અને હવે આજે ઝિમ્બાબ્વે આયરલેન્ડને હરાવશે તો ઓસ્ટ્રેલિયા સ્પર્ધામાંથી બાકાત થઈ જશે. ઓસ્ટ્રેલિયાને પહેલા ૧૮૧ રનમાં ઓલઆઉટ કરી દેનાર શ્રીલંકાએ પહેલી વિકેટ બીજી ઓવરમાં આઠ રનના સ્કોરે જ પડી ગઈ હતી. જોકે એ પછી બીજી વિકેટની ભાગીદારીમાં પથુમ નિસાન્કા (બાવન બોલ, ૧૦૦ રન) અને કુસલ મેન્ડિસ (૩૮ બોલમાં ૫૧ રન)એ ૯૭ રન ઉમેરીને લંકાની જીતનો પાયો નાખ્યો હતો.

મેન્ડિસને માર્કસ સ્ટોઇનિસે આઉટ કર્યા પછી બેટિંગમાં આવેલા પવન રત્નાયક (૧૫ બોલ, ૨૮ રન)એ નિસાન્કા સાથે મળીને લંકાને વિજય અપાવ્યો અને સુપર-એઇટમાં સ્થાન અપાવ્યું હતું.

ટ્રેવિસ હેડ અને કેપ્ટન મિશેલ માર્શે આકર્ષક અડધી સદીઓ ફટકારી હતી, તેમ છતાં શ્રીલંકાએ સોમવારે અહીં રમાયેલી ઝર૦ વર્લ્ડ કપની 'મસ્ટ-વિન' (જીતવી જ પડે તેવી) ગ્રુપ લીગ મેચમાં ઓસ્ટ્રેલિયાને ૧૮૧ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું.

ટૂર્નામેન્ટની પોતાની પ્રથમ મેચ રમી રહેલા માર્શે ૨૭ બોલમાં ૫૪ રન ફટકાર્યા હતા અને આક્રમક અંદાજમાં રમી રહેલા હેડ (૨૯ બોલમાં ૫૬ રન) સાથે માત્ર ૮.૩ ઓવરમાં ૧૦૪ રન ઉમેર્યા હતા. જોકે, એક તબક્કે વિના વિકેટે ૧૦૮ રન ધરાવતું ઓસ્ટ્રેલિયા અચાનક પત્તાની જેમ વેરવિખેર થઈ ગયું હતું. હેડ, માર્શ, કેમરૂન ગ્રીન અને ટિમ ડેવિડ ઉપરાઉપરી આઉટ થતા સ્કોર ૧૩૦ રનમાં ૪ વિકેટ થઈ ગયો હતો અને ત્યારબાદ ટીમ ક્યારેય બેઠી થઈ શકી નહોતી. ઓસ્ટ્રેલિયાએ છેલ્લી બે ઓવરમાં માત્ર છ રન બનાવીને ચાર વિકેટ ગુમાવી હતી.

શ્રીલંકા તરફથી લેગ સ્પિનર દુષાન હેમંતએ ૩૭ રન આપીને ૩ વિકેટ ઝડપી હતી, જ્યારે ડુનિથ વેલાલેજ અને કામિન્દુ મેન્ડિસે પણ એક-એક વિકેટ લીધી હતી.

# ભારત-પાકિસ્તાન ફરી સેમિફાઇનલ કે ફાઇનલમાં ટકરાઈ શકે છે

મુંબઈઃ ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬ના ગ્રુપ સ્ટેજમાં રવિવારે ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાઈ, જેમાં ભારતે ૬૧ રને શાનદાર જીત મેળવી છે. આ જીત સાથે, ભારતીય ટીમે ટુર્નામેન્ટના સુપર-એઈટ સ્ટેજમાં જગ્યા મળેવી લીધી છે. ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં જ ક્રિકેટ ચાહકોને વધુ એક ભારત વિરુદ્ધ પાકિસ્તાન મેચ જોવા મળી શકે છે. ટીમ ઈન્ડિયા પાસે ગ્રુપ સ્ટેજમાં ભારત અને પાકિસ્તાન બંને ટીમોએ એક-એક મેચ રમવાની બાકી છે. ભારત ૧૮ ફેબ્રુઆરીએ નેધરલેન્ડ્સ સામે મેચ રમશે, જ્યારે એજ દિવસે પાકિસ્તાન નામિબિયા સામે મેચ રમશે. બંને ટીમો આ મેચ જીતી જાય એવી પુરેપૂરી શકયતા છે. આમ ગ્રુપ-એમાં ભારત પહેલા અને પાકિસ્તાન બીજા સ્થાને રહી શકે છે.

૨૦ ટીમો ભાગ લઇ રહી છે, તેને ચાર ગ્રુપમાં વહેંચવામાં આવી છે. દરેક ગ્રુપની ટોચની બે ટીમો સુપર-એઇટ સ્ટેજમાં પહોંચશે. આ આઠ ટીમોને ચાર-ચારના એક્સ અને વાય ગ્રુપમાં વિભાજિત કરવામાં આવી છે. ભારતને ગ્રુપ એક્સ માં રાખવામાં આવ્યું છે, જો પાકિસ્તાન સુપર-એઇટમાં પહોંચશે તો તેને ગ્રુપ વાય માં રાખવામાં આવશે. આથી બંને સુપર-એઇટ સ્ટેજમાં મેચ નહીં થાય. જો ભારતીય ટીમ સુપર-૮માં ગ્રુપ એક્સ માં ટોચ પર રહે છે, તો તેને ગ્રુપ વાય માં બીજા ક્રમે રહેતી ટીમ સાથે મેચ રમવાની રહેશે. જો ભારતીય ટીમ ડ માં બીજા સ્થાને રહે, તો તેને વાય ગ્રુપમાં પહેલા ક્રમે રહેતી ટીમ સાથે મેચ રમવાની રહેશે. આમ ભારતીય ચાહકોની નજર ભારતીય ટીમ ઉપરાંત પાકિસ્તાનની ટીમના પ્રદર્શન પર પણ રહેશે.

પાકિસ્તાનની ટીમ ભલે ભારત સામે મેચ હારી ગઈ પણ આ ટીમ મજબુત કમબેક કરી શકે છે. તાજેતરમાં પાકિસ્તાનની ટીમે ઓસ્ટ્રેલિયા સામે ૩-૦થી સિરીઝ જીતી હતી. બીજી તરફ ભારતીય ટીમ તેનાં સર્વશ્રેષ્ઠ ફોર્મમાં છે.

જો બંને ભારત અને પાકિસ્તાન બંને ટીમો સેમિફાઇનલમાં પ્રવેશે, પણ એક બીજા સામે મેચ રમતી નથી, તો બંને ટીમો ફાઇનલમાં પ્રવેશે તેવી પણ શક્યતા છે. જો આવું થાય તો ક્રિકેટનો રોમાંચ આસમાને પહોંચી શકે છે. ■

# ઈશાનની કમબૅક ફૉર્મ્યુલા

# જો ભી હૈ, બસ યહી ઈક પલ હૈ...

નવી દિલ્હીઃ ક્રિકેટ ફક્ત રનોની રમત નથી, તે વ્યક્તિની ધીરજ અને માનસિક શક્તિની પણ કસોટી કરે છે. ભારતીય બેટ્સમેન ઈશાન કિશનની ટીમમાં વાપસી પણ એક હિંમતનું ઉદાહરણ છે. એક સમય હતો જ્યારે ઇશાન ટીમ ઇન્ડિયાનો એક મજબૂત ખેલાડી હતો. તેની વિસ્ફોટક બેટિંગ અને વિકેટકીપિંગ કુશળતાએ દુનિયાને મોહિત કરી દીધી હતી. પરંતુ પછી સમય બદલાયો, ટીમમાં નવા ખેલાડીઓ આવ્યા. અચાનક ઈશાન કિશનને ટીમમાંથી બહાર કરી દેવામાં આવ્યો. જ્યારે ઇશાનને ટીમમાંથી બહાર કરવામાં આવ્યો ત્યારે દરેક જગ્યાએ એક ચર્ચા ચાલી રહી હતી કે તેની કારકિર્દી સમાપ્ત થઈ ગઈ છે.

રિષભ પંતની ટી-૨૦ વર્લ્ડ કપ વિજેતા ટીમમાં વાપસી થઈ ચૂકી હતી. ધ્રુવ જુરેલ સારું પ્રદર્શન કરી રહ્યો હતો. સંજૂ સેમસન અને જીતેશ શર્મા પણ ટીમમાં સ્થાન કાયમી કરી ચૂક્યા હતા. કિશનને આરામ જોઈતો હતો કારણ કે તે ભાવનાત્મક રીતે થાકી ગયો હતો અને તેને કાયાકલ્પની જરૂર હતી. પરંતુ તેને ફક્ત પસંદગીકારો દ્વારા સ્થાન આપવામાં આવ્યું નહીં. તેનો સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવ્યો અને તે ઘરેલુ ક્રિકેટ રમવા માટે ગંભીર ન હોવાનું માનવામાં આવ્યું. અનેક ચર્ચાઓ શરૂ થઈ પરંતુ તેણે સખત મહેનત ચાલુ રાખી અને વાપસીની તૈયારી શરૂ કરી હતી. ઈશાન કિશનના નજીકના મિત્ર અંશુમત શ્રીવાસ્તવે કહ્યું કે વર્તમાનમાં જીવવું મુશ્કેલ છે પરંતુ તેણે તે કર્યું કારણ કે પ્રક્રિયા તેના માટે પવિત્ર બની ગઈ હતી. તેની આ સફર આશા ભોસલેએ ગાયેલા ગીતની યાદ અપાવે છે કે, આગે ભી જાને ના તૂ, પીછે ભી જાને ના તૂ, જો ભી હૈ બસ યહીં ઇક પલ હૈ...



આજે તમે પાકિસ્તાન સામે જે જુઓ છો તે પ્રક્રિયાનું પરિણામ છે જે તેણે બે વર્ષ પહેલા પાલન કરવાનું શરૂ કર્યું હતું. અંશુમત પટનામાં ઈશાન કિશન ક્રિકેટ એકેડમીનો કો-ફાઉન્ડર છે.

ઈશાને એકાગ્રતા પર ધ્યાન આપવાનું શરૂ કર્યું. પિતાના આગ્રહ પર તેણે ભગવદ ગીતા વાંચવાનું શરૂ કર્યું હતું. દિવસમાં બે વખત પોતાની એકેડમીમાં ટ્રેનિંગ માટે જતો હતો. તે ડાયટનું ધ્યાન રાખવા લાગ્યો. ભારતીય ક્રિકેટ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો અને તેણે તેની સાથે પોતાની રીતે વ્યવહાર કર્યો.

ઈશાને તેની સખત મહેનત સાથે આશાઓ બાંધવાનું બંધ કરી દીધું છે. તેના મનમાં તે આ વિશે સ્પષ્ટ છે. જ્યારે તેણે ઝારખંડની કેપ્ટનશીપ કરી ત્યારે હું ખાતરી આપી શકું છું કે, એક વાર પણ તેના મનમાં આ વિચાર આવ્યો ન હતો કે કેપ્ટનશીપ કરીશ તો ટીમમાં વાપસી થશે. ભારત માટે રમવા માટે તેને નિઃસ્વાર્થ રહેવું પડ્યું. ■

## ઈશાન કિશન જયપુરની મોડેલના ઘરે લઈ જશે...

# બેન્ડ, બાજા, બારાત...



મુંબઈઃ ભારતીય ક્રિકેટર ઇશાન કિશન હાલ શાનદાર ફોર્મમાં છે. પાકિસ્તાન સામેની મેચમાં શાનદાર પ્રદર્શનને કારણે તે હાલ ચર્ચામાં છે, આ સાથે તે તેની અંગત જીવનને કારણે પણ ચર્ચામાં આવ્યો છે. ઇશાન કિશન ટૂંક સમયમાં લગ્ન બંધને બંધાઈ શકે છે. લગભગ છ વર્ષ સુધી ડેટિંગ બાદ તે જયપુરની મોડેલ અદિતિ હુંડિયા સાથે લગ્ન કરશે, ઇશાનના પરિવારે આ અંગે જાહેરાત કરી છે. ઔરંગાબાદના રહેવાસી ઈશાન કિશનના દાદાએ અદિતિનું નામ જાહેર કર્યું છે, તેમણે આ સંબંધ અંગે ખુશી વ્યક્ત કરી છે. તેમણે જણાવ્યું કે તેમણે ઇશાનને કહ્યું હતું કે તેઓ તેમની પુત્રવધૂનો ચહેરો જોયા વિના આ દુનિયા નથી છોડવા ઈચ્છાતા. આ દરમિયાન ઈશાને તેમને અદિતિ વિશે જાણ કરી હતી.

ઇશાનના દાદાએ જણાવ્યું કે ઈશાનની પસંદગી એ અમારી પસંદગી છે. પરિવારે ખચકાટ વિના આ સંબંધનો સ્વીકાર કર્યો છે. હવે, બંને પરિવારો નિયમિતપણે વાતચીત કરી રહ્યા છે.■

# ઇટલીને હરાવીને હવે ઇંગ્લૅન્ડ સુપર-એઇટમાં

કોલકાતા : ટીર૦ વર્લ્ડકપ ૨૦૨૬માં ઇંગ્લેન્ડે ઇટલીને ૨૪ રનથી હરાવીને સુપર-૮ માટે ક્વોલિફાય કર્યું હતું. ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની ૨૯મી મેચ સોમવારે કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે ગ્રૂપ-સીની ટીમો વચ્ચે રમાઈ હતી. પ્રથમ બેટિંગ કરતા ઇંગ્લેન્ડે વિલ જેક્સની અણનમ અડધી સદીની મદદથી ૨૦ ઓવરમાં સાત વિકેટે ૨૦૨ રન કર્યા હતા. જવાબમાં ઇટાલી નિર્ધારિત ઓવરમાં ૧૭૮ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

આ જીત સાથે ઇંગ્લેન્ડ ગ્રૂપ-સીમાંથી સુપર ૮માં પહોંચનારી બીજી ટીમ બની ગઈ છે. ઇંગ્લેન્ડ ઉપરાંત વેસ્ટ ઇન્ડિઝ પણ સુપર-૮માં પહોંચી ગયું છે. આમ ગ્રૂપ-સીમાંથી ટૂર્નામેન્ટની સફર હવે ઇટાલી, સ્કોટલેન્ડ અને નેપાળ માટે સમાપ્ત થઈ ગઈ છે. ઇંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરી હતી. વિલ જેક્સની અડધી સદીની મદદથી ઈંગ્લેન્ડે ૨૦ ઓવરમાં ૨૦૨ રન કર્યા હતા. જેના જવાબમાં ઇટાલીએ જોરદાર લડત આપી હતી છતાં તે ૨૦ ઓવરમાં ૧૦ વિકેટે ૧૭૮ રન જ કરી શક્યું હતું. ઇંગ્લેન્ડ સામે ૨૦૩ રનના લક્ષ્યનો પીછો કરતા ઇટલીએ શાનદાર પ્રદર્શન કર્યું. ■

# પડિક્કલનો ડબલ સેન્ચુરીનો પરચોઃ રાહુલ અને નાયરની તોફાની સદી

લખનઊ : કેપ્ટન દેવદત્ત પડિક્કલની ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં પહેલી બેવડી સદીની મદદથી કર્ણાટક સોમવારે રણજી ટ્રોફી સેમિફાઇનલમાં ઉત્તરાખંડ સામે છ વિકેટે ૬૮૯ રન કરી શક્યું હતું. ત્યારબાદ રવિચંદ્રન સ્મૃતિએ પણ ૧૯૧ બોલમાં ૧૧ ચોગ્ગાની મદદથી ૧૨૧ રનની અણનમ ઇનિંગ રમી હતી. પડિક્કલે ૩૩૦ બોલમાં ૨૯ ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી ૨૩૨ રન કર્યા હતા. ગઈકાલે બે વિકેટે ૩૫૫ રનના સ્કોરથી આગળ રમતા કર્ણાટકે પડિક્કલ અને કરુણ નાયર (૧૦૫ બોલમાં ૬૦ રન) એ ત્રીજી વિકેટ માટે ૧૨૯ રનની ભાગીદારી કરી હતી.

ભારતીય બેટર કેએલ રાહુલે રણજી ટ્રોફીમાં પાવર-હિટિંગનું શાનદાર પ્રદર્શન કર્યું, તેમણે પોતાની જબરદસ્ત ઈનિંગમાં બોલર્સને ધોઈ નાખ્યા. આ સ્ટાર બેટરે ૨૧૧ બોલનો સામનો કર્યો અને ઈનિંગને શાનદાર બનાવી દીધી. તેણે કુલ ૧૪૧ રન બનાવ્યા આ ઈનિંગ કેએલ રાહુલની ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ૨૫મી સદી હતી. ૨૧૧ બોલનો સામનો કરતા, તેમણે એક મૈરાથન ઇનિંગમાં શાનદાર ૧૪૧ રન બનાવ્યા. તેમની ઈનિંગમાં ૧૧ ચોગ્ગા અને ૫ છગ્ગા સામેલ હતા, કારણ કે ઉત્તરાખંડના બોલરોની કમરતોડી.

ઉત્તરાખંડને પ્રથમ સફળતા અભય નેગીએ અપાવી હતી જેણે કરુણને વિકેટકીપર સૌરભ રાવતના હાથે કેચ કરાવ્યો હતો. પડિક્કલે ૨૮૮ બોલમાં પોતાની બેવડી સદી પૂરી કરી હતી. તેણે સ્મરણ સાથે ૫૯ રનની ભાગીદારી કરી હતી.

શ્રેયસ ગોપાલ પોતાનું ખાતું પણ ખોલાવી શક્યો નહોતો અને આદિત્ય રાવતે તેને બોલ્ડ આઉટ કર્યો હતો. પડિક્કલના આઉટ થયા પછી સ્મરણે વિકેટકીપર કૃતિક કૃષ્ણા સાથે ૧૨૩ રનની ભાગીદારી કરી હતી.■

# યુએઈને પછાડીને અફઘાનિસ્તાનની સુપર-એઈટ પ્રવેશવાની આશા જીવંત

નવી દિલ્હીઃ ઓપનર ઇબ્રાહિમ ઝદરાન અને અઝમતુલ્લાહ ઓમરઝાઈની શાનદાર બેટિંગની મદદથી અફઘાનિસ્તાને યુએઈને પાંચ વિકેટથી હરાવ્યું હતું. આ જીત સાથે અફઘાનિસ્તાને સુપર-એઈટમાં પહોંચવાની પોતાની આશા જીવંત રાખી હતી. પહેલા બેટિંગ કરતા યુએઈએ સોહેબ ખાનની અડધી સદીની મદદથી ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૬૦ રન કર્યા હતા. જેના જવાબમાં અફઘાનિસ્તાને ૧૯.૨ ઓવરમાં પાંચ વિકેટે ૧૬૨ રન કરીને મેચ જીતી લીધી હતી. ■

# વર્લ્ડકપમાં આજે ક્યા મુકાબલા?

કેનેડા વિરુદ્ધ ન્યૂઝીલેન્ડ
(ચેન્નઈ, સવારે ૧૧ વાગ્યે)

આયરલેન્ડ વિરુદ્ધ ઝિમ્બાબ્વે
(પલ્લેકેલે, બપોરે ત્રણ વાગ્યે)

નેપાળ વિરુદ્ધ સ્કોટલેન્ડ
(વાનખેડે, સાંજે સાત વાગ્યે)

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખુદ | RUIN |
| ખુમારી | EXPLANATION |
| ખુલાસો | SELF |
| ખુવારી | CHARMING |
| ખુશનુમા | PRIDE |

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ■ | ૪ | | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | ૯ | | | ■ | ૧૦ | |
| | ■ | ૧૧ | | | ■ | ૧૨ | ૧૩ | ■ | |
| ■ | ૧૪ | | ■ | | ■ | | | ■ | ■ |
| ૧૫ | | ■ | ૧૬ | ■ | ૧૭ | ૧૮ | | ■ | ૧૯ |
| | ■ | ૨૦ | | | ■ | | ■ | ૨૧ | |
| ■ | ■ | | ■ | ■ | ૨૨ | ■ | ૨૩ | | ■ |
| ૨૪ | ■ | ૨૫ | ૨૬ | ■ | ૨૭ | ૨૮ | | ■ | ૨૯ |
| ૩૦ | ૩૧ | ■ | ૩૨ | | | | ■ | ૩૩ | |
| ૩૪ | | | | ■ | ■ | ૩૫ | | | |

### આડી ચાવી

૧. પરીક્ષક, કદર કરનાર (૪)
૪. મદન (૪)
૭. મીણબત્તી (૨)
૮. દુઃખ દેનારું (૪)
૧૦. મક્કાની જાત્રા (૨)
૧૧. વ્યગ્ર, શરમીંદું (૩)
૧૨. સાર, સત્વ (૨)
૧૪. --- ફાટે ત્યાં થીગડું ક્યાં દેવું? (૨)
૧૫. સફેદ, ધવલ (૨)
૧૭. કરાડ (૩)
૨૦. ગાદીનો વારસ (૩)
૨૧. ઓચિંતો હુમલો (૨)
૨૩. ઉજ્જડ, વસતી કે સહવાસ વિનાનું (૨)
૨૫. ક્યારે (૨)
૨૭. કડવો હોયે --- પણ શિતળ તેની છાંય (૩)
૩૦. ખેદ, દિલગીરી (૨)
૩૨. ખરાબ વેણ, ગાળ (૪)
૩૩. વરસાદના થોડા છાંટા (૨) (જો.છૂ.)
૩૪. પતિ (૪)
૩૫. પગથી માથા સુધી (૪)

### ઊભી ચાવી

૧. પશુની જેવું (૩)
૨. લક્ષ્મી (૨)
૩. એક જાતનું નગારું (૩)
૪. શારીરિક, શરીરને લગતું (૩)
૫. કાયા, શરીર (૨)
૬. ભાર, દબાણ (૩)
૯. જોખમ (૩)
૧૧. વ્યગ્રતા, મનનો ગભરાટ (૨)
૧૩. પગેરું, બાતમી (૩)
૧૪. જરા અડકવાથી દુખાય તેવું (૨)
૧૫. ---નો કૂતરો ન ઘરનો, ન ઘાટનો (૨)
૧૬. બક્ષિસ (૨)
૧૮. --- ખાવી=ઠોકર વાગવી, નુકસાન થવું (૨)
૧૯. ચીરો, કાપ (૨)
૨૦. ઉછેરીને મોટું કરનાર (૩)
૨૧. ગુપ્ત (૨)
૨૨. ગંદું (૩)
૨૩. એક જાતનો પોપટ (૨)
૨૪. શરૂઆત (૩)
૨૬. દેડકો (૩)
૨૮. ચિંતન (૩)
૨૯. દ્રાક્ષ (૩)
૩૧. ---, જમીન ને જોરું, એ ત્રણ કજિયાના છોરું (૨)
૩૩. બાયલું, ઢીલું (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ૨ જા | ૩ ત | શ | ૪ ત્રુ | ■ | ૫ એ | ક | ધા | ૬ રું |
| ૭ મ | દુ | રા | ■ | ટી | ■ | શ | ■ | ■ | ધ |
| ■ | ૮ ટો | પ | ૯ લી | ■ | ૧૦ નિ | ■ | ૧૧ અં | ૧૨ જ | ન |
| ૧૩ મ | ણાં | ■ | લ | ■ | ૧૪ ત | ર | ત | મ | ■ |
| દા | ■ | ૧૫ મ | મ | ત્વ | ■ | ■ | ૧૬ રા | ણા | ૧૭ ક |
| ૧૮ ર | ૧૯ કા | સ | ■ | ■ | ૨૦ વિ | ૨૧ જ | ય | ■ | ઠી |
| ■ | ૨૨ વ | લ | ખા | ૨૩ ટ | ■ | ખ | ■ | ૨૪ જ | ન |
| ૨૫ લ | ડ | ત | ■ | હુ | ■ | ૨૬ મ | ૨૭ જ | લ | ■ |
| તી | ■ | ■ | ૨૮ ગો | ■ | ૨૯ ભે | ■ | ૩૦ ના | મ | ૩૧ ના |
| ૩૨ ફ | ર | જં | દ | ■ | ૩૩ ખ | લ | ના | ય | ક |

## માતૃભાષાની મહેક

જીવનમાં ગમે એવી સુખ-સાહ્યબી હોય એવી અવસ્થામાં પણ સચેત રહેવું, ગાફેલ ન રહેવું એવી શિખામણ આપતી પંક્તિઓ છેઃ નભરવશ ના રહીએ, મરને કોટિ હોય જર, લખ્યો લેખ લલાટે, ના ફેરવે કબી ઈશ્વર. નભરવશ એટલે ગાફેલ કે બેદરકાર. નસીબમાં જે લખ્યું હોય એ મિટાવી નથી શકાતું તેમ છતાં ગમે એટલા ધન - સંપત્તિ પાસે હોય તો પણ બેફિકર રહેવું નહીં.

## ઓળખાણ પડી?



ભાંગડા અને માલવાઈ ગિદ્ધા જેવા પંજાબી લોકનૃત્યો સાથે વગાડવામાં આવતા આ અનોખા સંગીત વાદ્યની ઓળખાણ પડી?

અ) પખવાજ બ) કરતાલ ક) સૈપ ડ) સંગર

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ HYLOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) ઊંચાઈ
બ) હવા
ક) જંગલ
ડ) પ્રાણી

## ચતુર આપો જવાબ માથું ખંજવાળો

'ઘણા લોકો બહુ ચકોર હોય છે' પંક્તિમાં 'ચકોર' શબ્દનો અર્થ જણાવો.

અ) ધીમા બ) ચમત્કારી ક) ડરપોક ડ) ચાલાક

## ઈર્શાદ

*પોપચાં બિડાય ત્યારે ખૂંચે અંધાર*
*અને ઊઘડે ત્યાં સળગે અજવાળું.*
**- સુરેશ દલાલ**

## માઈન્ડ ગેમ

વિવિધ દેશમાં વિવિધ ભાષા બોલાય છે. ૨૦૨૫ના સર્વે અનુસાર સૌથી વધુ બોલાતી ભાષામાં હિન્દી કેટલામે નંબરે છે એ જણાવો.

અ) પાંચમે બ) ત્રીજે ક) ચોથે ડ) સાતમે

## સુડોકુ-૯૨૨૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | ૮ | ૨ | | ૭ | ૫ | ૬ | |
| | ૩ | | ૮ | | ૪ | | ૭ | |
| | | | | ૯ | | | | |
| ૨ | ૧ | | | | | | ૩ | ૭ |
| | | ૪ | | | | ૮ | | |
| ૫ | ૮ | | | | | | ૨ | ૬ |
| | | | | ૬ | | | | |
| | ૨ | | ૯ | | ૮ | | ૫ | |
| | ૬ | ૩ | ૫ | | ૧ | ૨ | ૪ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૨૨૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૫ | ૧ | ૪ | ૨ | ૬ | ૯ | ૮ | ૭ |
| ૨ | ૪ | ૯ | ૭ | ૫ | ૮ | ૧ | ૩ | ૬ |
| ૬ | ૮ | ૭ | ૯ | ૩ | ૧ | ૪ | ૫ | ૨ |
| ૧ | ૯ | ૨ | ૩ | ૬ | ૫ | ૭ | ૪ | ૮ |
| ૫ | ૬ | ૪ | ૧ | ૮ | ૭ | ૩ | ૨ | ૯ |
| ૭ | ૩ | ૮ | ૨ | ૪ | ૯ | ૬ | ૧ | ૫ |
| ૮ | ૭ | ૩ | ૬ | ૧ | ૨ | ૫ | ૯ | ૪ |
| ૯ | ૧ | ૫ | ૮ | ૭ | ૪ | ૨ | ૬ | ૩ |
| ૪ | ૨ | ૬ | ૫ | ૯ | ૩ | ૮ | ૭ | ૧ |

## ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ખીજ | ANGER |
| ખીણ | VALLEY |
| ખીર | SWEET DISH |
| ખીલ | PIMPLE |
| ખીલો | NAIL |

**ગુજરાત મોરી મોરી રેઃ**
અગ્નિ

**ઓળખાણ પડી?**
એકોર્ડિયન

**માઈન્ડ ગેમઃ**
પપુઆ ન્યુ ગીની

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :**
ભાગે

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) ભરત કજારિયા (૫) વિપીન શાહ (૬) નૂતન વિપીન શાહ (૭) ભારતી બુચ (૮) ખુશરૂ કાપડિયા (૯) શ્રદ્ધા આશર (૧૦) હર્ષા મહેતા (૧૧) પુષ્પા પટેલ (૧૨) લજિતા ખોના (૧૩) જયોતિ ખાંડવાલા (૧૪) મીનળ કાપડિયા (૧૫) કિરીટ છેડા (૧૬) ચેતના છેડા (૧૭) ભાવના કર્વે (૧૮) પ્રવીણ વોરા (૧૯) કમલ માટલિયા (૨૦) મહેશ સંઘવી (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નિખિલ બેંગાલી (૨૪) અમીષી બેંગાલી (૨૫) તાહેર ઔરંગાબાદવાલા (૨૬) શીરીન ઔરંગાબાદવાલા (૨૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૮) જયવંત પદમશી ચિખલ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) મહેન્દ્ર લોઢવિયા (૩૧) અંજુ ટોલિયા (૩૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૩) અરવિંદ કામદાર (૩૪) ડાયના સંતોકે (૩૫) અલકા વાણી (૩૬) વિના સંપટ (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) રમેશભાઈ દલાલ (૪૨) ઈનાક્ષીબહેન દલાલ (૪૨) હિનાબહેન દલાલ (૪૩) જ્યોત્સના ગાંધી (૪૪) ધિરેન્દ્ર ઉદ્દેશી (૪૫) પ્રતિમા પામાણી (૪૬) મહેશ દોશી.

# અજિતદાદાનાં મૃત્યુના કલાકોમાં જ મંત્રાલયમાં મહાકાંડ

મુંબઈઃ એક સાથે ૭૫ ફાઈલ પર કોઈની જાણ બહાર સહીઓ કરવામાં આવી. સરકારી અધિકારીઓની બેદરકારી છતી કરતી એક ચોંકાવનારી ઘટના હાલ પ્રકાશમાં આવી છે. ૨૮ જાન્યુઆરીના રોજ બારામતીમાં વિમાન દુર્ઘટનામાં અજિત પવારનું અવસાન થયું હતું. તેમના મૃત્યુ પછી સરકારી કચેરીઓમાં રજા જાહેર કરવામાં આવી હતી. રાજ્ય સરકારે ત્રણ દિવસનો રાજકીય શોક પણ જાહેર કર્યો હતો. જ્યારે આખું રાજ્ય શોકમાં ડૂબેલું હતું, ત્યારે મંત્રાલયના સંબંધિત અધિકારીઓએ તાત્કાલિક ફાઇલો પર સહી કરી અને પોતાનો 'સ્વાર્થ' સાધ્યો હતો.

અજિત પવારના આકસ્મિક મૃત્યુના થોડા કલાકો પછી, તેમના લઘુમતી બાબતોના વિભાગમાં કામ કરતા અધિકારીઓએ એક પરાક્રમ કર્યું હતું. અધિકારીઓએ નિર્લજ થઈને, ઓગસ્ટ મહિનાથી પેન્ડિંગ રહેલી અથવા જેના પર નિર્ણય લેવામાં આવ્યો નહોતો તેવી ફાઇલો પર હસ્તાક્ષર કર્યા. આઘાતજનક રીતે આમાંથી પહેલું પ્રમાણપત્ર જે દિવસે અજિત પવારનો અકસ્માત થયો હતો

(જુઓ પાનું ૪) ▸▸

## મુખ્ય પ્રધાને ફાઈલોને સ્થગિત કરી તપાસનો આદેશ આપ્યો

અજિત પવારના મૃત્યુના કલાકોમાં જ ૭૫ શૈક્ષણિક સંસ્થાઓને લઘુમતી દરજ્જો આપવાનો મામલો પ્રકાશમાં આવ્યો. રસપ્રદ વાત એ છે કે, આ બધી ફાઇલો અજિત પવારના વિચારણા હેઠળ હતી. આ સંદર્ભમાં આદેશ આપનાર વરિષ્ઠ અધિકારી કોણ છે તે પ્રશ્ન ઊભો થયો છે. મુખ્ય પ્રધાન ફડણવીસે મામલાની ગંભીર નોંધ લીધી છે અને સહી કરેલી ફાઇલોને સ્થગિત કરી દીધી છે. ફડણવીસે ઉચ્ચ સ્તરીય અધિકારીઓને સમગ્ર મામલાની તપાસ કરવાની પણ સૂચના આપી છે. ■

# રોહિત શેટ્ટીના નિવાસસ્થાને ગોળીબાર કરનારો શૂટર હરિયાણામાં પકડાયો

▸ યુપી-હરિયાણા એસટીએફની મદદથી શૂટરના છ સાથીની પણ ધરપકડ

▸ ફિલ્મજગત અને ઉદ્યોગપતિઓમાં ધાક જમાવવાનો ઈરાદો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ફિલ્મમેકર રોહિત શેટ્ટીના જૂહુ ખાતેના નિવાસસ્થાન પર ગોળીબાર કરવાના ચકચારી કેસમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે યુપી અને હરિયાણા સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ)ની મદદથી શૂટરને આખરે હરિયાણામાં પકડી પાડ્યો હતો. શૂટરે આપેલી માહિતી પરથી તેના વધુ છ સાથીની પણ ધરપકડ કરવામાં આવતાં આ કેસમાં અત્યાર સુધીમાં

(જુઓ પાનું ૪) ▸▸

## ગુનેગારી જગતમાં નામ કમાવા આરોપી કાવતરામાં સામેલ થયા

મુંબઈઃ લૉરેન્સ બિશ્નોઈ ગૅન્ગને કથિત રીતે ઑપરેટ કરતા ફરાર આરોપી શુભમ લોણકર સંબંધી સોશ્યલ મીડિયા પોસ્ટથી પ્રભાવિત થઈને ગુનેગારી જગતમાં પોતાનું નામ બનાવવા આરોપીઓ શેટ્ટી ટાવર પર ગોળીબારના કાવતરામાં સામેલ થયા હતા. પકડાયેલા આરોપીઓએ યુપી એસટીએફની પ્રાથમિક

(જુઓ પાનું ૪) ▸▸

## ગોળીબાર પહેલાં દારૂની મહેફિલ માણી

મુંબઈઃ શેટ્ટી ટાવર પર ગોળીબાર પહેલાં ચાર આરોપીએ રસ્તા પર જ દારૂની મહેફિલ માણી હતી. તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે શૂટર દીપક શર્મા, સોનુ કુમાર, સની કુમાર તેમના એક સાથી સાથે ૩૧ જાન્યુઆરીની રાતે જૂહુ પહોંચ્યા હતા.

(જુઓ પાનું ૪) ▸▸

# વિદ્યાવિહારમાં અકસ્માતમાં ઘવાયેલા ધ્રુમિલ પટેલનું ૧૦ દિવસ બાદ મૃત્યુ

### સગીર અને તેના પિતા વિરુદ્ધ કાનૂની સકંજો વધુ કસાયો



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિદ્યાવિહારમાં ૧૭ વર્ષના સગીરે કાર હંકારીને સ્કૂટરને જોરદાર ટક્કર મારતાં ગંભીર રીતે ઘવાયેલા ઘાટકોપરના ૩૩ વર્ષના ધ્રુમિલ પ્રેમજી પટેલનું ૧૦ દિવસ બાદ સારવાર દરમિયાન મૃત્યુ થતાં હવે સગીર અને તેના પિતા સામે કાનૂની સકંજો વધુ કસાયો છે. તિલકનગર પોલીસે સગીરના પિતા વાલજી રાજા ભૂષણ વિરુદ્ધ એફઆઇઆર દાખલ કરી હતી અને ધ્રુમિલ પટેલના મૃત્યુ બાદ હવે તેમાં ભારતીય ન્યાય સંહિતા તેમ જ મોટર વેહિકલ એક્ટની સંબંધિત

(જુઓ પાનું ૪) ▸▸

# પાણીના દરમાં વધારો નહીંઃ મેયરનું આશ્વાસન, પણ ચાર્જ વધાર્યા વિના છૂટકો ન હોવાનું પાલિકાનું કહેવું

મુંબઈઃ મુંબઈના રહેવાસીઓ માટે એક મહત્વપૂર્ણ સમાચાર છે. મુંબઈ મહાનગરપાલિકાના મેયર તરીકે રિતુ તાવડેએ કાર્યભાર સંભાળ્યાના થોડા દિવસો પછી તેમણે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. એ જાહેરાત મુજબ મુંબઈવાસીઓને પૂરું પાડવામાં આવતા પાણીના ચાર્જમાં વધારો નહીં કરવામાં આવે. જોકે આ ઘોષણા પછી મહાનગરપાલિકાના પાણી વિભાગના વરિષ્ઠ એન્જિનિયરોએ સ્પષ્ટ કર્યું કે પાણીના ચાર્જમાં વધારો કર્યા વિના છૂટકો નથી. છેલ્લા બે વર્ષથી મુંબઈ મહાનગરપાલિકાના પાણીના

(જુઓ પાનું ૪) ▸▸




# સીએસએમટી સ્ટેશન પર યુવક રેલવે ટ્રેક પર સૂઈ ગયોઃ પ્રવાસીઓનો જીવ અદ્ધર



મુંબઈઃ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) સ્ટેશન પર સોમવારે યુવક રેલવે ટ્રેક પર સૂઇ જતાં પ્રવાસીઓના જીવ અધ્ધર થઇ ગયા હતા. એ સમયે પ્લેટફોર્મ પર ટ્રેનને આવતી જોઇ પ્રવાસીઓએ બૂમાબૂમ કરી મૂકતાં ટ્રેનને થોભાવવામાં આવી હતી. પોલીસે યુવકને તાબામાં લઇને તેની પૂછપરછ કરી હતી. સીએસએમટી સ્ટેશન પર સોમવારે યુવક રેલવે ટ્રેક પર ઊતર્યો હતો અને ટ્રેક પર સૂઇ ગયો હતો.

એ સમયે ટ્રેન પ્લેટફૉર્મ પર આવી રહી હતી. ટ્રેનને જોઇ પ્રવાસીઓએ બૂમાબૂમ કરીને તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. દરમિયાન પ્રવાસીઓએ આની જાણ તાત્કાલિક રેલવે પોલીસને કરી હતી, જેને પગલે પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પોલીસે રેલવે ટ્રેક પર સૂતેલા યુવકને તાબામાં લીધો હતો અને તેને પોલીસ સ્ટેશન લઇ જવામાં આવ્યો હતો, જ્યાં તેની પૂછપરછ કરવામાં આવી હતી. ■




## એનસીપી (એપી)ના વિધાનસભ્યો એનસીપી (એસપી)ના સંપર્કમાં?


મુંબઇ : અજિત પવારના અવસાનથી રાજ્યના રાજકારણમાં ભૂકંપ આવ્યો અને સાથે પવાર પરિવારમાં વિવાદ પણ જોવા મળ્યો. ડેપ્યુટી સીએમના અવસાનના થોડા કલાક પછી અજિત પવારનાં પત્ની સુનેત્રા પવારે નાયબ મુખ્ય પ્રધાન તરીકે શપથ લીધા. ઘણા લોકોએ આ શપથવિધિની ટીકા કરી. અજિત પવારના વિમાન દુર્ઘટનાની તપાસ ચાલી રહી છે, પણ કેટલાક લોકો શંકા વ્યક્ત કરી રહ્યા છે. વિધાન સભ્ય રોહિત પવારે પણ પ્રેસ કોન્ફરન્સ કરીને કેટલાક મુદ્દા ઉઠાવ્યા હતા.

હવે બંને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ - એનસીપીમાં ઉથલપાથલ જોવા મળી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર અજિત પવારના મૃત્યુ પછી અજિત પવાર એનસીપી જૂથના વિધાન સભ્યોમાં અસ્વસ્થ છે. એટલું જ નહીં કેટલાક સભ્યો સંસદ સભ્ય સુપ્રિયા સુળેને મળ્યા હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

અજિત પવાર જૂથના ૩૦ થી ૩૨ વિધાનસભ્યો શરદ પવાર જૂથના નેતાઓ સાથે સીધા સંપર્કમાં છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કેટલાક વિધાન સભ્યો સુપ્રિયા સુળેને પણ મળ્યા હતા. એનસીપી જૂથ પાસે સમર્થ નેતૃત્વનો અભાવ હોવાનો ભય

(જુઓ પાનું ૪) ▸▸




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**

(ROC-5945)